Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# જૈનધર્મ પ્રકાશ.

लक्ष्मीर्दानविवेकसंगममयी श्रद्धामयं मानसं ।
धर्मः शीलदयामयः सुचरितश्रेणीमयं जीवितं ॥
बुद्धिः शास्त्रमयी सुधारसमयं वाग्वैभवोज्जृंभितं ।
व्यापारश्च परार्थनिर्मितिमयः पुण्यैः परं प्राप्यते ॥

પુસ્તક ૩૫ મું ] મહા-ફાલ્ગુન સંવત ૧૯૭૬. વીર સંવત ૨૪૪૬. [ અંક ૧૧-૧૨

પ્રગટકર્ત્તા,

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

अनुक्रमणिका.

૧ આસાર વર્ણન (પદ્ય) ... ... ૩૩૩
૨ ગરીબના પેટપર પાટુ. (પદ્ય) ... ૩૩૪
૩ અમારે શું હવે કરવું ? ... ... ૩૩૫
૪ સુક્ત મુક્તાવળી. ... ... ... ૩૩૬
૫ મહાવીર વિદ્યાલયમાં આપેલ ભાષણનો સાર. ... ... ... ૩૪૧
૬ ધર્મ રહસ્ય-ભાષણનો સાર. ... ૩૪૪
૭ જૈન કેળવણીની સંગીનતા કેમ થાય? ૩૪૬
૮ હિતશિક્ષાના રાસનું રહસ્ય. ... ૩૫૧
૯ બારમી જૈન કોન્ફરન્સની સમાલોચના. ૩૫૪
૧૦ બારમી જૈન કોન્ફરન્સનો સવિસ્તર રિપોર્ટ-ભાષણો તથા ઠરાવો. ... ૩૬[illegible]
૧૧ [illegible] અને ચર્ચા. ... ... [illegible]

REGISTERED No. B. 156

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ રૂ. ૦-૪-૦.
ભેટના પોસ્ટેજ સહિત.

ભાવનગર ધી આનંદ પ્રી. પ્રેસમાં શા. ગુલાબચંદ લલ્લુભાઈએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अमारुं पुस्तक प्रसिद्धि खातुं.

## ( १ ) હાલમાં છપાય છે.

૧ કર્પૂરપ્રકર—મોટી ટીકાયુક્ત, સંસ્કૃત માગધી કથાવાળું. ( તૈયાર થાય છે. )
( સહાયક શા. હીરાચંદ લક્ષ્મીચંદ ઈડરવાળા. )
૨ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ મૂળ. વિભાગ ૩ જો. સ્થંભ ૧૩ થી ૧૮.
( ભાવનગર શ્રાવિકાસમુદાયના પ્રથમના નિષ્પન્નમાંથી. )
૩ શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા ભાષાંતર. ( સભા તરફથી )
૪ શ્રી મલ્લીનાથ ચરિત્ર ભાષાંતર. ( નગીનદાસ કરમચંદ. પાટણ. )
૫ શ્રી ઉપદેશ સપ્તતિકા ભાષાંતર. ( કથા સિવાય )
( બાઈ છબીબાઈ તથા સાંકળીબાઈ—અમદાવાદ )
૬ શ્રી બૃહત્ક્ષેત્રસમાસ. મોટી ટીકા સહિત.
૭ નવકાર માહાત્મ્ય ભાષાંતર તથા કૂર્માપુત્ર ચરિત્ર ભાષાંતર.
૮ તત્ત્વામૃત ગ્રંથનું ભાષાંતર. ( જૈનધર્મ પ્રકાશના ગ્રાહકોને ભેટ આપવા )

## ( ૨ ) તરતમાં છપાવા શરૂ થશે.

૯ તત્ત્વામૃત ગ્રંથ. મૂળ. ટીકા સહિત. ( શા. કુંવરજી આણંદજી
૧૦ કુલકો છાયા, અર્થ, વિવેચનયુક્ત. (બાઈ અમરત તથા જડીબાઈ—ભાવનગર)

## ( ૩ ) તૈયાર થયેલા છે ને થાય છે.

૧૧ શ્રી પરિશિષ્ટ પર્વ ભાષાંતર. ( તૈયાર છે. )
૧૨ શ્રી ઉપદેશપ્રાસાદ. મૂળ. વિભાગ ૪ થો. ( સ્થંભ ૧૯ થી ૨૪ ) તૈયાર છે
૧૩ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર. ( તૈયાર થનાર છે. )
૧૪ શ્રી ધન્ના ચરિત્ર ભાષાંતર. (તૈયાર થાય છે. )

( છેવટના ચાર ને નંબર દેના ગ્રંથ માટે સહાયકની અપેક્ષા છે. ઇચ્છા હોય તેણે લખવું. )

---

## નવા દાખલ થયેલા માનવંતા મેંબરોનાં નામ.

### લાઇફ મેંબર.

૧ શા. નગીનદાસ કરમચંદ. પાટણવાળા. મુંબઈ.
૨ ઝવેરી. ભોગીલાલ સુરજમલ. મુંબઇ.
૩ શેઠ. વાડીલાલ પુરૂષોત્તમદાસ. મુંબઇ.
૪ શ્રી જ્ઞાન રવિ ભંડાર. હ શા. દેવજી પાસવીર. કચ્છ.
૫ શેઠ. કેશવલાલ મોહનચંદ. મુંબઈ.
૬ મેતા. મોતીલાલ અમરશીભાઈ. મુંબઈ.

### બીજા વર્ગના મેંબર.

૭ શા. ચુનીલાલ મોહનભાઈ. મુંબઇ.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

वाञ्छा सज्जनसंगमे परगुणे प्रीतिर्गुरौ नम्रता ।
विद्यायां व्यसनं स्वयोषिति रतिर्लोकापवादाद् भयं ॥
भक्तिश्चार्हति शक्तिरात्मदमने संसर्गमुक्तिः खले ।
येष्वेते निवसंति निर्मलगुणास्तैरेव भूर्भूषिता ॥ १ ॥

પુસ્તક ૩૫ મું. ] માહ-ફાગણ. સંવત ૧૯૭૬. વીર સંવત–૨૪૪૬. [ અંક ૧૧-૧૨ મો.

## अस्माकं वर्णन.

( લે૦—ભી. છ. શાહ. )

( અનુસંધાન પૃષ્ટ ૩૦૦ થી. )

હમારા લાભને માટે, અમોને શાસ્ત્રીઓ જડતા,
બતાવે શાસ્ત્રના અર્થો, હવે એવા નહિ નડતા;
કરીને લગ્ન વર્ણાંતર, કરો ઐચ્છિક કે પુનર,
નહિ ત્યાં શાસ્ત્રનું નડતર, પુરાણું ઘો મુકી પડતર. ૨૮
અમારા પણ્ડિતો આજે, કરે વકીલાત એ કાજે,
થવાના લગ્ન વર્ણાંતર, નહિ ત્યાં શાસ્ત્રનું નડતર;
ઘણું આશ્ચર્ય આજે આ, સ્મર્યું શુભ શાસ્ત્ર ને સ્વામી,
અમારૂં શાસ્ત્ર આધ્યાત્મિક, બદલવું ધાર્યું એ શું ઠીક. ૨૯
જીવનની એવી કંઇ વાતો, લીધી નહિ શાસ્ત્રની સાક્ષી,
અચાનક આજ સહુ બન્યું, બન્યા બસ ઉચ્ચ અભિલાષી;
રૂડા પશ્ચિમનો વાયુ, પ્રબળતાથી પ્રવેશ્યો શું,
થતું રજમાંથી ગજ કેવું, જુઓ દ્રષ્ટાંત આ તેવું. ૩૦

* * * *

અમારે ધર્મ તે જોઇએ, હશે જ્યાં છુટછાટો ત્યાં,
અમારે મોજમાં ભળવું, તથા તે ચિત્તમાં મળવું;

For Private And Personal Use Only

બતાવો એવું ઉપકારી, થશું મેંબર અને નંબર,
વધારી સ્હેજમાં દેશું, વધારી તેલ વિષ પીશું. ૩૧
અમારા ધીકતા ધંધા, બધાએ છે દલાલીના,
અમારા હુન્નરી ડેરા, હવાલો છે મવાલીના;
અમારા શોધકોને ના, જરીએ સ્હાય ધનિકોની,
લલાટે બુદ્ધિમાનોના, રહી હાંસી ધનિકોની. ૩૨
ચિતારો માનું ના એવો, અમારૂં ચિત્ર ચિતરશે,
અમારૂં બાહ્ય બહુ સુંદર, અમારૂં જીર્ણ બહુ અંતર;
અરેરે આભલું ફાટ્યું, કરાએ કેટલા સાંધા,
નીતિ ધન ન્યાય ધર્મોને, શરીર આરોગ્ય બળ વાંધા. ૩૩
અમારી નિર્વૃત્તિ દેવી, ગઇ નરલોકથી ન્હાસી,
અમારી શાન્તિ ને કાન્તિ, ગઇ અલકાની વિશ્રાન્તિ;
અમારે ત્યાં રહી ભ્રાન્તિ, યથા મૃગ ઝાંઝવે દોડે,
અમારૂં ચિત્ત જડવાદી, હુન્નરો શોખમાં દોડે. ૩૪
અમારા દેશની શકિત, અમારા દેશની ભક્તિ,
અમારા દેશનું નાણું, અમારા દેશનું ટાણું;
બધુંએ હાય પલટાણું, બધુંએ હાય ઉલટાણું,
તથાપિ હોય જો ઇચ્છા, ગણો જાગ્યા પછી વ્હાણું. ૩૫
હવે હું અન્તમાં બન્ધુ, કહું પશ્ચિમ શું કરશે,
તમે પશ્ચિમને ચાહો, નહિ કાં પ્રેમદા વરશે;
ભલે એ પ્રેમદા હો કે, પલિતા ટાપટીપવાળી,
તથાપિ માન ના દેશો, કરે શું નારી નખરાળી. ૩૬
ભલે હો પૂર્વ કે પશ્ચિમ, ઉદયના માર્ગમાં જવું,
ગયા જો અસ્ત પંથે તો, પડે છે આજ પસ્તાવું;
ગયું તે છો ગયું બંધુ, હવેથી મેળ રાખોને,
ઉદયના માર્ગમાં ચાલી, ઉદયનો સ્વાદ ચાખોને. ૩૭

## गरीबोंना पेटपर पाटु !

( ગઝલ. )

ગરીબોના પેટ પર પાટુ, અરેરે ! કાં તમે મારો !
[illegible] આમ [illegible] તો આંસુ [illegible] !

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગરીબનો માલ શું પચશે ? રગેરગ ફુટી નીકળશે !
દુઃખે મૃત્યુ પછી થાશે, જરા તો આંખ ઉઘાડો !
ગરીબની હાય છે ભૂરી, ન મળશે મહીએ પૂરી !
પછી પસ્તાઇ શું કરશો, જરા તો આંખ ઉઘાડો !
તમ્હે કરશો તમ્હે ભરશો, અપંગ ને મુક[1] પણ થાશો !
વિના પાણી ભુખે મરશો, જરા તો આંખ ઉઘાડો !
તમે તો સ્વાર્થ સાધો છો, પ્રભુ એલી ગરીબોનો;
પ્રભુનો ડર દિલે રાખો, જરા તો આંખ ઉઘાડો !
ગરીબો શું અરે કહેશે, જીગરની હાય તે દેશે;
પ્રભુ[2] બદલો તેનો લેશે, અરેરે ! આંખ ઉઘાડો !

નં. વ. દફતરી.

# ' અમારે શું હવે કરવું ? '

( કવાલી )

દિવાની જોઇને દુનિયા, વિચારો થાય છે મનમાં;
સહુની સમ્મતિ જૂદી, અમારે શું હવે કરવું ? ૧
બતાવે એક બીજાના, મનાતા ધર્મ જે ખોટા;
મુક્તિનો માર્ગ મેળવવા, અમારે શું હવે કરવું ? ૨
જિનેશ્વર દેવની શિક્ષા, જગતમાં સત્ય ભાસે છે;
પરંતુ જાણવા માટે, અમારે શું હવે કરવું ? ૩
જણાયે કાળ પંચમમાં, પ્રભુના માર્ગમાં ફાંટા;
સહુની માન્યતા ન્યારી, અમારે શું હવે કરવું ? ૪
પ્રભુના એક શાસનમાં, ઘણા પંથો જણાયે છે;
વદે સહુ ભાવતું મનને, અમારે શું હવે કરવું ? ૫
બતાવી સૂત્ર જિનવરનાં, મરોડી અર્થ અક્ષરનાં;
પોતાની માન્યતા થાપે, અમારે શું હવે કરવું ? ૬
શ્વેતાંબર જૈન દિગંબર, બીજા પણ જૈન છે જગમાં;

૧ મુંગા. ૨ દૈવ ( કર્મ )

For Private And Personal Use Only

ખરા જૈનોને ઓળખવા, અમારે શું હવે કરવું ? ૭
પ્રરૂપ્યો માર્ગ જિનદેવે, યતિને શ્રાદ્ધ બે ભેદે;
ઓળખવા શ્રાવકો મુનિયો, અમારે શું હવે કરવું ? ૮
બતાવે ધર્મ જિનવરનો, પ્રવૃત્તિ માર્ગમાં વિચરી;
મુનિના માનને માગે, અમારે શું હવે કરવું ? ૯
સર્વને દેશથી વિરતિ, મુનિને શ્રાદ્ધનું જીવન;
પ્રવૃત્તિમાં અત્યારે છે, અમારે શું હવે કરવું ? ૧૦
ધર્મની ઉન્નતિ માટે, બતાવે માર્ગ સહુ જૂદા;
ખરી ઉન્નત દશા જોવા, અમારે શું હવે કરવું ? ૧૧
પરસ્પર દ્વેષ ને ઈર્ષ્યા, નિરંતર જાય છે વધતી;
ચઢ્યા સહુ માનના ઘોડે, અમારે શું હવે કરવું ? ૧૨
ધર્તીગો ધર્મના બ્હાને, વધ્યાં છે જૈન શાસનમાં;
ખરી ઉન્નત દશા માટે, અમારે શું હવે કરવું ? ૧૩
ધર્મના ધન થકી જૈનો, નિરંતર થાય છે ખાલી;
સંખ્યા પણ જાય છે ઘટતી, અમારે શું હવે કરવું ? ૧૪
અમે તો ઉન્નતિ કરીએ, કહીને ધન કઢાવે છે;
પ્રથા આ જાય છે વધતી, અમારે શું હવે કરવું ? ૧૫
મુનિ ને શ્રાદ્ધ જે સાચા, વિચારો શુદ્ધ દર્શાવે;
તેમનું કોઈ ના માને, અમારે શું હવે કરવું ? ૧૬
પ્રભુશ્રી કાળ પંચમના, ગયા છે ભાવ જે ભાખી;
રહ્યા છે તે સહુ વરતી, અમારે શું હવે કરવું ? ૧૭
પ્રભુ શાસન તણા દેવો, જરા જાગી બતાવોને;
રાખવા વીરનું શાસન, અમારે શું હવે કરવું ? ૧૮

મુનિ કસ્તુરવિજય.

## સૂક્તમુક્તાવલી.

( અનુસંધાન પૃષ્ઠ ૩૦૨ થી ).

અર્થ વર્ગ.

### ૪૮ નિર્મળ યશ-કીર્તિ પ્રાપ્ત કરવા હિતોપદેશ.

માલિનીવૃત્ત.

દિશિ દિશિ પસરંતી, ચંદ્રમા જ્યોતિ જેસી,
શ્રવણ સુણત લાગે, જાણું મીઠી સુધાસી;

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિશિદિન જન ગાયે, રામ રાજિંદ જેવી,
કણુ કલિ બહુ પુણ્યે, પામિયે કીર્તિ એવી. ૩૦

ભાવાર્થ—પૂર્ણિમાના ચંદ્રની શીતળ ચાંદની જેવી નિર્મળ યશ-કીર્તિ દશ દિશામાં પ્રસરેલી શ્રવણે સાંભળતાં અમૃત જેવી મીઠી લાગે છે. જેવી રાજા રામચંદ્રની યશકીર્તિને લોકો રાતદિવસ ગાયા કરે છે તેવી નિર્મળ યશકીર્તિ આ કલિકાળમાં બહુ પુન્યયોગે કોઇક વિરલાજ પ્રાપ્ત કરી શકે છે. રાજા રામચંદ્રની પેરે કલંક રહિત ન્યાય, નીતિ અને પ્રમાણિકપણું આદરી સ્વકર્તવ્યનિષ્ઠ રહેનારા રાજાઓ, પ્રધાનો, શેઠ સાહુકારો, સંત સાધુજનો તેમજ અન્ય અધિકારી લોકો ખરેખર નિર્મળ યશ-કીર્તિને સંપાદન કરી શકે છે; એટલુંજ નહિ પણ સ્વાર્થત્યાગી પરમાર્થદ્રષ્ટિ જનો આગળ ઉપર પણ સ્વર્ગ અને મોક્ષનાં સુખ મેળવી શકે છે. એવા અનેક દ્રષ્ટાન્તો શાસ્ત્રોમાં મોજુદ છે.

કેવળ યશકીર્તિને માટેજ લોકરંજન કરવાની બુદ્ધિવડે ભલાં ધર્મનાં કામ કરવામાં મજા નથી. એવી બાહ્યદ્રષ્ટિવડે કરાતી ધર્મકરણીનું ફળ અલ્પ માત્ર છે. ખરી પરમાર્થ દ્રષ્ટિયોગે જે કરણી કરાય છે તેનું ફળ ઘણું મહત્વવાળું હોય છે. ખેડુ લોકો ધાન્ય પેદા કરવા માટે કાળજીથી અવસરે ખેડ કરી ખાતર નાંખી ક્યારીઓ સરખી કરી તેમાં સારૂં બીજ વાવે છે, તો તેથી પુષ્કળ ધાન્યની પેદાશ થવા ઉપરાંત પલાલ (ઘાસ) પણ તેની સાથેજ પાકે છે. પરંતુ કંઇ પલાલની ખાતરજ ખેડ કરવાની જરૂર હોતી નથી; તેમ જે મહાશયો સ્વપરનું કલ્યાણ કરવાના પવિત્ર આશયથી ઉત્તમ કરણી સ્વકર્તવ્ય સમજીને કરે છે તેથી સ્વપર આત્માનું કલ્યાણ થવા ઉપરાંત નિર્મળ યશકીર્તિ પણ સહેજે-અનાયાસે પ્રાપ્ત થઇ શકે છે. તે માટે જુદો પ્રયાસ કરવાની કશી જરૂર રહેતીજ નથી. કહ્યું છે કે 'જન મન રંજન ધર્મનું, મૂલ્ય ન એક બદામ'-જે કેવળ બાહ્યદ્રષ્ટિથી લોકદેખાવો કરવા માટેજ શુભ કરણી કરે છે તેમાં કશું મહત્વ નથી. ખરૂં મહત્વ પરમાર્થદ્રષ્ટિમાંજ છે.

## ૪૯ પ્રધાન ( મુખ્ય રાજ્યાધિકારી ) વર્ણન.

સકળ વ્યસન વારે, સ્વામીશું ભક્તિ ધારે,
સ્વપરહિત વધારે, રાજ્યનાં કાજ સારે;
અનય નય[1] વિચારે, ક્ષુદ્રતા દૂર વારે,
ચણિસુત[2] જિમ ધારે, રાજ્યલક્ષ્મી વધારે. ૩૧

ભાવાર્થ અને પરમાર્થ—અભયકુમાર જેવો ઉત્તમ અધિકારી ( પ્રધાન )

૧ અન્યાય ને ન્યાય. ૨ ચાણાક્ય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય તે પોતે બધા વ્યસનોથી વેગળો રહે, જેથી રાજાપ્રજા ઉપર સારી છાપ પડે અને તેમને પણ વ્યસનથી દૂર રહેવા બુદ્ધિ થવા પામે, અને અનુક્રમે આખા રાજ્યમાંથી કુવ્યસન માત્ર દૂર થવા પામે. આથી સમજી શકાય છે કે અધિકારી-પ્રધાન પુરૂષે ખાસ પોતાનું વર્તન ઉંચા પ્રકારનું રાખવુંજ જોઇએ. વળી તે પોતાના સ્વામી ( રાજા-મહારાજાદિક ) ઉપર આદર-બહુમાન રાખે, જેથી બીજી બધી પ્રજા પણ તેમના તરફ તેવા આદર-બહુમાનનીજ નજરથી જોવે. વળી ઉત્તમ પ્રધાન સ્વપરહિતમાં વધારો થાય એવું લક્ષ રાખ્યા કરે તેમજ રાજ્યના કામમાં પણ ખલેલ આવવા દે નહિ-રાજ્યકામ પણ બરાબર વ્યવસ્થાસર કર્યા કરે. ન્યાય-અન્યાયનો બરાબર નિજબુદ્ધિથી તોલ કરી અદલ ઇન્સાફ કરે-ઉતાવળા થઇ કોઇને ગેરઇન્સાફ થાય તેમ ન કરે. વળી ઇન્સાફ આપતાં દયાનું તત્ત્વ જરૂર પૂરતું આમેજ કરે ( ઉમેરે, ) ક્ષુદ્રતા-નિર્દયતા-કઠોરતા-તુચ્છતા વાપરે નહિ, પણ ગંભીરતા અને સહૃદયતાનો સાથે સાથે ઉપયોગ કરી રાજ્યલક્ષ્મીનો વધારો કરે. તથા પ્રજાની આબાદી સલામતી અને વૃદ્ધિ પામે તેવી પણ પૂરતી કાળજી અભયકુમાર મંત્રીની પેરે રાખે. તે રાજા અને પ્રજા ઉભયનું હિત વખતોવખત સાચવી છેવટે પોતાનું આત્મહિત કરી લેવા ભાગ્યશાળી બન્યો તેમ અન્ય અધિકારી જનોએ પણ ચીવટ રાખી સ્વપર હિત કાર્યમાં સાવધાનતા રાખવી. બુદ્ધિબળવડેજ મંત્રીપણું શોભે છે અને તત્ત્વાતત્ત્વનો વિચાર કરવો તથા સારતત્ત્વ આદરી સ્વમાનવજીવની સાફળતા કરવી એજ સદ્બુદ્ધિ પામ્યાનું શુભ ફળ છે.

## ૫૦ કળાવર્ણનાધિકાર.

ચતુર કરી કળાને, સંગ્રહો સૌખ્યકારી,
જેણ ગુણ જિણ લાધી, દ્રોણ સંપત્તિ સારી;
ત્રિપુર વિજય કર્ત્તા[1], જે કળાને પ્રસંગે,
હિમકર[2] ગનરંગે, લૈ ધર્યો ઉત્તમાંગે[3]. ૩૨

ભાવાર્થ—અહો ચતુરજનો ! સુખકારી એવી કળાઓનો સંગ્રહ કરો—( અભ્યાસ-પરિચય સારી રીતે રાખો ) કેમકે એ કળાસંગ્રહના પ્રભાવથી દ્રોણાચાર્યે સારી સંપત્તિ પ્રાપ્ત કરી હતી. વળી ત્રિપુરવિજય-કર્તા જે મહાદેવ તેણે તે કળાના પ્રભાવથીજ હિમકર એટલે ચંદ્ર તેને પોતાના ઉત્તમાંગ-મસ્તક ઉપર આનંદથી ધારણ કરી રાખ્યો હતો. તેથીજ તે ચંદ્રશેખર અને ત્રિલોચન એવા પ્રસિદ્ધ નામને પ્રાપ્ત થયો. ( આ વાત લૌકિક મતાનુસારે લૌકિકશાસ્ત્રમાં પ્રસિદ્ધ થયેલી જાણવી. )

૧ શિવ. ૨ ચંદ્ર. ૩ મસ્તકે.

For Private And Personal Use Only

પરમાર્થ—સકળ કળામાં નિપુણતા કોઇકજ મેળવી શકે છે. પૂર્વે સ્રીપુરૂષો તેનો અભ્યાસ વિશેષે કરતા. પુરૂષની ૭૨ કળા અને સ્રીની ૬૪ કળાઓ શાસ્રપ્રસિદ્ધ છે. ચંદ્રની ૧૬ કળા કહેવાય છે. પૂર્ણ કળાવાળા સ્રીપુરૂષોને સંપૂર્ણ ૧૬ કળાવાળા ચંદ્રની ઉપમા આપવી એ હીન ઉપમા કહેવાય છે. મતલબ કે ચંદ્ર કરતાં તેમનામાં અધિકતા ઠરે છે. કળા માત્ર ઉપયોગી છે તે બધી નહિંતો બને તેટલી સ્રીપુરૂષ ઉભયને ઉપયોગી કળાનો અભ્યાસ–પરિચય અવશ્ય કર્તવ્ય છે. ગમે-તેવો વ્યવસાય કળાથી ખીલી શકે છે, કળાથી બને તેવું બળથી બનતું નથી. એક શિક્ષણકળાથી લાખો બાળકો કેળવાઈ હીરા જેવા કિંમતી બની શકે છે. યુદ્ધકળા, રંધનકળા, નૃત્યકળા, સંગીતકળા, ધર્મકળા, અર્થકળા અને કામકળાદિક અનેક કળાઓ છે પરંતુ તે સર્વમાં શિરોમણિ કળા એક ફક્ત ધર્મકળાજ છે. એક સત્યધર્મકળા બીજી બધી કળાને જીતી લે છે. એક ધર્મકળાવડેજ બીજી બધી કળા કામની છે, તે વગર બીજી બધી કળા નકામી જેવી કહી છે કેમકે ધર્મકળાથી જ મોક્ષ છે.

## ૫૨ મુર્ખતા વર્ણનાધિકાર.

વચનરસ ન ભેદે, મૂર્ખ વાર્ત્તા ન વેદે[1],
તિમ કુવચન ખેદે, તેહને શીખ જે દે;
નૃપશિર રજ નાખી, જેણ મૂર્ખે વહીને,
હિત કહત હણી જ્યું, વાનરે સુગ્રહીને.

ભાવાર્થ—શાસ્રવચન કે જ્ઞાનીનાં વચનો અમૃત જેવાં મીઠાં છતાં મૂર્ખ અજ્ઞાન જીવને ભેદતાં–અસર કરતાં નથી–તેના હૃદયને પીગળાવી શકતાં નથી; કેમકે મૂર્ખ–અજ્ઞાન જીવ તેનું રહસ્ય સમજતો નથી. તેમ તેનો ગુપ્તભેદ મેળવવા તે પ્રયત્ન પણ કરતો નથી. વળી તેવા અજ્ઞાન જીવને જો કોઇ શિખામણ દેવા જાય તો તેના ઉપર તે ખીજવાય છે અને તેને ગાળો ભાંડે છે. મૂર્ખ માણસ વચનના પર-માર્થને સમજતો નથી, તેથી તે ઓડનું ચોક વેતરી નાંખે છે. કહ્યું હોય છે કાંઈ અને સમજે છે કાંઇ તેથી કાંઇને કાંઇ કરી નાખે છે. વખતે વિવાહની વરસી પણ કરી નાંખે છે. એવા એક અજ્ઞાન વણિકપુત્રને તેની અજ્ઞાનતાથી ( અણસમજથી ) બહુ બહુ કષ્ટ પડ્યું છે. તેને ઘણું ઘણું વખતોવખત સહન કરવું પડ્યું છે. તેને ઘણાએક કડવા અનુભવ થયા છે તોપણ તે કંઇ સમજ્યો નહિ. પ્રસંગોપાત એક રાજાની રાણીએ તેને દયાથી પોતાની પાસે નોકર રાખ્યો. એક વખત રાજ-

[1] જાણે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચંડેલમાં આગ લાગી હતી તે હકીકત રાજાને જલ્દી કહેવાની હતી તે તેણે ધીરે રહીને રાજાના કાનમાં કહી. રાજાએ તેને શિખામણ સાથે ઠપકો આપ્યો અને કહ્યું કે એવે વખતે ધુમાડો દેખતાંજ તેનાપર ધૂળ વિગેરે નાંખવું. એકદા રાણી સ્નાન કરીને માથાની વેણીને ધૂપતી હતી, તેનો ધુમાડો જોઇ તે મૂર્ખે ધૂળની પોટ ભરી રાણીના મસ્તક ઉપર નાખી. આવી મૂર્ખાઈ જોઇને રાજાએ તેને કાઢી મૂક્યો. આવું અજ્ઞાનપણું દૂર કરવા દરેકે પ્રયત્ન કરવો, કેમકે તેથી સ્વપરને બહુ હાનિ થાય છે. એકદા એક સુઘરીએ ટાઢથી કંપતા એક વાનરને જોઇ તેની ટાઢનું નિવારણ કરવા માટે એક ઘર બાંધી તેમાં રહેવા તેને શિખામણ દીધી, તેથી રીસ કરી કુદકો મારી તેણે તે બાપડી સુઘરીનો માળો ચુંથી નાંખ્યો. 'મૂર્ખને શિખામણ દેવા જતાં ઉલટું પોતાનું પણ જાય છે.' એમ સમજી સમયોચિત વર્તવું.

## પર લજ્જાવર્ણન અધિકાર.

નિજ વચન નિવાહે, લાજ ગયું રાજ વાળે,
વ્રત નાથ કુળ રીતે, માતજ્યું લાજ પાળે;
સકળ ગુણ સુહાવે, લાજથી ભાવદેવે,
વ્રત નિયમ લહ્યા જે, રાખ્ઇ લજ્જા પ્રભાવે. ૩૪

ભાવાર્થ—લજ્જાવંત ( લાજ–શરમવાળો–મર્યાદાશીલ ) હોય તે પોતાનું પ્રતિજ્ઞા–વચન સંભારી રાખીને સાચવે છે. જાતિવંત ઘોડાની જેમ સુમાર્ગે ચાલે છે–ઉન્માર્ગે ચાલતો નથી, તેથી પ્રથમ ગયેલું–ખોવાયેલું રાજ્ય પણ પાછું વાળી શકે છે. વળી માતાની જેમ કુળાચારાદિ મુજબ લાજ સાચવે છે તેમ લજ્જાળુ માણસ યથાયોગ્ય વ્રતનિયમ લહીને સાચવે છે, તે વ્રતનિયમને ખંડિત કરતો નથી; પણ બરાબર લક્ષ રાખીને તેને સાચવે છે–નભાવે છે. જેમ પોતાના ભાઇ ભવદેવની લાજ–શરમ કે દાક્ષિણ્યતાથી ભાવદેવે પણ ગુરૂસમીપે દીક્ષા ગ્રહણ કરી, ( પ્રથમ દ્રવ્યથી અને પછી ભાવથી ) સાધુયોગ્ય વ્રતનિયમ પાળ્યા હતા–શોભાવ્યા હતા તેમ ઉત્તમ લજ્જા–મર્યાદા અને દાક્ષિણ્યતાવાળા સજ્જનો નિજ કર્તવ્યપરાયણ રહી અંતે સકળ ગુણથી અલંકૃત બને છે.

પરમાર્થ—સર્વજ્ઞ વીતરાગોક્ત સત્યધર્મની પ્રાપ્તિ માટે જે ઉત્તમ એકવીશ ગુણનો અભ્યાસ ( આસેવન ) કરવાની જરૂર જણાવી છે તેમાં રૂડી લજ્જાગુણનો પણ સમાવેશ થાય છે. આ ગુણ બીજા અનેક ગુણને ખેંચી લાવે છે તેથીજ સર્વજ્ઞ ભગવાને તેની આવશ્યકતા અને ઉપયોગિતા માટે ભાર મૂકેલો છે. તેમ છતાં ધૃષ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાપ્તિથી ઉનશીબ રહી જવા પામે છે. કદાચ્ય જડવાદીઓને આ ગુણ નજીવો લાગતો હશે, પરંતુ તે તેવો નજીવો નથીજ. તે અનેક ગુણોને પ્રગટ કે પરોક્ષ રીતે મેળવી આપે છે, તેથીજ તેની આવશ્યકતા અને ઉપયોગિતાને લઇને તેનું મહત્વ વધે છે. આજકાલ પશ્ચિમનો પવન લાગવાથી કઇક મુગ્ધ ભાઈબહેનો નવી રોશનીમાં અંજાઇ જઇ, લાજ શરમ કે મર્યાદા મૂકી દઈ ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, ગમ્યાગમ્ય કે હિતાહિતનો વિવેક ભૂલી જઈ ધર્મભ્રષ્ટ થઇ જાય છે. તેમનો અવિવેક જોઇ લેખકને દયા-ઘૃણા આવે છે, તે તેઓ વિચારી લેશે.

( શાલિની. )

એવા જે જે, રૂયડા ભાવ રાજે,
એણે વિશ્વે, અર્થથી તેહ છાજે;
એવું જાણી, સાર એ સૌખ્ય કેરો,
તે ધીરો જે, અર્થ અર્જે ભલેરો. ૩૫

ઇતિ અર્થ વર્ગ સમાપ્ત.

## રા. રા. કુંવરજી આણંદજીએ મુંબઇ મહાવીર જૈન વિદ્યાલયમાં આપેલ ભાષણનો સાર.

તા. ૫-૧૦-૧૯

પ્રિય બંધુઓ !

તમે મહાવીર વિદ્યાલયમાં દાખલ થયા છો અને તેનો લાભ લો છો તો ભાગ્ય હેયમાં જાઓ ત્યારે અથવા અભ્યાસ છોડ્યા પછી આ સંસ્થાનો ઉપકાર ભૂલશો નહિ. મનુષ્યત્વ કેળવણી લેવામાં અને કર્ત્તવ્ય સમજવામાં છે અને ખાસ કરીને ચારિત્ર ઉત્તમ કરવામાં છે.

શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણે માટે જુદી જુદી વસ્તુઓની જરૂર છે. બોધ માટે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયની જરૂર છે, શ્રદ્ધા માટે દર્શનમોહનીયના નાશની જરૂર છે અને ચારિત્ર માટે ચારિત્ર મોહનીયના નાશની જરૂર છે.

બોધ એ જુદી મહેનતનું પરિણામ છે અને આસ્થા બેસવી એ સદ્ગુરુનો પરિચય, માબાપની પ્રેરણા અને એવા બીજા સારા સંયોગો ઉપર આધાર રાખે છે. બોધના બે પ્રકાર છેઃ—સંવેદન જ્ઞાન અને સ્પર્શ જ્ઞાન.

સંવેદન જ્ઞાન—ઉપર ઉપરથી જાણવું, ડાહી ડાહી વાતો કરવી, કુપથ્ય બીજું તથાપિ કરે એ સંવેદન જ્ઞાન.

સ્પર્શન જ્ઞાન—પ્રતીત પૂર્વક અને વર્તન સાથે જે જ્ઞાન થાય તે સ્પર્શન જ્ઞાન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જો કે ઉન્માર્ગે ચાલવાની બાબત ચારિત્રને લગતી છે તો પણ સ્પર્શન જ્ઞાનમાં એવી પ્રબળ સત્તા છે કે ઘડ આસ્થાને પરિણામે એ યોગ્ય માર્ગે આવી જાય છે.

તમને પંડિત મજલાલજી જેવા પાસે બોધ મળે છે, એટલે બોધના સંબંધમાં સવાલ રહેતો નથી. કારણ કે તેઓ સ્થિતપ્રજ્ઞ અને પરિણત મતિવાળા છે.

તમારામાં એ બોધ પરિણમવો જોઇએ અને તમારૂં વર્તન એ બોધ પ્રમાણે હોવું જોઇએ.

સદાચરણને અંગે તમારૂં જીવન સફળ કરવા એવી ગાંઠ વાળજો કે દુનિયામાં દુરાચરણ કહેવાય તે તો તમારી પાસે નજ હોવું જોઇએ.

એક વાત ખાસ કહેવાની એ છે કે તમે અભ્યાસમાં વધ્યા છો છતાં તમારે હિતનજરે પોતાને બાળક માનવા. બાલ્યાવસ્થામાં માબાપ પાસે હેતુ બહુ પૂછવા નહિ, પણ તમારામાં હિત લેનારાઓ તમને યોગ્ય શિક્ષા આપે ત્યારે તમારે તેના પર ધ્યાન આપવું.

આ સંબંધમાં મારા અનુભવની એક વાત કહું છું કે—આજથી ૪૫ વર્ષ અગાઉ મેં લીંબડીમાં ચીમની પ્રથમ જોઇ, તે ચીમની દુધીયા ( ધોળી ) હતી. ચીમની બહુ તપી જાય છે એની મને ખબર નહોતી, મેં હાથવડે તેને સ્પર્શ કર્યો, દાઝયો એટલે અનુભવે મને તે સંબંધી જ્ઞાન આપ્યું; પરંતુ જો મેં પ્રથમથી કોઈ વૃદ્ધને પૂછયું હોત ને તેણે તાપી જવાનું કહ્યું હોત તો મારૂં કામ એજ હતું કે મારે તેના કહેવા પર વિશ્વાસ રાખવો. દાઝીને ખાત્રી કરવાનો પ્રયાસ ન કરવો.

જગતમાં અનેક પદાર્થો અફીણુ, સોમલ, વછનાગ વિગેરે વિષ તરીકે ઓળખાય છે તે જાણીને અથવા ભૂલથી ખાવામાં આવે તો પણ પ્રાણ લેજ છે. તેને માટે વૃદ્ધોનાં વચન ઉપરજ વિશ્વાસ રાખવો જોઇએ. તેનો જાતે અનુભવ કરીને પછી વિશ્વાસ કરી શકાતો નથી. એજ પ્રમાણે પૂર્વપુરૂષો જે જે કૃત્યો પાપના છે એમ કહી ગયા હોય અને જેના સેવનથી અનેક જીવો પારાવાર દુઃખ પામ્યા છે એમ શાસ્ત્રમાં કહ્યું હોય તે હકીકત વચનમાત્રથીજ પ્રમાણ કરવી જોઇએ પણ પાપ કરી તેનાં માઠાં ફળ ભોગવીને પછી માન્ય કરવાની મૂર્ખાઇ કરવી કે બતાવવી ન જોઇએ.

વડીલોની આજ્ઞાને પ્રથમ તો શિરસાવંદ્ય માનવી. બુદ્ધિનો વ્યાપાર કેટલીક વખત મૂળ વસ્તુને ખોટી માનીને કરવામાં આવે છે અને બીજી રીતે વધારે સમજવાની બુદ્ધિથી કરવામાં આવે છે. ખુલાસાઓ પૂછતાં તમારે મિથ્યાત્વીપણાના કે નાસ્તિકપણાના આરોપનો ભય રાખવો નહિ, પણ હકીકત બરાબર હોવી જોઇએ એવી વિચારણા રાખી જિજ્ઞાસુવૃત્તિથી ખુલાસાઓ જરૂર પૂછવા. કદાચ ખુલાસા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપનારની શક્તિની મંદતાથી તમને વાત ન બેસે તો તેમાં ખુલાસો કરનારના જ્ઞાનની અલ્પતા સમજશો, પૂર્વપુરૂષો એકાંત સત્યવાદી હતા, પરોપકારી હતા અને વિચક્ષણ હતા. પૂર્વપુરૂષોના વચનો ઉપર પૂર્ણ લક્ષ્ય આપવું અને સમજવા પૂર્ણ પ્રયત્ન કરવો.

આસ્થાથી વાત માનવી, બુદ્ધિના વ્યાપારથી માનવી અને છેવટે શુદ્ધ પરિચયથી સમજવા યત્ન કરવો; પણ ન સમજાય તો વાતની વિરૂદ્ધ ન થવું. ન સમજાય તો પોતાની બુદ્ધિની મંદતા છે તેમ વિચારવું.

વિદ્યાલયના વિદ્યાર્થીઓ પૈકી કોઇ ખરાબ થાય તો સંસ્થાને ખરાબ લાગે માટે દરેકે વિદ્યાલયને શોભે તેવું વર્તન રાખવું. કાંઇ નહિ તો આશ્રય આપનાર સંસ્થાની ખાતર પણ નિરંતર સદ્ગુણી રહેવાનો નિર્ણય કરજો. તમારા વિચાર શ્રદ્ધા, પ્રમાણિકતા જોઇ સંસ્થાના નામ સાથે તમારા વખાણ કરે તેથી તમને અને તેમને ઘણો લાભ છે એમ લક્ષ્યમાં રાખજો,

એક શંકા જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી થાય છે અને બીજી શંકા મિથ્યાત્વના ઉદયથી થાય છે. પોતાને સમજાયેલ હોય તેમ નિર્ણયાત્મક રીતે કોઇ વાત કહેવી તે શંકાનુ પરિણામ નથી પણ મિથ્યાત્વનું છે અને એવી રીતે પૂર્વાચાર્યોનું અપમાન કરવાની પદ્ધતિ તજવા યોગ્ય છે.

જૈન શાસ્ત્ર ઉદ્યમવાદી છે. પાંચ કારણો છે પણ તેમાં ઉદ્યમ પર વધારે ભાર આપેલું છે અને મોક્ષમાં ઉદ્યમવાદીઓજ ગયા છે.

મુખેથી કોઇ પણ હકીકત કાઢવા પહેલાં વિચાર કરવો. ડાહ્યાને ગાંડાની પરીક્ષા એટલા ઉપરજ છે. ગાંડો જ્યારે જેમ મનમાં આવે તેમ વગર વિચાર્યે બોલી જાય છે ત્યારે ડાહ્યો માણસ કોઇ પણ હકીકત સાંભળ્યા પછી તેનો વિચાર કરીને કહેવા યોગ્ય લાગે તોજ મોઢામાંથી બહાર શબ્દ કાઢે છે.

તમારા હિત માટે પ્રયાસ કરવો એમાં હું મારો ધર્મ સમજું છું. ઉત્તમ પુરૂષો ઉપર શ્રદ્ધા રાખજો, પ્રેમ રાખજો અને તેના વચનોપર વિચાર કરજો. ઇતિ.

“ દરેક વિદ્યાર્થીઓએ ધ્યાનમાં રાખવા લાયક હોવાથી આ સાર પ્રગટ કરવામાં આવ્યો છે. ”

તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ધર્મ રહસ્ય.

રા. રા. કુંવરજી આણંદજીએ મહાવીર વિદ્યાલયમાં આપેલ ભાષણનો સાર. તા. ૮-૧૦-૧૯

આ વિષય ઘણો બહોળો છે:

ધર્મ સર્વસ્વ નામનો એક ગ્રંથ છે. તેના પ્રારંભમાં કહ્યું છે કે—

श्रूयतां धर्मसर्वस्वं, श्रुत्वा चैवावधार्यताम् ।
आत्मनः प्रतिकूलानि, परेषां न समाचरेत् ॥

તમને પ્રતિકૂળ હોય તે પારકાને ન કરવું.

મતલબ તમને અનુકૂળ હોય તે પારકા પ્રત્યે કરો.

પ્રતિકૂળ શું ? ન ગમે તે. ( દાખલાઓ. )

દરિદ્રતા, અપકીર્તિ, અનારોગ્યતા, મૂર્ખતાનો આરોપ—આવાં કૃત્યો ઉત્તમ પુરૂષો બીજા પ્રત્યે નથી કરતા, તે પરને પ્રતિકૂળ છે એમ માનીને કરતા નથી એમ વિચારવું.

સર્વથી અનિષ્ટ મૃત્યુ છે, કોઇને તે ગમતું નથી, તે બીજાને ન પમાડવું. સર્વથી પ્રથમ જીવદયા પાળવાનો આ વાક્યમાં ઉપદેશ છે.

તમને કોઈ મિથ્યા કલંક આપે અથવા તમારા સંબંધમાં અસત્ય બોલે તે તમને પસંદ આવતું નથી, તમને તે ગમતું નથી, તો તમારે બીજાના સંબંધમાં કોઈ વખતે તેવો ઉચ્ચાર કરવો નહિ એવો નિર્ણય કરવો જોઇએ.

તમારી પાસેની વસ્તુ કોઇ ચોરી જાય, ઉપાડી જાય તો તમને તે ગમતું નથી. બાકીના લાખોની કરે પણ કોઇ કહ્યા સિવાય લઇ જાય, એક નાની ચોપડી કે લાકડી લઇ જાય તો તે પણ તમને પ્રતિકૂળ છે. તો તમે બીજાના સંબંધમાં તેવું કાર્ય કરો તે તેને પ્રતિકૂળ છે માટે ન કરવું. આટલા ઉપરથી ભવિષ્યમાં દ્રવ્ય ખાતર અપ્રમાણિકપણું ન થાય તે ખાસ લક્ષ્યમાં રાખવાની જરૂર છે.

તિર્યંચો પણ પોતાની સ્ત્રી સાથે કોઇ દુરાચાર કે ખરાબ ચેષ્ટા કરે તો તે તેમને ગમતું નથી તો પાણિગ્રહણ સિવાયની સર્વ સ્ત્રીઓ સાથે તમારે કાંઇ પણ અયોગ્ય વ્યવહાર કરવો તે દેખીતી રીતે પ્રતિકૂળ છે. પરસ્ત્રીને લઇને ઘણાએ પ્રાણ ખોયા છે, ઘણાના તેણે પ્રાણ લીધા છે, તેથી તે આત્મપ્રતિકૂળ છે.

દરેકને સધન થવાની ઇચ્છા રહે છે, ન રહે એનો ઉપાય નથી પણ ઇચ્છા તો ધનવાન થવાની સર્વને રહે છે, તો આપણા કાર્ય કે વર્તનથી પરજીવ ધન વગરનો થાય તે પ્રતિકૂળ બાબત છે તેથી તે ન કરવું.

મૂર્ખ ગણાવું કોઇને પસંદ નથી. કોઇ મૂર્ખ હોય તેને પણ મૂર્ખ તરીકે બો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બોલવન ગમતું નથી. ' અક્કલે કોઇ અધુરો નહીં'—એવી કહેવત છે, તેથી આપણને મૂર્ખ ગણાવું ગમતું નથી, તો અન્ય મૂર્ખ હોય તો તેના પર દયા રાખવી–તેને મૂર્ખ ન કહેવો.

મનુષ્યને કીર્તિ પ્રિય છે. એક મહાત્માએ મને કહ્યું હતું કે અપકીર્તિ સહન કરનારા ઘણા જોયા છે પણ કીર્તિ ખમી જનારા અને તેથી હૃદયને વિકસ્વર પણ ન કરનારા કોઇકજ હોય છે. અપકીર્તિ અપ્રિય છે તો આપણે કોઇની અપકીર્તિ કરવી નહિ, દુર્ગુણ શીખવવાની નિશાળ માંડવી પડતી નથી, કારણ કે જીવનો કર્મસંયોગ અનાદિ છે, તેનો અધોગમન સ્વભાવ છે, તમારે સદ્ગુણના અભિમાનમાં આવીને બીજાના અવગુણોને વધારે ફેલાવવા કે બોલવા નહિ.

અનારોગ્ય આપણને ગમતું નથી, તો બીજા અનારોગ્ય ન રહે તેમ કરવું એ આપણું કામ છે. કેટલીક વખત આપણે ભૂલથી સ્નેહી મિત્રનું પણ કુપથ્યાદિથી અનારોગ્ય કરાવીએ છીએ, તેમ ન કરવું

હવે આપણને જે અનુકૂળ લાગતું હોય તે બીજા માટે આપણે કરવું તેને માટે ઉપર પ્રમાણે વિચારણાઓ સ્વયમેવ કરી લેજો. કેટલાક આપ્યાને આપ્યું ગણે છે, પણ તેમ નથી. કાંતો પૂર્વનું દેવું દીધું છે અથવા નવું ધીર્યું છે. મતલબ આપ્યું તે વાવ્યું છે.

ત્રણ ગાથાઓ તમને ધર્મનું રહસ્ય બતાવે તેવી છે જે ગાથાઓ આ છે.

एगोऽहं नत्थि मे कोइ, नाहमन्नस्स कस्सई ।
एवं अदीणमनसो, अप्पाणमणुसासई ॥ १ ॥
एगो मे सासओ अप्पा, नाणदंसणसंजुओ ।
सेसा मे बाहिरा भावा, सव्वे संजोगलक्खणा ॥ २ ॥
संजोगमूला जीवेण, पत्ता दुःखपरंपरा ।
तम्हा संजोग संबंधं, सव्वं तिविहेण वोसिरे ॥ ३ ॥

હું એકલો છું, મારૂં કાંઇ નથી, હું કોઇનો નથી. અનાથી મુનિ આ વિચારણાએજ ચઢ્યા હતા. આવી વિચારણા કરે તે દીનતા વગર કરે.

મારો આત્મા એકલો અને શાશ્વતો છે (આથી આત્મવાદ સ્પષ્ટ કર્યો છે.) જ્ઞાન દર્શન યુક્ત છે. જ્ઞાન હોય ત્યાં વિરતિ હોયજ, તેથી જ્ઞાન સાથે ચારિત્ર આવી ગયું. जत्थ नाणं तत्थ विरइ ।

તારા ગુણો સર્વથા અવરાઇ ગયા નથી. તું એકલો છે. તારૂં કાંઇ હોય તો તે જ્ઞાનદર્શન જ છે. બાકી સર્વ બાહ્ય ભાવો છે. સર્વ વસ્તુ સંયોગસ્વભાવે મળે છે. એનું લક્ષણ–એનો સ્વભાવ સંયોગથી મળવાનો છે. જેટલી દુઃખપરંપરા જીવો પામ્યા છે તે સર્વ સંયોગોને લઇનેજ પામ્યા છે. પુત્ર ન થયો તેને માટે કાંઇ દિલગીરી ...

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી, પણ આવેલો મરી જાય તો ઘણું દુ:ખ થાય છે. વીશ વીશ વર્ષ પુત્રનું સુખ જોયું હોય છે છતાં તેને વધારે દુ:ખ લાગે છે. તેટલા માટે રાત્રે સંથારો કર ત્યારે સર્વ સંયોગ સંબંધ વોસરાવી દે. વિચારવું કે આ જગતને અને મારે કોઇ જાતનો સંબંધ નથી.

આ ત્રણ ગાથામાં બહુ વાતો ભરી છે, તેની વ્યાખ્યા બહુ થઇ શકે તેમ છે. આ ગાથા સર્વેએ હૃદયમાં કોરી રાખવા જેવી છે. એ સૂત્રરૂપ છે, અનંત અર્થથી ભરપૂર છે.

જગતમાં જીવન છે એ ધર્મ જ છે, ધર્મ ગયો તો જીવન નકામું છે, આ પ્રમાણે સમજી સત્ય જીવન ગાળવા અસ્ખલિત પ્રયત્ન કરવો. ઇતિ.

ત્યારબાદ વિદ્યાર્થીઓને ખુલ્લા દિલથી પ્રશ્નો કરવાનું કહેવામાં આવતાં વિદ્યાર્થીઓ તરફથી કેટલાક પ્રશ્નો કરવામાં આવ્યા હતા અને તેના ઉત્તરો સરલતાથી આપી તેમના દિલનું સમાધાન કરવામાં આવ્યું હતું. આ પ્રશ્નોત્તરની નોટ લેવામાં આવેલી ન હોવાથી તે પ્રગટ કરવામાં આવી નથી.

" આ સાર સર્વ વિદ્યાર્થીઓને મનન કરવા યોગ્ય જાણી પ્રગટ કરવામાં આવેલ છે. "

તંત્રી.

## જૈન કેળવણીની સંગીનતા કેમ થાય?

આ માસિકના કાર્તિક માસના અંકમાં જૈન કેળવણીની શોચનીય દશા જણાવતાં શિક્ષકોની ખાસ ખામી તરફ મેં જૈન સમાજનું ધ્યાન ખેંચ્યું હતું. હાલમાં શ્રી મ્હેસાણા પાઠશાળાએ લાયક શિક્ષકો ઉત્પન્ન કરવા માટે એક યોજના તૈયાર કરી તે ઉપર જૈન સાક્ષરોના અભિપ્રાય મંગાવ્યા છે, તે હકીકત જાણી આપને સંતોષ થયા વિના રહેશે નહિ. તેનું સુફળ મળતાં થોડાક વર્ષો જશે; દરમ્યાન આપણે જૈન કેળવણીની સંગીન દશા કેમ થાય તે વિચારીએ.

વિરલ અપવાદો બાદ કરતાં દરેક સ્થળે જૈનશાળાઓના સેક્રેટરીઓનું શાળા પ્રત્યે દુર્લક્ષ્ય છે, દેખરેખજ નથી. લાયક શિક્ષકો પણ દેખરેખ વિના પ્રમાદી બની જાય, પરિણામે કવચિત્ સ્વતંત્ર અને અહંકારી બની કોઇને જવાબ ન આપે એવા થઇ જાય અને તેઓને કોઇ કહેવા જાય તો ' નોકરી કરવા માગતા નથી ' એવા જવાબ મળે, તો પછી શિક્ષક જેવા ઉંચા હોદ્દાની જોખમદારી અથવા જવાબદારીના જ્ઞાનથી રહિત પ્રાય: ભાડુતી શિક્ષકો પોતાની મરજીમાં આવે તેમ બજાવે તેમાં આશ્ચર્ય જેવું કાંઇજ નથી. આ સ્થિતિ થવામાં [illegible] શિક્ષકોની ઓછા એક કારણ છે. [illegible] તેઓએ આગાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વધારે નહિ તો મહીને એક વાર મુલાકાત લેવી. વિદ્યાર્થીઓના હાજરીપત્રકોની નિયમિતતા તપાસવી, ગેરહાજર રહેલી સંખ્યા માટે શિક્ષકે શો શ્રમ ઉઠાવ્યો છે, શી તસ્દી લીધી છે તે પૂછવું. તેના કારણો કે ખુલાસા આપે તે જાણવા, તે ઉપરથી વિદ્યાર્થીના વડીલોનું ધ્યાન ખેંચવું અગર ખેંચાવવું, અઠવાડીયું ગેરહાજર રહે એટલે આ રીતિને અમલમાં મુકવા ધોરણ રાખવું. શિક્ષણ કેવું અપાય છે તે નજરે જોવું, તેમાં બની શકતો સુધારો વધારો સૂચવવો, શિક્ષકને જોઇતિ વસ્તુઓ પૂરી પાડવી, કોઇ કોઇ વાર અચિંત્યા શાળાએ જવું, જેથી ત્યાં શી રીતભાત ચાલે છે તે નજરે જોઇ શકાય, આથી તેઓને ભય લાગતા તેઓ પોતાની ફરજોમાં દત્તચિત્તવાળા અને નિયમિત થશે. આ રીતે દર મહીને શાળાની સામાન્ય તપાસણી ન રાખનાર સેક્રેટરીઓ તેના ઉપેક્ષા દોષના ભાગી બને છે. કારણકે મહીને એક વાર પણ આટલું (કલાક જેટલું) કામ તેઓનાથી ન બની શકે તે માની શકાય તેવું નથી.

શિક્ષણને રસવાળું તથા આકર્ષનારું બનાવવા માટે જરૂરનું છે કે ભણનારાઓને ૨૪ તીર્થંકરનાં નામ, વર્ણ તથા લાંછન, નવ પદનાં નામ તથા વર્ણ, દર્શન કરતી વખતે બોલી શકાય તેવા દૂહા તથા શ્લોકો, માર્ગાનુસારીના ૩૫ ગુણ, પ્રતિક્રમણના સૂત્રોના ભાવાર્થ અને પાંત્રિશ બોલ (અર્થ સાથે) શિખવવા. નવકારવાળી, સ્વસ્તિક અને જિનદેવદર્શન તથા પૂજા સંબંધી ઉપયોગી માહીતીઓ તથા સંગીત (સ્નાત્ર પૂજા આદિ)નું જ્ઞાન આપવું. બોધક, નૈતિક સંવાદો શિખવવા. સકલાર્હત્માં કયા શ્લોકથી કયા ભગવાનની સ્તુતિ થાય છે તે જણાવતા જવું. આ અને એવું અન્ય જૈન બાળોપયોગી જ્ઞાન આપવાથી ભણનારને, પરીક્ષક વિગેરેને તથા શ્રોતાઓને આનંદ આવે છે અને તેથી શિક્ષક તથા શિક્ષણની ખરી કિંમત અંકાય છે, લોકોને તેના ઉપર શ્રદ્ધા બેસે છે અને તેથી આવક વધે છે. આ બધા વિષયો જૈન શ્રેયસ્કર મંડળ (મ્હેસાણા) તરફથી 'પાંત્રિશ બોલ વિગેરે (અર્થ સહિત)' નામની બુકમાં દાખલ કરવામાં આવ્યા છે, એટલે તે ચલાવવામાં જરાપણ મુસ્કેલી પડે તેવું નથી. એ મંડળ તરફથી શિક્ષણ કેવી રીતે આપવું ? કઇ પદ્ધતિએ આપવું ? તે દર્શાવનારો કાંઇક વિસ્તૃત ક્રમ છપાયેલો છે તે પણ જોવો અને અમલમાં મૂકવો.

પ્રાયઃ ઘણે સ્થળે પાંછલો અભ્યાસ કાચો રહેવા પામે છે; તે તાજો રહે તે માટે વિદ્યાર્થી જે સૂત્ર ભણતો હોય તેની પહેલાનાં અનુક્રમે રોજ બે ચાર સૂત્રો તૈયાર કરવા આપવાં. પ્રથમ તેને પરીક્ષણ પદ્ધતિએ તપાસી લેવાં અને તે આવડે તોજ તેનો પાઠ લેવો. નહિતર બીજે દિવસે તેજ સૂત્રો તેને ફરી તૈયાર કરવા આપવાં.આમ કરવાથી નવો અભ્યાસ ઓછો થશે પણ થયેલો પાઠ દૃઢ રહેતો આવશે. એ વિશેષ જરૂરનું છે. શિક્ષકને આમ કરતાં અલબત્ત ટાઇમ વધારે લાગશે પણ તે તેની ફરજ બ્હાર નથી એટલે તેટલો ટાઇમ તેણે આપવો જ જોઇએ. વળી ભણનારાઓના પાઠ સરખા કરી દેવાથી વખત ઘણો બચી શકશે. ઘણી વખત વિદ્યાર્થીઓ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આગળ વધી પાછલું ભૂલી ગયેલા હોવાથી ફરી ફરી તેજ પાઠ કર્યા કરે છે, તે સ્થિતિ આ પદ્ધતિ રાખવાથી દૂર થશે. તે સિવાય અષ્ટમી આદિ અનધ્યાયના દિવસોમાં પ્રશ્નો પૂછવાની ટેવ રાખવી. એથી હરેક વિષયો ઘણાજ ઉપસ્થિત થશે, એ નજરે જોયેલું તથા અનુભવેલું છે.

સેક્રેટરી અથવા વ્યવસ્થાપક સંઘે શાળા માટે આવકનાં સાધનો વધારવાં; કારણ કે તેના ઉપરજ શાળાનું જીવન અવલંબી રહેલું છે. તેને માટે કેટલાક પ્રસંગો તથા ઉપાયો અત્ર સૂચવવામાં આવે છે. બહારગામથી ગૃહસ્થો આણું વાળવા આવે, જાન લઈને આવે, શ્રીમંત પ્રસંગે આવે તેવે વખતે તથા કોઈને ત્યાં પુત્ર જન્મે તેવે વખતે તેમને જણાવવાથી, આગ્રહ કરવાથી ન્હાની મ્હોટી રકમો મળી શકે. સંઘમાં જમવા આવનાર હરેક ( ન્હાના મ્હોટા ) પાસેથી પૈસો પૈસો લઈ શકાય. કોઈ સંઘ કે જ્ઞાતિ જમાડે તે વખતે યાદી આપવાથી અમુક રકમ મળી શકે. આવી બાબત તો સંઘદ્વારા ફરજીયાત અથવા હકરૂપે પણ કરી શકાય. વળી ચુલાવેરા તેમજ વ્યાપાર ઉપર પણ કર નખાવી શકાય. આવી બાબતો લોકોને બોજારૂપ ન થઈ પડે અને આવકનો પ્રવાહ સારો રહ્યા કરે. બહારના કોઈ ગૃહસ્થ આવે ત્યારે તેમની પાસે શાળાની મુલાકાત લેવરાવી શકાય તેમજ મુનિરાજને પણ તે કાર્ય માટે આમંત્રી શકાય. તેઓદ્વારા ભાષણો તેમજ શિક્ષણો અપાવી શકાય. એ રીતે ગૃહસ્થો પાસેથી રકમો મેળવી શકાય અથવા તેઓને ખાસ જઈ ટીપ કરી શકાય. તેમજ મુનિરાજની કૃપાદ્વારા તેઓ જ્યાં ચાતુર્માસ હોય ત્યાં જઈને પણ ટીપ કરાવી શકાય. આ વિગેરે અનેક ઉપાયો છે. પણ આ બધું શાળાનું કામકાજ સુંદર અને આકર્ષક હોય તોજ બની શકે, એ વાત ભૂલવી જોઈતી નથી. તેથી તે થવા માટે ભિન્ન ભિન્ન પ્રકારનાં પૂર્વે સૂચવેલાં શિક્ષણો શાળામાં આપવાં જોઈએ.

શાળાની દર ત્રણ ત્રણ મહીને પરીક્ષાઓ લેવી, લેવરાવવી અને ઇનામી મેળાવડા કરવા. ઇનામ કદી પણ એક સરખું ન આપવું પણ ચ્હડતું ઉતરતું આપવું. તેથીજ ભણનારાઓમાં ઉત્સાહ અને હરીફાઈ સારી વધી શકે છે. હાજરી સારી રાખવા માટે મહીને ૨૦ દિવસની હાજરીએ એક કે અરધો આનો અને અભ્યાસ વધે તે માટે હરેક ગાથા દીઠ પાઈ કે પૈસા પ્રમાણે ઇનામ આપવું. ઇનામ પરીક્ષાના પરિણામ ઉપર ધ્યાન રાખીને આપવું. મહીને મહીને પ્રભાવના કરવી. વર્ષે ( શાળાના સ્થાપન દિવસે ) જમણ આપવું. ઇનામી મેળાવડા વખતે શિક્ષકને ભૂલી જવો નહિ. યોગ્ય વખતે તેને પ્રમોશન વિગેરેથી પણ ઉત્તેજન આપતા રહેવું. એ ધંધામાં ઉત્તેજન ન મળવાથી તથા રસ ન પડવાથી હવે કોઈ કોઈ શિક્ષકો વ્યાપારી લાઈનમાં પડવા લાગ્યા છે. એ સ્થિતિનું પ્રમાણ વધતું જાય તો જૈન કેળવણીની હાનિ થતી આવે. તેથી તેવી સ્થિતિ અટકાવવા માટે તેઓને યોગ્ય ઉત્તેજન અવશ્ય આપતાં રહેવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણો પૂજ્ય સાધુ સાધ્વી વર્ગ ધારે તો શાળાઓને પોતાના જ્ઞાનનો સારો લાભ આપી શકે. તે વર્ગનો મ્હોટો ભાગ ચાતુર્માસ પ્રસંગે એક સ્થળે લગભગ છ માસ સ્થિતિ કરે છે. તે દરમિયાન મુનિવરો શિક્ષકોના જ્ઞાનમાં વધારો કરી શકે, તેમ છોકરાંઓને શિક્ષણ આપી શકે. થોડાં વર્ષો પહેલાં આ પ્રકારનું કાર્ય ચાલતું હતું. હાલ પણ કોઈ કોઈ સાધુ સાધ્વી એ કાર્ય કરતાં પણ હશે. દરેકે દરેક એ કાર્ય કરવા ઉદ્યુકત થાય, પ્રમાદ છોડે તો સ્થળે સ્થળે તેમના તરફથી જ્ઞાન પ્રસારને અંગે ઘણો સારો લાભ મળી શકે. મુનિઓના પરિચયમાં શ્રાવકના બાળકો આવવાથી તેઓ સંસ્કારી, શ્રદ્ધાળુ, વિનયી, વિવેકી અને સદાચારી બને. જે લાભ ન્હાનો સૂનો ન ગણાય. હાલના બાળકો તે ભવિષ્યનો આપણો સંઘ છે. તેઓ એ રીતે સુયોગ્ય બને, તેથી શાસનનું ગૌરવ કેટલું વધે તે કલ્પવું મુશ્કેલ નથી. એ બાળકોમાં પાશ્ચિમાત્ય કેળવણીના સંસ્કાર એવા વિચિત્ર પડી ગયા છે અને પડતા જાય છે કે તેમને ચોરી ન કરવા માટે એવું શાસ્ત્ર વાકય આપીએ કે जनः परकीयं द्रव्यं न चोरयेत् તો તે તેમને અસરકારક નહિ થાય, પણ Thou shalt not steel such is the commandment of God એ વાકય પ્રમાણ તરીકે રજુ કરશું તો તે તેમને તુરતજ ગળે ઉતરી જશે. એ વાકયને આર્ષ વાકયની જેમ ઓથોરીટી (Authority) રૂપે સ્વીકારશે. કેવો વિલક્ષણ ફેરફાર? આ વર્ગને મુનિરાજો સારી રીતે કેળવી સુધારી શકે, મુનિવરો માટે શાસનસેવાનો આ ન્હાનો માર્ગ નથી. તેજ પ્રમાણે સાધ્વીજીઓ કન્યાશાળામાં બાળાઓને તથા બાઈઓને ભણાવી શકે. શિક્ષિકાઓનો અભ્યાસ શુદ્ધ તથા સંગીન કરી તેમાં વધારો કરાવી શકે. વ્હેમ, અજ્ઞાન, હાનિકારક રીતરીવાજો તથા સ્ત્રીઓના કેટલાએક સ્વાભાવિક દોષોમાં પણ સતત્ પ્રયત્નથી સારો સુધારો કરી શકે. સાધુ મહારાજો શ્રાવક ધર્મ તથા સાધ્વીજીઓ શ્રાવિકા ધર્મની ખામીઓ દૂર કરી તેને ઉચ્ચ સ્થિતિ પર મુકવા વ્યાખ્યાનોદ્વારા ઘણું કરી શકે, અને એ રીતે શ્રાવકસંસાર તથા શ્રાવિકાસંસારને નંદનવન જેવા સુંદર અને રમણીય બનાવી શકે. પણ અફસોસ ! એ બાબત કોઈ વિરલજ ફીકર કરે છે ! પ્રાયઃ સૌ પોતપોતાનું સંભાળે છે; પણ આ અગત્યની ફરજ ભાગ્યેજ કોઈ બજાવતું જોવાય છે કે સંભળાય છે ! જો તેઓ આ બાબત મન પર લેય તો તેઓ પ્રત્યે લોકોનો જે પૂજ્ય ભાવ છે તેમાં ઘણો વધારો થાય અને તેઓ જ્યાં જાય ત્યાં તેઓની મહત્તા ઘણી વધે અને તેદ્વારા ધર્મનાં સારાં સારાં કાર્યો કરી પોતાના પુનીત પગલાંથી અનેક સ્થળોને, ઉદ્ધરી શકે. જૈન કેળવણીની સંગીનતા કરવામાં તેઓ સારો ફાળો આપી શકે તેમ હોવાથી તેમને બે હાથ જોડી આ બાબત અમલમાં મૂકવા આગ્રહ સાથે પ્રાર્થના કરૂં છું આશા છે કે તેઓ સ્વીકારવા જેટલી કૃપા કરશે.

For Private And Personal Use Only

છેવટે શાળાઓમાં અપાતી મૂળ પાઠની કેળવણીને કેટલાક સુધારક મન્યો બહાની કહી તિરસ્કારે છે, તેમને સમજવા ખાતર અત્ર થોડાક મુદ્દાઓ રજુ કરી આ લેખ પૂર્ણ કરીશ. તેવા માણસો પોતાના વિચાર વગરના અભિપ્રાયથી જૈન કેળવણીને હાનિ પહોંચાડે છે, સંગીનતા થવા દેવામાં વિઘ્નરૂપ થાય છે તેથી તે વિષયની ચર્ચા કરવી અત્ર દુરસ્ત ધારી છે.

હરેકે યાદ રાખવું જોઇએ કે વયની પુખ્તતા અને સમજશક્તિની પ્રાપ્તિ થતાં સુધી મૂળ પાઠરૂપેજ કેળવણી અપાય છે. કાશીના પંડિતો તથા કોલેજોમાંથી બહાર પડેલા ગ્રેજ્યુએટોને પણ ક્રમ પ્રમાણે ભણવું પડે છે. પ્રતિક્રમણ તથા પ્રકરણાદિની કેળવણી મેળવવામાં મૂળ પાઠ શિખવો તે અર્થને યાદ રાખવા માટે એક ચાવીરૂપ છે. પ્રતિક્રમણના સૂત્રો ગુપ્ત આમ્નાયથી ભરેલા છે. તે મૂળરૂપે બોલવાથી પણ મંત્રોનું કાર્ય કરે છે. મંત્રોના જાણનારાઓ પોતે પણ જે મંત્ર બોલે છે તેનો ઘણી વખત અર્થ જાણતા નથી, છતાં તે મંત્રો તેમને યથેષ્ઠ ફળના પ્રાપક થાય છે. આપણાં નવસ્મરણો મહા ચમત્કારી છે, એ પ્રસિદ્ધ વાત છે. શાંતિસ્નાત્ર આદિ પ્રસંગોમાં તે ગણાય છે અને તેથી વિઘ્નો માત્ર દૂર થાય છે. તેના ગણનારાઓ તેનો અર્થ જાણતા પણ ન હોય છતાં તે તેવું ફળ આપે છે. એ સ્મરણોની ઉત્પત્તિના ઇતિહાસો તપાસવાથી આ બાબતની ખાત્રી થાય તેવું છે. કમઠ તાપસ સમક્ષ જે પંચાગ્નિ બળતા હતા તેમાંના એકમાંથી એક કાષ્ઠ બહાર કાઢી ચીરતાં તેમાંથી એક અર્ધ બળી ગયેલો નાગ નિકળ્યો તેને નવકાર મંત્ર સંભળાવવાથી ધરણેંદ્ર જેવી સમૃદ્ધિવાળી પદવી તેને કેમ પ્રાપ્ત થઇ? શું તે નાગને નવકાર કે તેના અર્થનું ભાન હતું ? અરે ! તે વખતની તેની માનસિક સ્થિતિ કેટલી વિહ્વળ, ક્ષુબ્ધ અને વ્યગ્રતા હોવાથી પીડિત હશે ? તેનું લક્ષ્ય પણ નવકારના શ્રવણમાં જોઇએ તેવું નહિ હોય ! છતાં તેની આવી ઉચ્ચ સ્થિતિ શાથી થઇ ? માનવુંજ પડશે કે તે નવકારના મૂળ પાઠના શ્રવણથીજ ! આવા અનેક દાખલા છે. તેને માટે નવકારનો છંદ જોવો. કાશીમાં કેટલેક ઘેર ' રામરામ, રામરામ, રામરામ, રામરામ ' એટલે કે માત્ર ' રામ ' શબ્દોનાં ઉચ્ચારણજ એક બે કલાક સુધી બ્રાહ્મણો પાસે કરાવવામાં આવે છે, જેથી પણ ' રામ ' નામના માહાત્મ્યનો લાભ તે તે ઘરવાળાને મળે એજ હેતુ રહેલો છે. વળી તેઓમાં મૃતની પાછળ અમુક ગાયત્રીઓનો જાપ છે, મરનારને તમારી પાછળ અમુક ગાયત્રીઓ જપશું એમ કહેવામાં આવે છે, તેમાં પણ તે ગાયત્રીઓના જાપથી મરનારને શાંતિ મળે એ હેતુ રહેલો છે. મરણ સમયે મહાવીર કે રામ વિગેરે મહાન પુરૂષોનાં નામો પોતપોતાના ધર્માનુસાર લેવાય છે, તેમાં મરનારને શાંતિ મળે, તેની ઉચ્ચ ગતિ થાય એજ હેતુ રહેલો છે. મૃતકને શ્મશાન લઇ જતી વખતે ' રામ ' નામનું ઉચ્ચારણ ચાલુ રહે છે; તેમાં મરનારના કોટુંબિક જનોના

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શોકશમનનો હેતુ રહેલો છે. એથી ચોક્કસ સમજાય છે કે સૂત્ર કે પદના મૂળ પાઠમાં અવશ્ય ચમત્કારિક ગુણ રહેલો છે. આ હકીકતને વધારે નહિ વિસ્તારતાં એટલુંજ જણાવીશ કે મૂળ પાઠની કેળવણીને નકામી કે બીન જરૂરની કહેનારાઓએ ઉપલી હકીકતો ધ્યાન પર લેવી, વિચારવી, સાહસ ન કરવું.

પ્રાંતે શાળાના હિત સાથે સંબંધ ધરાવતી દરેકે દરેક વ્યક્તિને આ લેખમાં લખેલી હકીકત વિચારી ધ્યાન પર લેવાની વિનંતિ કરી અત્ર વિરમું છું.

**દુર્લભદાસ કાળીદાસ.**

# હિત શિક્ષાના રાસનું રહસ્ય.

(અનુસંધાન પૃષ્ટ ૨૫૪ થી.)

દરેક મનુષ્યને સંસારી હોય ત્યાં સુધી આજીવિકા માટે ઉદ્યમ તો કરવો જ જોઈએ. તેમાં જે હાથે કામ કરે તે વાણીઓ કહેવાય, પરંતુ તને મધ્યમ સમજવો કારણ કે ઉત્તમ વણિક તો ઉપર કહ્યું તેમ બુદ્ધિનો વ્યાપારજ કરે છે, અને બુદ્ધિવડે આજીવિકા ચલાવે છે. પગે કામ કરે તેને દુત સમજવો. તે ખેપ વિગેરે કરીને અથવા પગને લગતાં બીજા કામ કરીને આજીવિકા ચલાવે છે. માથે ભાર ઉપાડીને આજીવિકા ચલાવે તેને હમાલ અથવા મજુર સમજવો. તે ગમે તેટલી મહેનત કરે પણ પરિણામે ઘેંશ ને રોટલો ખાવાનો મળે અને વધારામાં ગાળો ખાવી પડે તે જુદી. આ પ્રમાણે આજીવિકાના મુખ્ય ચાર પ્રકાર છે પણ તેમાં ચોથો પ્રકાર અધમાધમ છે.

તે સિવાય કેટલાક મનુષ્યો સેવા (ચાકરી) વડે આજીવિકા ચલાવે છે. તેનો આચારમાં સમાવેશ થતો નથી. સેવા ચાર પ્રકારની છે. ૧ રાજાની સેવા, ૨ મુનિની સેવા, ૩ વણિકની સેવા, ૪ ઈતર જનની સેવા. તેમાં રાજાની સેવા મુશ્કેલીવાળી છે; તેમાં રાજાને મીઠાં વચનો કહેવા પડે, બ્હીતા રહેવું પડે, સુખે સુવાય નહીં અને અંતે માર પણ વખતે સહન કરવો પડે. જો બીજો કોઇ પ્રકાર ન સુઝે તોજ રાજાની સેવા કબુલ કરવી, તેમાં પણ ડાહ્યા રાજાની સેવા કરવી, દુર્બળ હલકી વૃત્તિવાળાની ન કરવી. જે રાજા ગુણનો જાણ હોય અને ગુણીના વખાણ કરતો હોય, સાંભળતો હોય, સાંભળીને રાજી થતો હોય તેવાની સેવા કરવી. જે રાજા કૂર, વ્યસની, મૂઢ, રોગી, લોભી કે અન્યાયી હોય તેની સેવા સ્વીકારવી નહીં. રાજાની સાથે રાજસભામાં જઈને બેસવામાં પણ સેવકે બહુ વિચાર કરવો પડે છે. બહુ નજીક બેસે તો રાજાને બાધક થાય, બહુ દૂર બેસે તો ડહાપણ વિનાનો ગણાય, રાજાની સાથે બેસવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવજ્ઞા ગણાય, પાછળ બેસે તો વાનર જેવો ગણાય, કારણકે કામ પડે ત્યારે રાજાને પાછળ વાંકું જોવું પડે, આમ કેવી રીતે ને કયાં બેસવું તેમાં પણ બહુ વિચાર છે.

રાજા થાકેલા હોય, ભૂખ્યા થયેલા હોય, તૃષાક્રાંત હોય, શયનની તૈયારીમાં હોય, વ્યગ્ર હોય, ક્રોધ કે રીસે ભરાયેલા હોય ત્યારે તેની પાસે પોતાના કામની વાત ન કરવી. બરાબર અનુકૂળતા જણાય ત્યારેજ વાત કરીને કામ કાઢી લેવું–કરાવી લેવું. રાજાની સેવા વિના શત્રુ પર જય મેળવવો હોય કે કોઇનો ઉદ્ધાર કરવો હોય તો તે થઇ શકતો નથી; તેથી તેવા પ્રબળ કાર્યને અંગે તો રાજસેવાની આવશ્યકતા જ છે. કહ્યું છે કે—

ઇક્ષુક્ષેત્ર સાયરની લહેર, અહોનિશ જો મન આણે મહેર;
યોનિ પોષણ તુસે રાય, દારિદ્રપણું તો ક્ષણમાં જાય.

'શેરડીનું ક્ષેત્ર બરાબર પાકે, અથવા સમુદ્રની લહેર આવે એટલે કે સમુદ્રમાર્ગનો વ્યાપાર ફળે અથવા સારી જાતનું કોઇ પશુ સારૂં વછેરૂં કે સારો વાછડો વિગેરે આવે અથવા રાજા તુષ્ટમાન થાય તો ક્ષણવારમાં દારિદ્ર ફીટી જાય, દારિદ્ર રહે નહીં.'

શ્રાવક રાજાનું પ્રધાનપણું કરે અથવા નગરશેઠ થાય–સેનાપતિપણું સ્વીકારે નહીં. કદી અણુછુટકે તેનો સ્વીકાર કરવો પડે તો કરે પણ કોટવાળપણું, જેલરપણું[1] કે સીમપાળપણું તો સ્વીકારે જ નહીં. શ્રાવક મંત્રીપણું સ્વીકારે તો વસ્તુપાળની જેવું મંત્રીપણું કરે. વસ્તુપાળે પોતાના મંત્રીપણામાં અનેક જિનપ્રાસાદ કરાવીને તેમજ અનેક જિનબિંબો ભરાવીને સર્વત્ર જૈનધર્મ ફેલાવ્યો અને પોતે જૈનધર્મ આરાધ્યો. તેની જેવું મંત્રીપણું સ્વીકાર કરવા યોગ્ય છે, અન્યથા તો તેમાં પણ અનેક પ્રકારનાં પાપકાર્યોમાં ભાગ લેવો પડે છે, તેથી તે શ્રાવકને અંગીકાર કરવા યોગ્ય નથી.

આ પ્રમાણે આજીવિકાનો છઠો પ્રકાર સેવાવડે આજીવિકાનો કહ્યો. હવે સાતમો ભેદ ભિક્ષાવડે આજીવિકા કરવાનો છે તે કહે છે.

ભિક્ષાના ઘણા ભેદ છે. તેમાં પ્રથમ યતિને–મુનિને ભિક્ષા આધારભૂત છે, પણ તે ઉત્તમ છે; કારણ કે તેને તો ભિક્ષા લેવા આવતાં રાજાઓ પણ માન આપે છે, દેવતાઓ પણ નમે છે, હાથી અને સિંહ જેવા પ્રાણીઓ પણ તેની પાસે નમ્ર થઇ જાય છે અને ભક્તિવંત મનુષ્યો મિત્રની જેમ, માતાની જેમ અને બાંધવની જેમ પ્રેમથી ભિક્ષા આપે છે. કર્તા કહે છે:—

નમસ્કાર કરૂં ભીખને, તહારૂં ભગવતી નામ;
વસ્તુ લહિયે અણઉદ્યમે, નિત્ય નવી અભિરામ.

[1] કેદખાનાના ઉપરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી ભિક્ષા ઉત્તમ મુનિને તો ભૂષણતુલ્ય છે; અનાચારી, દાંભિક તેમજ ખોટા વેશ ધારીને દૂષણયુક્ત છે, ગૃહસ્થને માટે ભિક્ષા સર્વથા વર્જ્ય છે, લજ્જા ઉત્પન્ન કરનાર છે અને જ્ઞાન ક્રિયા બંનેનો નાશ કરનાર છે. ભિક્ષા લેનારના ગુણ બધા રણમાં રોળાઇ જાય છે, ઉત્તમ કુળ, ઉત્તમ રૂપ, વિનય, લક્ષણ, તપ, સમતા, સ્તુતિ–એ બધાં વાનાં ત્યાં સુધી સમજવા કે જ્યાં સુધીમાં કોઈને 'દે' એમ કહેવા વખત આવે નહીં. દે એમ કહેતાંજ તે બધાં વાનાં ચાલ્યા જાય છે, અર્થાત્ નિરર્થક થઈ જાય છે. કહ્યું છે કે—

દે કહેતાં ગુણ પંચ જે, તનથી નાશી જાય;
બુદ્ધિ, સંતોષ, કીર્ત્તિ ગઇ, ગઇ લાજ, શોભાય.
સર્વથી હળવું તૃણખલું, તેહથકી આકતૂલ;
યાચક હળવો તેહથી, સદા જેહ અનુકૂળ.
વાય ન ઉડાડે તેહથી, રખે યાચતો મોય;
મરણ દેવું બે સારિખું, તેણે નાસંતો સોય.

'દે એમ કહેવાથી માણસના બુદ્ધિ, સંતોષ, કીર્ત્તિ, લાજ ને શોભા આ પંચે ગુણ નાશ પામે છે. સર્વથી હલકું તૃણ છે, તે કરતાં આકડાનું તુલ હલકું હોય છે, યાચક તે કરતાં પણ હલકો છે કે જેને નિરંતર અનુકૂળ વર્તવું પડે છે, તાબેદારી ઉઠાવવી પડે છે. યાચક જન હલકો છતાં તેને પવન ઉડાડી દેતો કેમ નથી, તેના ઉત્તરમાં કવિ કહે છે કે–પવનને એમ ભય લાગે છે કે તેની પાસે જઇશ તો રખે તે મારી પાસે પણ માગશે, તેથી તે તેનાથી નાસતો ફરે છે; કારણ કે કેટલાકને દેવું ને મરવું બે સરખું હોય છે.

આગળ કર્ત્તા કહે છે કે 'નિરંતરનો રોગી (વ્યાધિગ્રસ્ત) નિરંતર પરદેશ માં ભટકનાર, પારકા અન્નના શરણવાળો અને પરવશ વસનારો એ ચારે જીવતાં છતાં મરણ પામેલાની જેવાજ છે. જે માણસ ભીખ માગીને ખાય છે તેને આહાર ઘણો હોય છે, નિદ્રા ઘણી હોય છે, આળસ ઘણું હોય છે, દારિદ્રનો તો ત્યાં નિવાસ જ હોય છે. એક ભીખારીના પાત્રમાં ખાવા માટે કોઇ ઘાંચીના બળદે મોઢું ઘાલ્યું એટલે ભીખારીએ પોકાર કરવા માંડ્યો. તે જોઇને કોઈએ પૂછ્યું કે–'આમ રાડો શા માટે પાડે છે?' ભીખારી બોલ્યો કે–'મને મારૂં ખાઈ જાય છે તેનું દુ:ખ નથી, મને તો ભીખ ઘણી મળશે, પણ આ બળદ ભીખનું અન્ન ખાવાથી મારી જેવો ગળીયો થઇ જશે તો તેનું શું થશે? તેને માર ખાવો પડશે, તેટલા માટે રડું છું.'

ભીખથી કોઇ વ્યાપારી થઈ શકતો નથી, ભીખથી પેટ પણ પૂરૂં ભરાતું નથી, ધન તો વ્યાપાર કરવાથીજ મળે છે, તેથી વ્યાપાર કરવો તેજ ધન મેળવવાનો શ્રેષ્ઠ ઉપાય છે. કમળા (લક્ષ્મી) કમળમાં વસનારી છે, તે કૃષ્ણના હૃદયમાં વસે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે એમ કહેવાય છે, તેને શોધી કાઢવાનો-મેળવવાનો ઉપાય વ્યાપાર જ છે. જે માણસ દેશ, કાળ, પોતાનું દ્રવ્ય, પોતાનું ભાગ્ય અને સામું માણસ જોઇને વ્યાપાર કરે છે તે ડાહ્યો ગણાય છે અને દ્રવ્ય મેળવે છે-સુખી થાય છે.

પાપથી ભય પામેલો-ભય પામતો વ્યાપારી પંદરે પ્રકારના કર્માદાનનો વ્યાપાર કરતો નથી. તેવો મનુષ્ય જેમાં લગાર પણ પાપ ન લાગે-હિંસા ન થાય તેવો સોનારૂપાનો, ઝવેરાતનો, કાપડ સુતરનો, તેમજ વ્યાજ વટાવનો વ્યાપાર કરે છે. દુર્ભિક્ષના વખતમાં તો જેથી આજીવિકા પ્રાપ્ત થાય તેવો કોઇ પણ વ્યાપાર કરે છે. તેલ, મીઠું, તલ, લીલાં શાક અને કણ (અનાજ) નો વ્યાપાર કદિ પણ તે કરતો નથી. કદાપિ કોઇ પ્રકારનો કુવણજ કરવો પડે તોપણ ઉત્તમ પુરૂષ તેથી લજાય છે, ભય પામે છે, સસુગપણે કરે છે, આત્માને નિંદતો જાય છે અને બુદ્ધિ સારી રાખે છે, બુદ્ધિમાં બગાડ થવા દેતો નથી. ઋષભદાસજી કહે છે કે-'હે ભવ્ય પ્રાણીઓ ! જો તમારૂં મન ઠેકાણે રહે તો તમે કુવ્યાપાર-પાપાચાર કરશો નહીં.' હવે કુવણજ કેટલા પ્રકારે થાય છે તે બતાવે છે, કારણકે પ્રથમ કુવણજ સમજાય તો પછી તે તજી શકાય છે અથવા કરાતા નથી, માટે તે વિવરીને બતાવે છે.

અપૂર્ણ.

## कोन्फरन्सना बारमा अधिवेशननी समालोचना.

આપણી જૈન કોન્ફરન્સનું બારમું અધિવેશન આ વરસમાં શ્રી સાદરી મુકામે થયું હતું. તેની સમાલોચના કરવાનો અને તેને અંગે થતી સ્ફુરણાઓ પર વિચાર કરવાનો આ યોગ્ય અવસર છે. આખી કોમપર ઘણી અસર કરનારો આ પ્રસંગ હોવાથી સર્વ બંધુઓ આ સંબંધમાં પોતાના વિચારો જણાવશે અને વિચારો કરશે એટલું અત્ર ખાસ જણાવવાની જરૂરીઆત લાગે છે.

આ કોન્ફરન્સના અધિવેશને એમ બતાવી આપ્યું છે કે કોન્ફરન્સ સંબંધી ઉત્સાહ ગુજરાત, કાઠિયાવાડની બહાર પણ ઘણો છે અને તે બાજુએ અભ્યાસ કરી જૈન ધર્મના પ્રશ્નો પર વિચાર કરનારા અને ઉત્સાહથી કાર્ય કરનારા ઘણા છે. આ વખતે અજમેર, જોધપુર, આગ્રા પંજાબ વિગેરે તરફના કેળવાયલા ઉત્સાહીઓ એટલી સારી સંખ્યામાં જોવામાં આવ્યા અને તેમનો ઉત્સાહ એટલો વધતો જોવામાં આવ્યો કે કોન્ફરન્સ માટે અને જૈનકોમ માટે સુંદર ભવિષ્ય ઉત્પન્ન કરી શકાય તેવું છે એવી આશાઓ બંધાય. કોન્ફરન્સની ચળવળ અત્યાર સુધી મોટે ભાગે ગુજરાત કાઠિયાવાડમાંજ આવી રહી હતી અને બહારના ભાગમાંથી કામ કરનારા જણાતા નહોતા. આ માન્યતા ખોટી છે એમ આ અધિવેશને બરાબર બતાવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપ્યું છે. હવે પછી આ સર્વ કામ કરનારાઓની સેવાનો લાભ જૈનકોમે ખોવા જેવો નથી એમ સ્પષ્ટ જણાઇ આવ્યું છે.

ઘણી વખત એવો પ્રશ્ન થાય છે કે કોન્ફરન્સે શું કર્યું ? આ સવાલના જવાબો તો ઘણા છે. કોન્ફરન્સે લોકોના વિચાર વાતાવરણમાં અજાયબ થઇ જવાય તેટલો ફેરફાર કર્યો છે અને તે બાબત કોમનો વીશ વરસનો ઇતિહાસ વિવેચક દ્રષ્ટિએ તપાસનારા સમજી શકે તેમ છે. ઉપરાંત નાની મોટી અનેક ચળવળો કોન્ફરન્સે કોમમાં કરી છે અને કેળવણીના સવાલને તેના યોગ્ય સ્થાને લાવી મૂકયો છે; પણ પ્રેક્ષક નજરે આ સવાલ તદ્દન નકામો છે. માત્ર વિવેચક નજરે આ સવાલ તપાસવો હોય તો કોન્ફરન્સના અનેક રિપોર્ટો તે બાબતના જવાબ આપશે. મારી માન્યતા પ્રમાણે કોઇ પણ જૈનને આ સવાલ પૂછવાનો અધિકાર પ્રાપ્ત થતો નથી. પ્રથમ નજરે આ જવાબ ઘણો આંચકો ખવરાવનાર લાગશે; પણ એ ખરેખરી જવાબદારી બતાવનારી દિશાએ લઇ જનાર હકીકત છે. આપણે અન્ય પાસેથી હકો મેળવવાના નથી, આપણે આપણું વહાણ આપણા જોરથીજ ચલાવવાનું છે અને આપણે સર્વ કાંઇ કાર્ય ન કરીએ તો કોન્ફરન્સના કામનો સરવાળો મીંડામાંજ આવે. ધર્મ અને કોમના સવાલોમાં દરેક વ્યક્તિએ કાર્યમાં પોતાનો ભાગ આપવાનો છે, યથાશકિત સેવા બજાવવાની છે અને પ્રેક્ષક કે ટીકાકાર તરીકેનું કાર્ય તો માત્ર વિચારક અથવા જૈનેતર પર છોડવાનું છે. એના બંધારણમાં કે કાર્યક્ષેત્રમાં ગમે તેટલો યોગ્ય ફેરફાર કરવામાં આવે, પરંતુ જયાંસુધી આખી કોમ એકમતે કટિબદ્ધ થઈ સેવાધર્મને મુખ્ય સ્થાન આપે નહિ, ધર્મની પ્રગતિ માટે તન મન ધનથી પ્રયત્નો કરવા ઉદ્યુક્ત થાય નહિ ત્યાં સુધી સ્થિતિમાં ફેરફાર થાય નહિ અને અધિવેશનના અથવા કાર્યોના સરવાળા બતાવી શકાય નહિ. બીજી રીતે જોઇએ તો આવો પ્રશ્ન તદ્દન સમજશકિતનો અથવા તુલનાશકિતનો અભાવ બતાવે છે. કેટલીક વ્યકિતઓ જાણે પોતાને કાર્યમાં ભાગ લેવાનોજ ન હોય અને માત્ર ટીકા કરનારાઓનું કર્તવ્ય પોતાને પ્રાપ્ત થતું હોય એમ માની વાતો કરવા લાગે છે. આવી વ્યકિતઓ માત્ર ઉચ્છેદક ચર્ચાથી કાર્ય કરે છે, પરંતુ એ કોમનું દુર્ભાગ્ય સૂચવે છે; યોગ્ય જરૂરી કાર્યોમાં પોતાનો રીતસરનો ફાળો આપી વિચાર કે ચર્ચા કરવાનો હક સર્વને પ્રાપ્ય છે અને તેમ ન કરે તો નકામા કાર્યમાં શકિતનો વ્યય થઇ જાય અને મુદ્દાના કામો પડયા રહે, પણ એ જુદી વાત છે. માત્ર ઉચ્છેદક ટીકા કરવાથી કાંઇ લાભ નથી અને કમનશીબે આવી સ્થિતિમાંથી આપણે હાલ પસાર થતા હોઇએ એમ જણાય છે. કોન્ફરન્સને અંગે કાર્ય કરનારા કરતાં ટીકા કરનારા બહુ મોટી સંખ્યામાં છે. આ અધિવેશનને અંગે એટલું જોવામાં આવ્યું કે હજુ મોટી સંખ્યામાં કાર્ય કરનારા મળી શકે તેમ છે. કોન્ફરન્સનું હિત નજરમાં રાખનારા આ નવીન ઉત્સાહી વર્ગની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સેવા ભાવનાનો લાભ જરૂર લેવા વિચાર કરશે એમ આશા રાખવી અયોગ્ય નહિ ગણાય. હાલ આપણે શુદ્ધ હૃદયથી સાચા કામ કરનારાઓની ઘણી જરૂર છે અને તેવો વર્ગ વિશેષ પ્રમાણમાં ઉત્પન્ન કરી શકાય તેમ છે.

લુહાણા ભાઇઓએ કચ્છમાં કોન્ફરન્સ કરી રૂપિયા પચીશ લાખ જેવી રકમ કેળવણીના કાર્ય માટે કાઢી આપી. લુહાણા બંધુઓની કોન્ફરન્સ આપણા સામાજિક મેલાવડા પછી શરૂ થઇ, લગભગ દરેક બાબતમાં તેઓ આપણને અનુસરતા રહ્યા, આપણા રિપોર્ટો વાંચી અધિવેશન કરતા રહ્યા અને મુશ્કેલી જણાય ત્યાં આપણા કાર્યવાહી આગેવાનોને અનુભવ પૂછતા ગયા. અત્યારે મોટી સંખ્યામાં લુહાણા બોર્ડીંગો અને અનાથાશ્રમો દેખાય છે અને આખી કોમ ઘણી આગળ વધી જાય છે, ગોધારી કચ્છીના તફાવતો ભૂલી જઇ એક પ્લેટફોર્મ પર કોમહિતના સવાલો ચર્ચે છે અને આપણે પાછા પડતાં જઇએ છીએ, આપણે આદર્શ સંસ્થાઓ ઉત્પન્ન કરી શકતા નથી, અંદર અંદરના તફાવતો ભૂલી શકતા નથી, અર્થ વગરના ઝગડાઓમાં શક્તિનો અને ધનનો ફોકટ વ્યય કરી નાખીએ છીએ અને આખા વર્ષની આખરે સરવૈયામાં જીવ જેવો પણ વધારો બતાવી શકતા નથી. આનું કારણ શું ? એ પરિસ્થિતિ ઉત્પન્ન કરવા માટે કોણ જવાબદાર છે ? આખી કોમે આ પ્રશ્નનો નિર્ણય કરવાની જરૂર છે. અમુક સંસ્થાનો આકાર ફેરવવો હોય તો તેમાં કોઇનો વાંધો હોઇ શકેજ નહિ, પણ અત્યારે ઉચ્છેદક ટીકાકારો પોતાને મળી ગયેલા ઉચ્ચ સ્થાનનો ગેરલાભ લઇ તેની છાયા કોમપર કેવી ગંભીર રીતે નાખે છે તેનો વિચાર કરવાની જરૂર છે. માતબર કોમ ધારે તો આખા હિંદને કેળવણીની સંસ્થાથી નવાજી શકે, ગામેગામે બોર્ડીંગો કરી શકે, એક વર્ષના પર્યુષણના ખર્ચથી એક એક યુનીવર્સિટિ ઉત્પન્ન કરી શકે. એ કોમના બાળકો અન્ય કોમની સંસ્થાઓને વખાણવાની સ્થિતિમાં મૂકે, એ કોમના બાળકોને સાધનને અભાવે નોકરીઓ કરવી પડે, એ કોમના બાળકો વ્યાપારના સ્થાનથી ચ્યુત થઇ મ્હેતાગીરીએ આવી જાય, એવી સ્થિતિ ક્યાં સુધી ચલાવાશે ? એક અધિવેશનમાં આવી આપણી ભાવના, આપણો આદર્શ અને આપણાં કાર્યો જોશો તો આનો ખુલાસો થઇ જશે. આપણે બહુ ખોઇએ છીએ અને તેનું કારણ આપણો પ્રમાદ અને જવાબદારીના સ્થાનપર તે સ્થાનને અયોગ્ય માણસોનો સ્વીકારજ જણાઇ આવે છે. કોન્ફરન્સનું અધિવેશન આ હકીકત અંતર નજરે સ્પષ્ટ કરે છે.

કોન્ફરન્સના અધિવેશનથી સ્થાનિક જાગૃતિ ઘણી થાય છે. ગોલવાડનો પ્રદેશ કેળવણીમાં તદ્દન પછાત છે. ત્યાંના બંધુઓએ પાંચથી દશ લાખ રૂપિયા એકઠા કરવાની યોજના કરી છે અને સદરહુ રકમમાંથી એક રેસીડન્શીયલ હાઇસ્કૂલ કરવા વિચાર કર્યો છે એ હકીકત ઘણી આનંદદાયક છે. કોન્ફરન્સનું અધિવેશન એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રદેશમાં થવાથી સદરહુ યોજનાને જળસિંચન થયું છે, ત્યાંના બંધુઓનો ઘણો ઉત્સાહ વધ્યો છે અને સમાજના એક અગત્યના વિભાગની ખાસ જરૂરીઆતો પૂરી પાડવાનું નિમિત્ત મળ્યું છે. કોન્ફરન્સથી આ ઘણો મોટો લાભ થયો છે; ઉપરાંત ગોલવાડના બંધુઓએ પોસ શુદ ત્રીજની રાત્રે એક પ્રાંતિક કોન્ફરન્સ ભરી ઘણા વ્યવહારૂ ઠરાવો કર્યા છે, એ ઠરાવથી નકામા ખર્ચો ઓછા થયા છે અને કેટલાક હાનિકારક રિવાજો બંધ થયા છે. કોન્ફરન્સના ઠરાવો તો ભલામણરૂપે થાય છે, પણ આ ઠરાવો તો સહી સાથે કરવામાં આવ્યા છે. આવી સ્થિતિ પ્રાપ્ત થવાનું કારણ આપણી કોન્ફરન્સનું અધિવેશન છે. પ્રાંતિક કોન્ફરન્સમાં પંદરસો ઉપરાંત બંધુઓ હાજર હતા અને તે વખતે શા. ગુલાબચંદજી ઢઢ્ઢાનો એ બાજુ પર કેટલો કાબુ છે અને વિશ્વાસ છે તે પણ જણાઇ આવ્યું હતું. એ મેળાવડાનું પ્રમુખસ્થાન શ્રીયુત્ ઢઢ્ઢા સાહેબને આપવામાં આવ્યું હતું.

આ આખા અધિવેશનના પ્રેરક અને ઉપદેષ્ટા મુનિરાજશ્રી વલ્લભવિજયજી હતા. તેઓશ્રી જમાનાની જરૂરીઆત પીછાનનારા છે, એ તેમની અત્યારસુધીની કાર્યપ્રણાલિકાથી જણાઇ આવ્યું છે. ધનવંત પણ લગભગ નિરક્ષર વર્ગની વચ્ચે જે અસાધારણ ઉત્સાહ તેમણે છેલ્લા વર્ષમાં ઉત્પન્ન કર્યો, વ્યવસ્થાપૂર્વક મોટા કાર્યો યોજવાની બુદ્ધિ જાગ્રત કરી અને જાતે અલિપ્ત રહી કોન્ફરન્સનો ( જૈન સંઘનો ) આદર કરાવ્યો એ અસાધારણ કાર્ય તેમણે કર્યું છે, અને યોગ્ય શબ્દોમાં તેઓશ્રીનો આભાર કોન્ફરન્સે પ્રમુખસ્થાનેથી માન્યો છે. આ બતાવી આપે છે કે એક વિચારવંત નેતા કેટલું સુંદર પરિણામ નીપજાવી શકે છે. જે પ્રદેશ વ્યવસ્થાસર કામ કરવાની વાત ન સમજે ત્યાં ટીકીટો, વોલંટીયરો, મંડપ અને ભોજન ઉતારાની સુવ્યવસ્થિત ઘટના થાય તે પ્રદેશ થોડા વખતમાં પ્રગતિ કરી શકશે એમ સ્પષ્ટ બતાવી આપે છે, વ્યાપારના ક્ષેત્રોમાં વધી જઇ અત્યારની હરીફાઇમાં યોગ્ય સ્થાન જાળવશે એમ પ્રગટ કર્યું છે અને આપણા વિચારણીય પ્રશ્નો કયા કયા છે તેનું દિગ્દર્શન તેઓએ અધિવેશનદ્વારા કરાવ્યું છે. નિઃસ્વાર્થ ઉપદેશ દેનારા દેશ કાળ પરિસ્થિતિ સમજી જ્યારે માર્ગદર્શક તરીકે કાર્ય કરે ત્યારે કેવા સુંદર પરિણામો નીપજાવી શકે છે તેનો આ જ્વલંત દાખલો છે. માનની ઇચ્છા વગર, નામની દરકાર વગર, ગણનાના ખ્યાલ વગર માત્ર કર્તવ્યબુદ્ધિએ જ ઉપદેશ આપનારની બહુ જરૂર છે. આ દાખલાનું યોગ્ય અનુકરણ થાય તો અધઃપાતમાંથી કોમને બચવાના કાંઇક માર્ગ બાકી રહે ખરા એમ આ અધિવેશન વખતે જોવામાં આવ્યું હતું.

કોન્ફરન્સના ચાલુ ઠરાવોમાં આ વખતે કેટલાક ફેરફાર જોવામાં આવ્યા છે. આ વખતના ઠરાવો ટુંકા પણ મુદ્દાસરના હતા. અગાઉ ઠરાવો બહુ લાંબા કર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વામાં આવતા હતા, તે રીતિ આ વખતે મૂકી દેવામાં આવી જણાઇ છે. મુદ્દાસરનો નાનો ઠરાવ લક્ષ્યબિંદુને કાયમ રાખે છે અને સાધ્ય પર નજરને સ્થિર કરે છે. આ હકીકત યોગ્ય થઇ છે.

આ ઠરાવો પૈકી સુકૃતભંડારની યોજનાના ઠરાવ વખતે બહુ સુંદર દૃશ્ય નજરે આવ્યું હતું. સબજેક્ટ કમીટિએ અગાઉની કોન્ફરન્સના ઠરાવને મળતો ઠરાવ પસાર કર્યો હતો. યોગ્ય શબ્દોમાં તે ઠરાવ રજુ થયો. દરમ્યાન મહારાજશ્રી વલ્લભવિજયજી તરફથી સૂચના થઇ કે 'આવી રીતે ચાર ચાર આના ઉઘરાવવાનું ક્યાં-સુધી બનશે અને એમાં ખર્ચ એટલો આવે છે કે વસ્તુતઃ જોઇએ તેટલો લાભ થતો નથી અને મોટા શહેરો કાંઇ આપતા નથી, તેથી સદરહુ રકમ અને ખર્ચનો બોજો ગામડાઓ પર પડે છે.' તેઓશ્રીએ સૂચનારૂપે યોજના રજુ કરી કે 'એકી વખતે એક ઘર દીઠ એકથી સો રૂપીઆની રકમ લેવી, એકજ વખત લેવી, સદરહુ રકમના ટ્રસ્ટીઓ નીમવા અને વ્યાજ ખરચવાના ફાળાઓ મુકરર કરવા અને ગામોગામ પ્રયાસ કરી હેડ ઓફીસ, જનરલ સેક્રેટરીઓ અને પ્રાંતિક સેક્રેટરીઓ મારફત ચળવળ કરી ગામોગામથી દરેક ઘર દીઠ એકી વખત રકમ ઉઘરાવાય તો ઓછામાં ઓછા દશ લાખ રૂપીઆ એકઠા થાય.' આ યોજના સર્વને પસંદ પડી. સબજેક્ટ કમીટિનો ઠરાવ ફેરવી કેમ શકાય તેનો નિર્ણય એમ થયો કે 'જો સર્વાનુમતે દરખાસ્ત પસાર થાય તો કોન્ફરન્સ તેમ કરી શકે છે.' આખરે વિવેચન અને ખુલાસાઓ પછી સદરહુ નવીન યોજના સર્વાનુમતે પસાર થઈ.

સદરહુ યોજનાનું નામ 'જૈન પંચાયત ફંડ' રાખવામાં આવ્યું છે. દરેક ઘર દીઠ પાંચ રૂપીઆ આવા સમગ્ર હિતના કાર્યમાં એકજ વખત આપવા તે બને તેવું છે. આવી મોટી પંચાયતી રકમથી મુખ્યત્વે કરીને કેળવણીનો સવાલ ઉપાડી લેવાય અને સાથે સાથે જરૂરી ખર્ચ જીર્ણમંદિરોદ્ધાર, પુસ્તકોદ્ધાર, જીવદયા, નિરાશ્રિતમાં વપરાય તો વગર અગવડે આપણે ઘણી વ્યવહારૂ સ્થિતિ નીપજાવી શકીએ એમ લાગે છે. વાત એટલી છે કે એ યોજના બરાબર ઘડાવી જોઇએ, સર્વસમ્મત થવી જોઇએ અને યોજના બહાર પડ્યા પછી તેને માટે કામ કરનારા સ્વયંસેવકો બહાર પડવા જોઇએ. અત્યારની પેઠે માત્ર અમુક કાર્યવાહકો જ કામ કરશે એમ ધારી લેવામાં આવે તો યોજના નકામી છે. એ તો દરેક શહેર અને ગામની વ્યક્તિઓ અને ખાસ કરીને કેળવાયલા બંધુઓ તેમજ ધર્મરસિક ગૃહસ્થો એને અમલમાં મૂકવા કટીબદ્ધ થાય, સાધુ મહારાજાઓ એને આદરથી વધાવી લે તો એને પરિણામે આપણે લાખો રૂપીઆ ઉત્પન્ન કરી શકીએ અને દર વરસે તેમાં વધારો કરી શકીએ. નાની નાની કોમો આવા માર્ગે જ વધી છે, અત્યારે આગળ વધતી દેખાય છે અને આપણે તેના પ્રેક્ષક જ થઇએ તો તો આપણે આગળ વધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન શકીએ અને આપણામાં આગળ વધવાની યોગ્યતા પણ નજ ગણાય. કોમની દરેક વ્યક્તિને મનમાં એમ થવું જોઇએ કે આ સમાજહિતના કાર્યમાં બનતો ભાગ અને ભોગ આપવો જ છે અને એમ થાય તોજ આપણો નિસ્તાર થઇ શકે એમ લાગે છે. એના અધિષ્ઠિત સ્થાન પર યોગ્ય માણસો ગોઠવવા, એની રકમોની પ્રથમથી જ યોગ્ય વહેંચણી કરી નાખવી, દરેક માંગળિક પ્રસંગોએ પંચાયત ખાતામાં બનતી રકમ મોકલવા ભાવના રાખવી, એના વહીવટ પર બારીક નજર રાખવી અને એના અમલ માટે ઉધુક્ત રહેવું. એ રીતેજ યોજનાનો અમલ થઇ શકે અને એમ થાય તોજ આપણે કાંઇક વ્યવહારૂ કાર્ય કર્યું એમ ગણાશે. આ વખતના અધિવેશનનું આ એક નહિ ધારેલું સુંદર પરિણામ છે અને જો તે બરાબર અમલમાં મૂકાશે તો ઘણું સારૂં કાર્ય તેનાથી થશે.

કેટલીક સામાન્ય બાબતો પર ધ્યાન આપવા યોગ્ય છે તે હવે પછી વિચારી લઇએ. એક તો કૉન્ફરન્સના માસિક 'હૅરૅલ્ડ' ને સારા પાયા ઉપર ચલાવવાની જરૂર છે. મારવાડ તથા પંજાબના આપણા બંધુઓની માગણી તેને બાળબોધ લીપીમાં છપાવવાની છે અને બની શકે તેટલા લેખો તેમાં હિંદીમાં આવે તેવી વ્યવસ્થા કરવાની છે. આ માંગણી પર વિચાર કરવાની ખાસ જરૂર છે. હેરલ્ડને ચલાવવાની તો ખાસ આવશ્યકતા છે, કારણકે કૉન્ફરન્સ જેવી વિશાળ સંસ્થાને પોતાના વાજિંત્રની જરૂરીઆત અનિવાર્ય છે. તેમાં સર્વ સામાજિક સવાલોની ચર્ચા થવી જોઇએ અને કૉન્ફરન્સનું કાર્ય કેમ ચાલે છે તેનો સ્પષ્ટ નિર્દેશ થવો જોઇએ.

કૉન્ફરન્સના અધિવેશન વખતે ઓછામાં ઓછા અરધા જેટલા ભાષણો હિંદીમાં થવા જોઇએ, જેથી સર્વ બંધુઓ દરેક વિષયમાં પૂરતો ભાગ લઇ શકે. આને માટે પ્રથમથી વ્યવસ્થા રાખી હોય તો દરેક દરખાસ્ત પર વક્તા અને ટેકો આપનાર એવી રીતે ગોઠવી શકાય કે તેઓએ પોતાના વિષયનો બરાબર અભ્યાસ કર્યો હોય અને સાથે સર્વ શ્રોતાઓને તેનું ભાષણ સમજાવી શકાય. આ વ્યવસ્થા જરૂર કરવા યોગ્ય છે.

આ વખતની રીસેપ્શન કમિટિના પ્રમુખનું ભાષણ રાણકપુરના પ્રાચિન તિર્થની જાહોજલાલી બતાવનાર હતું અને ઉમળકા સાથે આવકાર આપનારૂં હતું. પ્રમુખનું ભાષણ બહુ સુંદર રીતે લખાયલું હતું. તેમાં સંપ–ઐકયતા સંબંધમાં જે નુકતેચીની કરવામાં આવી છે તે પર ખાસ લક્ષ્ય ખેંચવાની જરૂર લાગે છે. એ આખું ભાષણ આ સાથે છપાયલું હોવાથી તેના દરેક મુદ્દાપર ટીકા કરવાની જરૂર લાગતી નથી, પણ એ ભાષણ ઘણું ટુંકું પણ મુદ્દાસરનું છે એટલું તો અહીં જણાવવું જોઇએ. કેળવણીના મહત્વના પ્રશ્નપર તેઓશ્રીએ આગલા પ્રમુખોના ભષાણો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને વિચારો સાથે સહમત દર્શાવ્યો છે તે ઉપયોગી છે, પરંતુ આપણે આ પ્રમુખશ્રીના પોતાના વિચારો કેળવણીના સવાલ પરત્વે જાણવા ભાગ્યશાળી થયા હોત તો વધારે યોગ્ય કહેવાત. એકંદરે પ્રમુખના વિચારો પ્રૌઢ, ભાષા સચોટ અને વક્તવ્ય સ્પષ્ટ હતા.

કોન્ફરન્સમાં આ વખતે બહુ સારા વક્તાઓના ભાષણો થયા હતા. આપણા જાણીતા વક્તા પંડિત હંસરાજજી તો મુખ્ય વક્તા હતા જ, તે ઉપરાંત ગુજરાત–કાઠિયાવાડના તેમજ મારવાડ-પંજાબના વક્તાઓ બહુ સારૂં બોલ્યા હતા અને લગભગ દરેક વક્તાએ પોતાને મળેલા વિષયોપર યોગ્ય વિવેચન કર્યું હતું.

આ અધિવેશનને નહિ ધારેલી ફતેહ મળવાનાં કારણો મુનિરાજ શ્રી વલ્લભવિજયજીનો સરલ માર્ગદર્શક ઉપદેશ અને પ્રેરણા, કેટલાક પ્રતિષ્ઠિત આગેવાનોની હાજરી અને ખાસ કરીને મી. ગુલાબચંદજી ઢઢ્ઢાની કાર્યદક્ષતા અને હાજરી હતાં. આ ઉપરાંત અજમેર, જોધપુર, પંજાબના કાર્યકર્ત્તાઓ ખાસ હાજર રહ્યા હતા અને કાર્યને અનેક રીતે મજબૂતી આપી હતી.

નાના ગામોવાળામાં ઉત્સાહ અને સંપ હોય તો કોન્ફરન્સનું અધિવેશન વગર બોજાએ થઈ શકે છે એ આ અધિવેશને બતાવી આપ્યું છે. વિશેષ આનંદની વાત આવતા અધિવેશન માટે આમંત્રણ પણ થઈ ગયું છે તે બની છે. કોન્ફરન્સને વિજયવતી બનાવવા માટે તેના ઠરાવોને આખા વરસ દરમ્યાન અમલમાં મૂકવાની જરૂરીઆત છે અને દરેક વ્યક્તિ પોતાનો ફાળો કાર્ય પરત્વે–પ્રેરણા પરત્વે આપે, તન, મન, ધનનો ભોગ આપે તો ઉત્થાનકાળ નજીક લાવી શકાય એમ લાગે છે. બાકી અત્યારની સ્થિતિ તો અસહ્ય છે. સમાજના કોઇ પણ વિભાગ તરફ જોતાં આપણે પ્રગતિ કરતા હોઇએ એમ લાગતું નથી. મળેલા હકો, પ્રાચિન તીર્થો અને બીજા અનેક વારસાઓ કેટલેક અંશે ગુમાવતા જઇએ છીએ, અને અંદરખાનેથી ક્ષયરોગ દાખલ થઇ ગયો દેખાય છે, એનો છેડો લાવવાની જરૂર છે અને ઐક્યથી તેમજ યોગ્ય વિચારણાપૂર્વક કાર્ય દોરવાથી અને કરવાથી તે આવી શકે તેમ છે. જવાબદાર સ્થાનપર રહેલા આગેવાન સાધુઓ અને શ્રાવકોને પોતાની જવાબદારી સમજવાની અને સ્વીકારવાની સન્મતિ પરમાત્મા આપે, એટલી પ્રાર્થના કરી આ સમાલોચના સમાપ્ત કરવામાં આવે છે. મૌક્તિક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्री जैन कोन्फरन्सनुं बारमुं अधिवेशन.

## તેનો સવિસ્તર હેવાલ.

શ્રીમતી કોન્ફરન્સનું બારમું અધિવેશન પોસ શુદ બીજ ત્રીજ અને ચોથને રોજ મારવાડની સુપ્રસિદ્ધ પંચતીર્થીમાં આવેલા સાદરી શહેરમાં થયું હતું. એ મહાદેવીની ઉત્પત્તિ મરૂભૂમિમાં સંવત્ ૧૯૫૮ માં થઇ હતી અને તેજ મરૂભૂમિના બીજા પ્રદેશમાં ઘણા વરસના આંતરા પછી આ અધિવેશન થતું હોવાથી ત્યાંના ભાઇઓમાં બહુ આનંદ અને ઉત્સાહ વ્યાપી રહ્યો હતો. સાધારણ રીતે ગોલવાડનો પ્રદેશ વ્યાપારમાં આગળ વધેલો છે પણ કેળવણીથી એટલો બધો બેનશીબ રહ્યો છે કે આખો પ્રદેશ એક પણ જૈન ગ્રેજ્યુએટ હોવાનું માન ધરાવતો નથી. આવા પ્રદેશમાં પૂજ્ય મુનિમહારાજ શ્રી વલ્લભવિજયજીએ સદુપદેશ આપી કેળવણીની સંસ્થા ખોલવા પ્રેરણા કરી હતી અને કોન્ફરન્સ દેવીને નિમંત્રી શ્રીસંઘની યથાશક્તિ ભક્તિ કરવા જણાવ્યું હતું. આપણા મારવાડી બંધુઓએ મહારાજશ્રીના સદુપદેશને વધાવી લઇ તદનુસાર મહાદેવીને નોતરવા તૈયારી બતાવી હતી અને આમંત્રણ કોન્ફરન્સની હેડ ઓફીસ ( મુંબઇ ) પર મોકલી આપ્યું હતું જે સ્વીકારવામાં આવ્યું હતું.

કોન્ફરન્સ માટે આમંત્રણ આપવા સાથે મંડપ, ભોજન, વોલંટીયર વિગેરે પેટા કમીટિઓ સાથે રીસેપ્શન કમીટિની ઘટના તુરતજ કરી દેવામાં આવી હતી. સાદરી ગામ સ્ટેશન ફાલનાથી લગભગ બાર માઇલ દૂર હોવાને સબબે ખુરશીની બેઠક મુલતવી રાખી જમીન પર બેસવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો અને શહેર બહાર દાદાવાડીના નામથી ઓળખાતી એક વિશાળ ખુલ્લી જગામાં મંડપ બાંધવાની યોજના કરવામાં આવી હતી. આ સર્વ બાબતની અંતર વ્યવસ્થા ચાલતી હતી, પરંતુ અધિવેશનના પ્રમુખને લાવવાનું કામ વધારે મુશ્કેલ નીવડયું હતું. કેટલાક આપણા જાણીતા બંધુઓને આમંત્રણ આપતાં તેઓએ અન્ય વ્યવસાય, માંદગી, અશક્ત વિગેરે કારણે પ્રમુખસ્થાનની જવાબદારી સ્વીકારવા હિંમત દેખાડી નહિ અને પરિણામે કોન્ફરન્સ ભરવાનો સમય લગભગ નજીક આવ્યો ત્યારે સર્વ તૈયારીઓની ઘુંચવણ જણાઇ હતી. છેવટે હુશિયારપુરના સુપ્રસિદ્ધ શહેરી લાલા દોલતરામે પ્રમુખસ્થાન સ્વીકારવા સંમતિ દર્શાવતાં એક રાત્રીમાં પાંત્રીશસો આમંત્રણો રવાના કરવામાં આવ્યા અને બહુ ટુંકા વખતમાં સર્વ તૈયારીઓનું કામ હાથ ધરવામાં આવ્યું.

પ્રમુખશ્રી અમૃતસર અને હુશિયારપુરમાં મોટો વ્યાપાર કરનાર, ઉત્સાહી, ગુવાન ગૃહસ્થ છે. જાતે અત્યંત નમ્ર, ઉંચા પ્રકારની શ્રદ્ધાવાળા, સ્પષ્ટવક્તા અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાતઃસ્મરણીય પૂજ્ય મુનિરાજશ્રી આત્મારામજી મહારાજના પરમ ભક્ત છે. ધર્મ-રૂચિ માટે તેઓનું આખું કુટુંબ પંજાબમાં જાણીતું છે. સંઘસેવા કરવાની આવી તક એ કુટુંબના એક નબીરાને મળતી જોઈ આપણા પંજાબી બંધુઓ બહુ ઉલ્લાસમાં આવી ગયા હતા અને ગોલવાડના બંધુઓને પણ અધિવેશન નક્કી થતાં બહુ આનંદ થયો હતો. ત્યારપછી વ્યવસ્થા અને તૈયારીઓ પૂર જોસમાં ચાલી રહી હતી. ગોલવાડમાં આવું અધિવેશન અગાઉ એકવાર પણ થયેલ ન હોવાને સબબે કેટલીક મુશ્કેલીઓ પડતી હતી, પરંતુ સ્ખલનાઓનો બદલો પ્રેમથી વળી જતો હતો.

વિશાળ દાદાવાડીના રમ્ય ચોકમાં ભવ્ય મંડપ નાખવામાં આવ્યો હતો. મંડપમાં ત્રણ હજાર ઉપર માણસો સમાઈ શકે તેવી વ્યવસ્થા કરી હતી. સમિયાણાના આકારના એ સુંદર મંડપમાં, વાવટાઓ તોરણો અને કુલો સુશોભીત રીતે ગોઠવવામાં આવ્યા હતા. પ્રમુખ તથા સંભાવિત ગૃહસ્થો માટે દોઢ ફુટ ઉંચું પ્લાટફોર્મ ગોઠવવામાં આવ્યું હતું અને સ્ત્રીઓ માટે અલાયદી જગા રાખવામાં આવી હતી. વક્તાઓ માટે ઉંચું પ્લાટફોર્મ પ્રમુખની સામે કરવામાં આવ્યું હતું. દરેક થાંભલાઓને કસુંબાથી સુશોભીત કરવામાં આવ્યા હતા, આખી જમીન પર મોટા પડદાઓ પાથરી દેવામાં આવ્યા હતા; અને પ્રમુખશ્રી માટે પ્લાટફોર્મ ઉપર ગાદી તકીઆની બેઠકને સોનેરી ઝરીઆનવાળા ગાલીચાઓથી સુસજ્જિત કરવામાં આવી હતી. આખા પ્લાટફોર્મ ઉપર તેમજ મંડપની બહાર અને અંદર રંગબેરંગી તોરણો લટકાવી દેવામાં આવ્યા હતા. ચારે તરફ સંપ અને વિદ્યાના પ્રેરક સંસ્કૃત તેમજ ભાષાના મહાન્ સત્યોવાળા બોર્ડ લટકાવી દેવામાં આવ્યા હતા અને જમીન પર અંડાકૃતિઓ ઉપર કુંડાઓ વિભાગ પાડે તેવી રીતે ચારે તરફ ગોઠવી દેવામાં આવી હતી. એકંદરે મંડપ ઘણો ભવ્ય અને ચિત્તાકર્ષક લાગતો હતો. મંડપનું કાર્ય કરવા માટે સ્વયંસેવા કરનાર પંજાબી બંધુ હીરાલાલજી દિવસો અગાઉ આવી કાર્ય બજાવી રહ્યા હતા.

ભોજનની વ્યવસ્થા વિશાળ મકાનમાં કરવામાં આવી હતી. એ ઉઘાડી જગા ઉપાશ્રયની નજીક આવેલી છે અને ઘણી વિશાળ છે. ત્યાં પાટલા, થાળીઓ, લોટા વિગેરે સર્વ વસ્તુઓ તેમજ રસોઈનો સામાન એકઠો કરવામાં આવ્યો હતો અને શાક વિગેરે તુરત ઉપલબ્ધ ન થાય તેને માટે પાર્સલથી મંગાવવા માટે ઉત્સાહી ભાઈઓ ચૂકયા નહોતા. પંજાબ, ગુજરાત તેમજ મારવાડને અનુકુળ જુદા જુદા રસોઇઓની વ્યવસ્થા કરી રાખવામાં આવી હતી અને પીરસવા વિગેરે કાર્ય માટે સેવા કરનારા બંધુઓ હાજર હતા.

ફાલના સ્ટેશને ઉતરતાં જ ડેલીગેટોને વોલંટીયરો હર્ષથી વધાવી લેતા હતા. ડેલીગેટોને અગવડ ન પડે તે માટે બનતી સગવડ કરી આપતા હતા અને કેટલીક વાર જાતે સામાન ઉપાડતા હતા. ફાલના સ્ટેશને નાસ્તો આપવા એક નાનો મં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડપ પણ ઉભો કર્યો હતો અને મેલ તથા ફાસ્ટ ટ્રેન એ સ્ટેશને અધિવેશનને અંગે પાંચ દિવસ ઉભી રહે એવી ગોઠવણ કરી હતી. વોલંટીયરો થવા માટે એટલી મોટી સંખ્યામાં લઘુ બંધુઓ બહાર પડયા હતા કે પંદર દિવસ પહેલાં તો વધારે અરજી લેવાનું કાર્ય પણ બંધ કરવું પડયું હતું. મોટા મોટા ગૃહસ્થોના છોકરાઓ પીળા ફેંટા પહેરી સેવા કરવા માટે હાજર થયા હતા અને પરદેશથી પણ અનેક બંધુઓ સ્વયંસેવક તરીકે ઉદ્યુક્ત થઇને આવ્યા હતા

ઉતારાઓ માટે ગામની સારી સારી હવેલીઓ પ્રથમથી માગી લઈને રાખવામાં આવી હતી અને જુદા જુદા વિભાગના ડેલીગેટોને વ્યવસ્થા પ્રમાણે ઉતારવાની સગવડ પ્રથમથી કરી રાખવામાં આવી હતી અને તેનો અમલ સમયની અનુકુળતા પ્રમાણે થતો હતો.

આ સર્વ તૈયારીઓ ઉપરાંત આખી રીસેપ્શન કમીટિનો ઉત્સાહ, વોલંટીયરોનો આનંદ અને સર્વ બંધુઓની અહોભાગ્યતાની માન્યતા એટલી પ્રેરક અને આકર્ષક હતી કે કોઇ જગોએ સહજ ખામી દેખાય તો તે પણ મન પર આવતી નહોતી. આવી રીતે પૂરતા દબદબા સાથે કોન્ફરન્સની સર્વ તૈયારીઓ કરવામાં આવી હતી.

આ વખતે પ્રમુખની ચુંટણી થઇ અને અધિવેશન થયું તે બેની વચ્ચે ઘણોજ ઓછો સમય હોવાથી જો કે આમંત્રણો મોટે ભાગે મોકલી આપવામાં આવ્યા હતા, છતાં ગુજરાત કાઠિયાવાડમાંથી મોટી સંખ્યામાં ડેલીગેટો આવી શકયા નહોતા. ગાડાની મુસાફરી તેમજ ઠંડીની બ્હીક પણ તેનાં કારણો હતાં; છતાં પંજાબ અને રાજપુતાનાના ડેલીગેટો બહુ મોટી સંખ્યામાં આવ્યા હતા. તેનો સત્તાવાર આંકડો અમાને હજુ મળ્યો નથી, પણ મંડપમાં બેહજારથી વધારે બંધુઓ એકઠા થતા હતા.

મુનિરાજો માટે પ્રમુખની જમણી બાજુએ જરા દૂર એક ઉંચી બેઠક કરવામાં આવી હતી. મુનિરાજ શ્રી વલ્લભવિજયજી, પંન્યાસ સોહનવિજયજી, પંન્યાસ લલિતવિજયજી, પંન્યાસ ઉમંગવિજયજી વિગેરે ચૌદ સાધુઓ ત્યાં આખો વખત બીરાજમાન થઈ શ્રાવકોને ઉત્તેજન આપતા રહ્યા હતા. સાધ્વીજીઓને માટે મંડપની સામી બાજુ બેઠક ગોઠવવામાં આવી હતી, જ્યાં તેઓ પણ મોટી સંખ્યામાં હાજરી આપતા જણાયા હતા. શ્રાવિકાઓને માટે પણ બેઠક મંડપમાં દાખલ થતાં સામી બાજુએ ગોઠવવામાં આવી હતી.

સાદડીની રિસેપ્શન કમીટિનો ઉત્સાહ અને વોલંટીયરોની ધમાલ પૂર્ણ દમામ સાથે ચાલી રહી હતી અને ' વીરશાસનની જય ' અને ' આત્મારામજી મહારાજની જય 'ના ધ્વનિ વારંવાર ઉછળી રહ્યા હતા. આવા દમામ સાથે બની શકતી યોગ્ય તૈયારીઓ પૂર્વક કોન્ફરન્સના આ અધિવેશનની શરૂઆત પોસ શુદ બીજને દિવસે બપોરે કરવામાં આવી હતી. મંગળાચરણ થઇ રહ્યા બાદ રિસેપ્શન કમીટિના પ્રમુખશ્રીએ પોતાનું ભાષણ ગુજરાતીમાં વાંચી સંભળાવ્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વાગત કમીટીના પ્રમુખનું ભાષણ.

સુજ્ઞ મહાશય વીરધર્મારાધક શ્રાવકબંધુઓ,

મારવાડના સાદરી ગામના સંઘ તરફથી આપ સર્વેને આવકાર આપતાં મને અતિ આનંદ થાય છે, અને આપના પધારવાથી અમારા ગામના સંઘને જે ઉલ્લાસ પ્રાપ્ત થયેલ છે તે વર્ણવી શકાય તેમ નથી. અમારૂં ગામ મારવાડના અન્ય શહેરો નામે જોધપુર, બીકાનેર આદિથી નાનું છે અને રેલ્વેના સ્ટેશનથી દૂર છે, છતાં આપ સર્વેએ પધારવાની તસ્દી લીધી છે તે માટે અમો આપના ઉપકૃત છીએ.

અમારા ગામે જૈન ઇતિહાસમાં યત્ કિંચિત્ પણ નામના શ્રીમદ્ હીરવિજયસૂરિના પાદસ્પર્શથી મેળવી છે. સૂરિ મહારાજને શહેનશાહ અકબર તરફથી નિમંત્રણ થતાં આચાર્યશ્રીએ અમદાવાદથી વિહાર કરી ફતેહપુર સિક્રી તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં પાટણ, સિદ્ધપુર, સરોતરા, આબુજી, સિરોહી એ સ્થળે અનેક શાસનહિતનાં કાર્ય કરી સાદડી નગરમાં આવી પહોંચ્યા હતા. અત્રે મહોપાધ્યાય કલ્યાણવિજયજી કે જે દક્ષિણની તરફ વિચરતા હતા તે દર્શનાર્થે હાજર થયા હતા.

અહીંથી ગમન કરી ૩ કોસ પર આવેલ રાણકપુરના ધારણવિહાર નામના ભવ્ય મંદિરની યાત્રા કરી આઉઆ નામના ગામ પહોંચ્યા. આ ગામના માલીક તાલ્હાશેઠે આડંબરપૂર્વક સૂરિજીનો શહેરપ્રવેશ કરાવ્યો. જેટલાં માણસ સૂરિજીના સન્માન અર્થે ભેગા થયા હતા તે દરેકને એક એક ફિરોજી સિક્કો તાલ્હાશેઠે ભેટ આપ્યો, અને કલ્યાણવિજય ઉપાધ્યાય કે જે સાદડીથી અહીં સુધી આચાર્યમહારાજની સાથે આવ્યા હતા તે પાછા ફર્યા. ત્યાંથી મેડતા, ફલોધિ, સાંગાનેર થઇ ફત્તેહપુર પહોંચ્યા.

શ્રાવક કવિ ઋષભદાસ હીરવિજયસૂરિના રાસમાં જણાવે છે કે:—

લેઇ લાભને ચાલ્યા ત્યાંહિ, હીરજી આવ્યા સાદડીમાંહિ;
વૈરાટથી વેગે આવેહ, કલ્યાણવિજય આવી વાંદેહ.
હીરજી રાણપુરે સંચરે, ઋષભદેવની યાત્રા કરે;
દેહરૂં નલિનીગુલ્મ વિમાન, ખરચે ધન્નોશાહ નિધાન.
તિહાંથી મેડતે આવે સહી, જિનમંદિર જુહારે ગહગહી;
સાદિમ સુલતાન આવે વાંદવા, તિહાં કણે ઉચ્છવ સબલા હવા.
તિહાંથી ફળવધી આવ્યા સહી, ફળવધી જુહાર્યા તહીં;
તિહાંથી સાંગાનેરમાં જાય, ફત્તેહપુર પોહોતા ઉવજ્ઝાય.

હવે રાણકપુરના ધરણવિહારનો થોડો ઇતિહાસ જણાવીશ. રાણપુરનું સ્થાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાદડીથી છ માઇલ દૂર છે. હાલમાં ઉજ્જડ છે ને તે આડાગલા ( અરવલ્લી ) ની પશ્ચિમ બાજુની ખીણમાં આવેલું છે અને મારવાડમાં તે સૌથી સુંદર સ્થળ છે. ત્યાં કેટલાક દેવાલયો છે, તેમાંનું મુખ્ય ધનાપોરવાડે બંધાવેલું આદિનાથનું ચોમુખ દેવાલય છે. અને તે ગોલવાડની મોટી પંચતીર્થીમાંનું મુખ્ય તીર્થ છે. ધન્નાશાહ અને રત્નાશાહ એ બે ભાઇઓ પોરવાડ જાતના અને શિરોહી સ્ટેટના નાન્દિયા ગામના રહેવાસી હતા. કોઇક મુસલમાન બાદશાહનો પુત્ર કે જેને પોતાના બાપ સાથે દ્વેષ હતો તે રાજપુતાનામાં થઇને જતો હતો. આ બંને ભાઇઓએ તેનો ક્રોધ શાંત કર્યો અને પોતાના પિતાને ત્યાં જવા માટે આજીજી કરી. આથી બાદશાહે ખુશી થઇ બંને ભાઇઓને પોતાની પાસે રાખ્યા. પછી કોઇના ભમાવવાથી વળી તેને કેદ કર્યા, છેવટે દંડ કરી છોડી મુકયા એટલે દેશમાં આવ્યા. પોતાનું ગામ નાન્દીઆ છોડી દઇને ટેકરી ઉપર આવેલા માલગડ ( રાણકપુરની દક્ષિણે ) રહ્યા. તેઓએ સાદડીમાં એક દેવાલય બાંધ્યું જેને રાણુપુર કહેતા હતા; કારણ કે દેવાલયની જગ્યા રાણાકુંભા પાસેથી તેઓએ ખરીદી હતી. વળી તે જગ્યા એવી શરતે આપવામાં આવી હતી કે તેનું નામ કુંભારાણાના નામ ઉપરથી પાડવું. 'રાણ' એ 'રાણા' નું ટુંકું રૂપ છે અને 'પૂર' તે 'પોરવાડ' નું ટુંકું રૂપ છે. એક રાત્રે ધન્નાશાહે સ્વપ્નમાં એક વિમાન દેખ્યું. આથી સોમપુરા સલાટોને બોલાવી તે વિમાનનું વર્ણન કરી તેનો પ્લાન કરાવ્યો. જ્યારે સાદડી ઉજ્જડ થયું ત્યારે ઉત્તરમાં ચાર માઇલ દૂર આવેલા સાદડીમાં લોકો આવી વસ્યા. ધન્નાશાહ, તેના ભાઇ રત્નાશાહ તથા તેમનું બધું કુટુંબ પાલગડથી સાદડીમાં આવી રહ્યા અને ત્યાંથી થોડા વખતમાં ઘાણેરાવ ( સાદડીથી છ માઇલ ) માં રહેવા ગયા. હાલ પણ ત્યાં તેના વંશજો છે. એમ કહેવાય છે કે રાણપુરના દેરાસરમાં મૂળ સાત માળ કરવાના હતા, જેમાંના માત્ર ચાર કરવામાં આવ્યા. ત્રણ ન થયા તેથી તે દેવાલય અધૂરૂં રહ્યું. આ દેવાલય, ચતુર્મુખ યુગાદીશ્વર વિહાર, ત્રૈલોકયદીપક, ધરણવિહાર એ નામથી ઓળખાતું હતું. ધન્નાશાહે અજાહરી, પિંડરવાટક ( પિંડવાળા ), સાલેર વિગેરે સ્થળોએ દેવાલયોનો પુનરૂદ્ધાર કર્યો છે. આ દેવાલયની પ્રતિષ્ઠા તપાગચ્છના સોમસુન્દરસૂરિએ વિ. સં. ૧૪૯૬ માં કરી છે, અને તેનું હીરવિજયસૂરિના ઉપદેશથી સં. ૧૬૯૭ માં સમારકામ ચોરવાડના ખેતાશાહે તથા નાયકે કરેલ છે. ધન્નાશાહે સંઘ લઇ અન્ય તીર્થોની યાત્રાઓ પણ કરી છે.

પંચતીર્થોમાં રાણપુર સિવાય બીજાં ચાર તીર્થ ઘાણેરાવ, નાડલાઇ, નાડોલ અને વરકાણા છે. ઘાણેરાવમાં મુચ્છાળા મહાવીરનું, નાડલાઇમાં નેમિનાથનું, નાડોલમાં પદ્મપ્રભનું અને વરકાણામાં પાર્શ્વનાથનું માંદિર છે. તે ચારે અહીંથી થોડા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોસ દૂર છે. ઘાણેરાવ છ માઇલ, નાડલાઇ દશ માઇલ, નાડોલ અને વરકાણા બાર માઇલ દૂર છે. આથી આ સર્વે તીર્થની યાત્રા આપ સર્વે ઘણી સરલતાથી અને સગવડે કરી શકો તેમ છો.

જૈનની પ્રાચીન ભવ્યતા અને પ્રભાવકતા રાજપૂતાનામાં અતિશય ભરી છે. તેમાંજ આવેલ મારવાડ અને તેમાંના જોધપુરની રયાસતનું આ ગામ છે. આપણી આ કોન્ફરન્સના પિતા તરીકે અમારામાંના એક મારવાડી સજ્જન નામે શ્રીમાન્ ગુલાબચંદજી ઢઠ્ઠા પ્રસિદ્ધ થયા છે, તેથી અમોને ગર્વ લેવા જેવું છે. અલબત, અમારા દેશમાં કેળવણી અને વિદ્યા ઘણીજ જુજ છે, ધાર્મિક સંસ્કારો જેવા જોઇએ તેવા નથી, કુરિવાજોએ અમારા દેશમાં પ્રવેશી અમારી સાંસારિક સ્થિતિ ઘણી નબળી પાડી છે,અને ફજુલ ખર્ચોમાં અમારૂં ઘણું દ્રવ્ય ખર્ચાય છે, તેથી જે ખરાં ધર્મનાં દાનો છે તે થઇ શકતાં નથી; પણ તે સાથે કહેવું જોઇશે કે અમારા દેશમાં સાચી શ્રદ્ધાની કમી નથી, અમારામાં ધર્મચુસ્તતા અપૂર્ણ નથી. અમારે શાસનદેવની કૃપાથી પૈસાની તંગી નથી,–આ સર્વ બાબતમાં જો આપ સર્વની સહાનુભૂતિ, સામેલગિરિ, સલાહ અને કાર્યશકિતની મદદ મળે, અને શ્રીમાન્ વલ્લભવિજયજી મહારાજ આદિ જેવા પૂજ્ય મુનિવરોનો ધર્મોપદેશ પ્રાપ્ત થયો છે તેવોજ ઘણા વખત સુધી કાયમ રહે, તો અમોને ખાત્રી છે કે અમારૂં કલ્યાણ અને હિત સત્વર સાધી શકાશે, જૈન ધર્મનો ધ્વજ ફરકાવી શકાશે અને અમારી ઉન્નતિ તુરત થઇ શકશે.

હાલના જમાનામાં 'આગળ વધવું' એજ સૂત્ર છે. બીજા પ્રદેશના લોકો જમાનાની રીતો અને સુધારાની પ્રણાલિકાઓ સ્વીકારી જેટલા આગળ વધ્યા છે તેટલા અમો પાછળ રહ્યા છીએ, પણ હવે અમો પાછળ રહેવા માગતા નથી. પાછળ રહેવાનું હવે પાલવે તેમ નથી. અમો મારવાડીઓમાં શૂરવીરતા છે, અસલ ક્ષત્રિય તુખમ હજુ અમારી નાડીઓમાં વહે છે, અને ક્ષત્રિય તેજ પ્રમાણે આગળ ડગલાં ભરવામાંજ–મોખરે જવામાંજ આબરૂ છે અને તેથી મારવાડી સાખીમાં કહ્યું છે કે:—

" આગે પગ તો પત રહે, પીછે પગ પત જાય;
ભાગા ખેડે બાહુરે, વાકું રંગ લગાય."

આખો દેશ ચમકી ઉઠ્યો છે ને સમુદ્રની છોળો સર્વ પ્રદેશમાં પથરાઇ ગઇછે, અને તે મરૂપ્રદેશમાં પણ આવી છે. આથી બીજા પ્રદેશોની સાથે મરૂપ્રદેશને પણ આગળ વધ્યા વગર છુટકો નથી. તો હવે સવાલ એ છે કે કેવી રીતે આગળ વધવું ? કયા કયા માર્ગમાં સુધારા કરવા અને કેવી રીતે કરવા તે આપ સર્વની બુદ્ધિમત્તા પર મૂકું છું. આ પ્રદેશમાં હજારો મંદિરો છે કે જે અહીંના જૈનોની પ્રાચીન જાહોજલાલી, આ પ્રદેશની બહોળી વસ્તી અને લક્ષ્મી સૂચવે છે; પરન્તુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાલમાં તે તે સ્થાનો પર વસ્તી ઘટવાથી, તેમજ બીજી કેટલીક ગેરસમજથી તેઓની સારસંભાળ લઇ શકાતી નથી અને કેટલાક દેરાસર તો અપૂજ્ય પણ રહે છે. આ દશા શોચનીય છે અને તેમાં સુધારો કરવાની જરૂર છે. અંગ્રેજી કેળવણી, વેપારી કેળવણી, ધર્મકેળવણી, વિગેરેનો અહીં અભાવ છે, તે દૂર કરવામાં પ્રયાસ કરવાનો છે. કુરિવાજો ઘણા વધી ગયા છે, જેવા કે કન્યાવિક્રય, વરને મોટી પહેરામણી આપવાનો ચાલ, કારજ વરા, મૃત્યુભોજન, તેને નાબુદ કરી સારા રીવાજો દાખલ કરવાની આવશ્યકતા છે. આ સર્વ બનવા માટે આવી કોન્ફરન્સની વખતોવખત બેઠક ભરાવાની ઘણી જરૂર છે.

સુજાનગઢમાં કોન્ફરન્સની એક બેઠક થઇ છે. જોધપુરમાં જૈન સાહિત્ય સંમેલન ભરાયું હતું, ફલોધી આપણી કોન્ફરન્સનું જન્મસ્થાન છે. વરકાણામાં પ્રાંતિક કોન્ફરન્સ ભરાઇ હતી અને તેથી અમારા લોકોમાં કઇક ચળવળ થઇ છે, પણ જોઈએ તેવાં ફળ મળી શકયાં નથી. કોન્ફરન્સે પ્રાંતિક સેક્રેટરીઓ નીમવાની કરેલી ગોઠવણથી પણ જોઇએ તેવો સુધારો થઇ શકયો નથી, અને મુનિ મહારાજાઓનો વિહાર આ બાજુ થોડો થવાથી ધર્મનાં ઉંડાં બીજ અમારા પ્રદેશમાં પડી શકયાં નથી. આથી અમે ઇચ્છા રાખીએ છીએ કે આપ સર્વે અમોને વધુ સારા માર્ગ પર દોરી ઉન્નતિ તરફ અમારૂં પ્રયાણ કરાવશો.

કોન્ફરન્સ પ્રત્યે અમારૂં જેવું જોઇએ તેવું લક્ષ ગયું નથી એ માટે અમો દિલગીર છીએ, પરંતુ કોન્ફરન્સ એ આખા હિન્દમાં ઘણી વગદાર, ઉન્નતિ કરનાર મહાન સંસ્થા છે અને તેણે જૈનો માટે અનેક કાર્યો સંગીન રીતે કર્યા છે એ પર અમારૂં લક્ષ ખેંચાતાં કોન્ફરન્સની એક બેઠક અત્રે ભરવાનું અમે પગલું ભર્યું છે. કોન્ફરન્સે કરેલાં કાર્યોનો રિપોર્ટ વખતોવખત બહાર પડે છે તે પરથી જણાશે કે કેળવણી માટે હજારો રૂપિયા ખર્ચવામાં આવેલ છે અને અનેક જૈનોને શિક્ષણ દઇ પોતાની જીવનનૌકા ચલાવતા કર્યા છે, યુનિવર્સિટીમાં જૈન સાહિત્ય દાખલ કરાવ્યું છે, ધાર્મિક શિક્ષણ માટે પરીક્ષાઓ જ્યાં જ્યાં પાઠશાળાઓ વિગેરે સાધનો છે ત્યાં લેવરાવી તેમાં પસાર થનાર પુરૂષ તેમજ સ્ત્રી વિદ્યાર્થીઓને ઇનામ તથા પ્રમાણપત્ર આપવાનો પ્રબંધ ઘણાં વર્ષોથી ચાલુ છે, પુસ્તકભંડારોની ટીપ કરાવી જૈનગ્રંથાવળી નામનું પુસ્તક, તેમજ મંદિરો સંબંધી જૈનમંદિરાવળી નામનું પુસ્તક પ્રકટ કરેલ છે.

આબુ પર્વત પરની આશાતના ટાળવામાં ફળીભૂત પ્રયાસ કર્યો છે, ઘણાં રાજ્યોમાં પશુવધ થતો અટકાવ્યો છે, ધાર્મિક ખાતાંઓ તપાસી તેના વહિવટમાં સુધારા કરાવ્યા છે અને જૈનોની જુદે જુદે સ્થળે જૂદી જૂદી ફરિયાદો આવતાં તે દૂર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરાવવા માટે બનતો પરિશ્રમ સેવ્યો છે. ટુંકામાં જે રીતે જૈનોનું શ્રેય થાય તે સર્વ પર બને તેટલું લક્ષ આપેલ છે અને બને તેટલું કાર્ય કર્યું છે. મુખ્ય લક્ષ જૈનોમાં કેળવણીનો જેમ બને તેમ વધુ પ્રચાર કરવાને માટે તેમાં રસ લેતા એવા સુશિક્ષિત અને શ્રીમંત ગૃહસ્થોનું બનેલું ખાસ મંડળ નામે 'જૈન એજ્યુકેશન બોર્ડ' કોન્ફરન્સની બાંહેધરી નીચે પુના કોન્ફરન્સ ભરાઇ તે વખતે યોજવામાં આવેલ છે અને અત્યારસુધી જુદી જુદી દિશામાં ઘણું સારૂં, સંગીન અને માર્ગ-દર્શક કાર્ય કર્યા કરે છે. તેને માટે જોઈએ તેવું ફંડ નથી તે શોચનીય છે. તેવું ફંડ પૂરૂં પાડવાને માટે 'સુકૃત ભંડાર ફંડ' ની યોજના કરવામાં આવી છે કે જેમાં દરેક શ્રાવક શ્રાવિકા દર વર્ષે ઓછામાં ઓછી ચાર આનાની રકમ આપે. તે ભેગું કરવા માટે ઉપદેશકોને પગારથી નીમવામાં આવેલ છે. આટલું કર્યા છતાં જેટલું થવું જોઈએ તેના કરતાં અતિશય ઓછું થઈ શક્યું છે તો સુકૃત ભંડાર ફંડને દરેક પ્રાંતના દરેક ગામમાંથી મદદ મળે તેમ કરવાની મોટી જરૂર છે. તેનો અર્ધો ભાગ કેળવણીમાં અને અર્ધો ભાગ કોન્ફરન્સના નિભાવ ફંડમાં જાય છે.

કેળવણીના પ્રચારની બાબતમાં છાપાઓ દ્વારા આપને માહીતી થયેલ હશે, તોપણ આપ જાણીને ખુશી થશો કે અત્રે બીરાજતા શ્રીમાન મુનિમહારાજશ્રી વલ્લભવિજયજી મહારાજ સાહેબના સદુપદેશથી આપણા ગોલવાડના જૈન બંધુ-ઓએ પ્રયાસ શરૂ કરેલ છે અને તેમાં લગભગ સાદરી–બાલી–ઘાણેરાવ–મુંડારા–લાઠારા–દણી–ખીવાન્દી–કોટ–પોમાવા–દેશુરી આદિ ઠેકાણે રકમ ભરાવવી શરૂ થઈ ગયેલ છે અને બાકીને માટે પ્રયાસ ચાલુ છે. એવીજ રીતે બાલીમાં પાંસઠ હજા-રને આશરે ભરાઇ ચુકયા છે. બીજા ગામોની પણ મોટી મોટી રકમો ભરાવા આશા છે. તે છતાં બીલકુલ ભરાવવાનાં બાકી રહેલ ગામોમાંથી ઘણો મોટો ફાળો થવા સંભવ છે. જેથી કરીને એકંદર પાંચથી છ લાખની આશા છે. જો અમારા ગોલ-વાડી ભાઈઓ વધારે ઉત્સાહમાં આવી આવાં શુભ કામોમાં પોતાની શક્તિ પ્રમાણે ઉદારતા દાખવે તો દશ લાખ જેટલું ફંડ થવું એ વધારે ચીજ નથી એવી મારી માન્યતા છે. તો એ બાબત ધ્યાનમાં લેવા બધા ભાઇઓને મારી વિનંતિ છે અને ખાસ કરીને અમારા ગોલવાડી બંધુઓ આ કામ પોતાનું સમજી યથાશક્તિ મદદ કરશે એવી આશા છે.

આટલું કહી છેલ્લે આપનો ફરી આભાર માની અમારી ખાતર બરદાસમાં કંઇ ન્યૂનતા હોય તે માફ કરવાની વિનંતિ કરી હું બેસી જવાની રજા લઉં છું.

## બોલો શ્રી વીરપ્રભુની જય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીસેપ્શન કમીટીના પ્રમુખનું ભાષણ વંચાઇ રહ્યા બાદ આગ્રાવાળા બાબુ દાલચંદજીએ ઉંચા સ્વરે પ્રમુખની ચુંટણી રીતસર થવા સારૂ પ્રમુખ સાહેબનું જીવન રહસ્ય મુદ્દાસર રીતે કહી સંભળાવ્યું હતું, અને પ્રૌઢ ભાષામાં પ્રમુખની ચુંટણીની દરખાસ્ત રજુ કરતાં તેને તાળીઓના અવાજથી વધાવી લેવામાં આવી હતી. એ દરખાસ્તને સાદરીવાળા અનરાજજી ભંડારીએ ટેકો આપ્યો હતો. તેના પર વિશેષ અનુમોદન રા. મકનજી જૂઠાભાઇ મ્હેતા બેરીસ્ટર એટ. લો, એ લંબાણ વિવેચન સાથે આપ્યું હતું, તેમાં સાદરીના બંધુઓનો ઉપકાર, મહારાજશ્રી વલ્લભવિજયજી તરફ પંજાબના બંધુઓનું માન અને કોન્ફરન્સની આવશ્યકતા પર વિવેચન કરતાં પ્રમુખસ્થાનની મહત્તા અને જવાબદારીપર વિવેચન લગભગ વીશ મીનીટ સુધી કરી સભાનું મન રંજન કર્યું હતું. એ દરખાસ્તને વકીલ ગોપીચંદજી બી. એ. એલ. એલ. બી. તથા અન્ય બંધુઓ તરફથી વિશેષ અનુમોદન મળતાં હર્ષનાદ અને જયધ્વનિ વચ્ચે પ્રમુખસ્થાન લેવામાં આવ્યું હતું.

પ્રમુખશ્રીએ હીંદીમાં પોતાનું ભાષણ તૈયાર કર્યું હતું. તેનો કેટલોક શરૂઆતનો ભાગ તેમણે વાંચ્યો હતો. ત્યારબાદ તેમનું ગળું શરદીથી બેસી ગયેલું હોવાથી બાકીનો ભાગ પંડિત હંસરાજજીએ પૂરો કર્યો હતો. પ્રમુખશ્રીનું ભાષણ નીચે પ્રમાણે હતું.

# बारमी श्री जैन श्वेतांबर कॉन्फरन्सना प्रमुख महाशयनुं भाषण.

नमः सत्योपदेशाय, सर्वभूतहितैषिणे ।
वीतदोषाय वीराय, विजयानंदसूरये ॥

પરમ પૂજ્ય ગુરૂવર્ય વલ્લભવિજયજી મહારાજ, અન્ય મુનિ મંડળ, સુજ્ઞ બંધુઓ તથા બ્હેનો !

આપણી જૈન સમાજમાં મારા કરતાં ઘણા વધારે ધનાઢ્ય, પ્રતિષ્ઠિત તથા વિદ્વાન્ ગૃહસ્થો વિદ્યમાન છે, તે છતાં આપ બંધુઓએ આ અસાધારણ સન્માન મને આપ્યું છે, તે માટે હું આપનો અત્યંત આભાર માનું છું. વળી આ સાથેજ આપણા શાસન નાયક મહાવીર સ્વામી તથા આપણા આસન્નોપકારી સ્વર્ગવાસી ગુરૂ મહારાજશ્રી વિજયાનંદ સૂરીશ્વરજી–આત્મારામજી મહારાજને પણ ધન્યવાદ આપું છું, કે જેમની અસીમ કૃપાવડે મને આ મહાન્ સન્માન ( કોન્ફરન્સનું પ્રમુખપણું ) પ્રાપ્ત થવાનો શુભ અવસર મળ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બંધુઓ ! જે વખતે આ કોન્ફરન્સનું પ્રમુખસ્થાન સ્વીકારવાનો મને આગ્રહ થયો તે વખતે મારા દિલમાં અનેક પ્રકારના સંકલ્પવિકલ્પો ઉઠવા લાગ્યા હતા; કારણ કે હું મારી જાતને આ સન્માનનીય પદને માટે સર્વથા અયોગ્ય ગણું છું. આ ભારે અસાધારણ કાર્યના નિર્વાહ માટે જેટલું સામર્થ્ય અને જેટલી યોગ્યતાની જરૂર છે તેટલી મારામાં મુદલ નથી, પરંતુ મારી શક્તિ બહારનું કામ હોવા છતાં પણ આવા મહાસંમેલનમાં આત્મભોગ જેટલો અપાય તેટલો સ્વકર્તવ્ય સમજી દરેક બંધુએ આપવોજ જોઈએ તે વિચારથી પ્રેરાઇને તથા એક મહાન્ તીર્થની યાત્રા, ગુરૂ મહારાજના દર્શન અને શ્રી સંઘની આજ્ઞાનું પાલન કરવામાં વિશેષ લાભ છે, તેમ સમજીને મેં આ પદનો સ્વીકાર કરવાનું સાહસ કર્યું છે; આશા છે કે આ ભારે કામ નિર્વિઘ્નતાથી સંપૂર્ણ કરવામાં આપ મને જોઈતી સર્વ સહાયતા આપવાની જરૂર કૃપા કરશો. આપ સજ્જનોના ભરોસા ઉપરજ આ મહાન કાર્યનો બોજો ઉઠાવવાનું મેં સાહસ કર્યું છે.

## કોન્ફરન્સ અને તેની આવશ્યકતા.

આપણી સમાજમાં પ્રાયઃ એવી પણ ઘણી વ્યક્તિઓ વિદ્યમાન છે કે જેઓ કોન્ફરન્સને સર્વથા બીન જરૂરીઆતની અને પ્રયોજન વગરની સંસ્થા તરીકેજ ગણે છે ! તથા એવા પણ ઘણા વીર પુરૂષો છે કે જેઓ કોન્ફરન્સ ઉપરજ આંતરિક દ્વેષ રાખે છે અને ઉપર ઉપરથી એમ પૂછયા કરે છે કે કોન્ફરન્સે જૈન સમાજ ઉપર કયા ઉપકાર અને કેવા લાભ કર્યા છે ? પણ આ મહાનુભાવો જો મૂળથી પ્રારંભીને આજ સુધીનો કોન્ફરન્સનો ઇતિહાસ ધ્યાનપૂર્વક નીહાળશે તો કોન્ફરન્સનાં કરેલાં કાર્યોદ્વારા તેની ઉપકારકતા તથા ઉપયોગીતા તેઓને સ્વતઃજ તરત દેખાઇ આવશે. મારા ખ્યાલમાં તો એમજ આવે છે કે આપણી ધાર્મિક અને સામાજિક ઉન્નતિનું મુખ્ય કારણ આ કોન્ફરન્સજ છે. જો જૈન સમાજનો અભ્યુદય થઇ શકતો હોય તો તે આ એકત્રિત સંઘ-એકત્રિત સમુહ-કોન્ફરન્સ દ્વારાજ થઇ શકશે. સમાજની છુટી છુટી થઇ ગયેલી શક્તિનું એકઠા થવું-પરસ્પર મળવું તેજ કોન્ફ્રન્સ છે. આવા મેળાપ-આવા સંયોગ અને આવી રીતે એકઠા થવાથી જ જાતીય જીવન અને જાતીય બળની પ્રગતિ થઇ શકે છે. જૈનધર્મનો પ્રચાર અને જૈન સમાજનો ઉદ્ધાર અને તે દ્વારા આ અખિલ સંસાર ઉપર ઉપકારની ઇચ્છા રાખતાં સર્વ બંધુઓએ તો આ કોમના મહાસંમેલનમાં વિશેષ-વિશેષ ઉત્સાહ અને વિશેષ આદર રાખવો જોઇએ. આવા કારણોથી આ ઉપકારી કોમીય મહા પરિષદ ઉપર ઇર્ષા અને અંતરંગ દ્વેષ રાખનાર તો જૈન સમાજ અને જૈનધર્મના હિતૈષી નથી જ તેમ કહ્યા વગર રહેવાતું નથી. તે સ્વતઃજ સમજાય તેવી હકીકત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સમાજ અને ધર્મ.

સમાજ અને ધર્મનો અરસપરસ શરીર અને પ્રાણ જેવો સંબંધ છે. એક વિના બીજાનું જીવન નભી શકે તેમ નથી. જેવી રીતે પ્રાણ વિના શરીર નિરર્થક છે તેવીજ રીતે ધર્મ રહિત સમાજ પણ મૃતકની સમાનજ છે. જેવી રીતે સમાજનું નૈતિક જીવન સુદ્રઢ અને સુગ્રથિત કરવા માટે ધર્મની જરૂરીઆત છે, તેવીજ રીતે ધાર્મિક જીવનની પ્રગતિ માટે સામાજિક બળની પણ તેટલીજ આવશ્યકતા છે. જેવી રીતે સામાજિક જીવન ધર્મ વિના નિરસ છે, તેવીજ રીતે ધાર્મિક જીવન પણ સામાજિક જીવન વગર પાંગળું છે. તાત્પર્ય એજ છે કે સમાજ અને ધર્મની પ્રગતિ એક બીજા ઉપર અવલંબન કરીને રહેલી છે, તેથી તે બંને બળોની એક સાથે વૃદ્ધિ થાય તે માટે યોગ્ય ઉપાયો અને યોજનાઓ કરવાની જરૂરીઆત છે. વળી સમાજ જો સુદ્રઢ અને સુવ્યવસ્થિત થશે, તો તરતજ ધર્મની ઉન્નતિ સહેલાઇથી થઇ શકશે; તેથી સામાજિક જીવન સુવ્યવસ્થિત કરવાની તો આ સમયમાં અત્યંત અને પહેલી જરૂરીઆત છે.

## સંશોધનની જરૂરીઆત.

એક વખત જૈન સમાજ ઉન્નતિના ઉચ્ચ શિખર ઉપર બિરાજતો હશે તેમાં કશું પણ સંદેહ જેવું નથી; તેમજ આ સમયમાં જૈન સમાજ અવનતિના ખાડામાં ઉતરી ગયેલ અને હમેશા દીનતાનું મુખજ જોઇ રહેલ છે તેમાં પણ સંદેહ કરવા જેવું નથી. જૈન સમાજ ઉન્નતિના રસ્તાથી બહુ દૂર ચાલી ગયો છે, અને તેની સ્થિતિ બહુ ભયંકર થઇ પડી છે. આવી સ્થિતિ થવાનાં કારણો શોધવાની ખાસ જરૂર છે. સમયે સમયે આ પ્રમાણે કોમની દુર્દશા થઇ છે, અને તેનાં કારણો શોધાયા છે. ઇતિહાસ આ વાતની સાક્ષી પૂરે છે. જે જે નિયમો કોઈ કોઇ કાળમાં અમુક સ્થિતિને ઉદ્દેશીને લઇને અનુકૂળતાવાળા દેખાય છે, તે તે નિયમો સમયાંતરે—બીજે વખતે પ્રતિકૂળતાવાળા—સમાજનું અધઃપતન કરાવનારા થઇ પડે છે; આમ હોવાથીજ જૈન શાસ્ત્રકારોએ સ્થળે સ્થળે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનું વર્ણન કર્યું છે; તેથી સમયને જોઇ તેને અનુકૂળ રીતે સમાજની ઉન્નતિ થઈ શકે તેવા ઉપાયો શોધવાની અત્યંત જરૂર છે.

## જૈન કોમના સવાલ વખતે ગચ્છાદિના ભેદો ભૂલી જવાની જરૂર.

અત્યારે આપણા સમાજમાં ગચ્છોના નામથી અનેક ભેદો થઇ ગયેલાં છે. આ ભેદો મામૂલી એટલે ધર્મમાં વિશેષ બાધા કરનારા નથી; છતાં કોઈ કોઇ વખત આ ભેદોજ એવું ભયંકર સ્વરૂપ ધારણ કરે છે કે જેથી ધર્મનાં અને સમાજનાં સારાં સારાં કામો પણ બગડી જાય છે. ગચ્છવ્યામોહમાં સંઘશકિતનો જે હ્રાસ થઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહ્યા છે તેની કલ્પના કરતાં પણ હૃદય કંપે છે, માટે જો આપણને જૈન સમાજની ઉન્નતિ અને પ્રગતિ માટે પ્રેમ હોય તો જ્યાં "જૈન" એ શબ્દ ઉપસ્થિત થાય ત્યાં ગચ્છના ભેદ ભુલી જવાની જરૂર છે. આમ કરવામાંજ ખરૂં મનુષ્યત્વ અને જૈનત્વ છે, અને ત્યારેજ કોમ તથા ધર્મનો ઉદય થશે એમ સમજવાનું છે.

## કલ્પિત જાતિબંધન તોડવાની આવશ્યકતા.

હાલના વખતમાં જૈન કોમમાં શ્રીમાળ, ઓસવાલ, પોરવાડ વિગેરે અનેક જ્ઞાતિઓ દેખાવામાં આવે છે. આ સર્વનો જન્મ અમુક અમુક આચાર્યના સમયમાં થયો છે. આ સર્વજ્ઞાતિઓના પેટા ભેદો વિક્રમ સંવત ત્રણસે પછી થયેલ છે. તે પહેલાં આવા જ્ઞાતિભેદો નહોતા. અમુક કોઇ પ્રભાવિક આચાર્ય જુદા જુદા ધર્મવાળી જ્ઞાતિઓને એકઠી કરીને જૈન ધર્માનુયાયિની કરે અને તેમને એક નામની જાતિ બનાવી દેતાં. જેવી રીતે શ્રી રત્નપ્રભસૂરિએ ઓસવાળ અને હરિભદ્રસૂરિએ પોરવાડ વંશની સ્થાપના કરી છે; પરંતુ આજ કાલ તો એકજ ધર્મ પાળનારા બંધુઓના કલ્પિત વિભાગોમાં પણ એટલો મમત્વ થઇ ગયો છે કે એક જ્ઞાતિ બીજી જ્ઞાતિના ગૃહસ્થોને પોતાથી ઉતરતા દરજ્જાના ગણે છે, કે જે કોઇ રીતે ઇચ્છવા યોગ્ય કે આદરણીય નથી. જો સંપૂર્ણ રીતે વિચાર કરવામાં આવે તો આ સર્વ જ્ઞાતિઓમાં કોઇપણ જ્ઞાતિ કોઇથી અધિક કે કોઇથી હલકી નથી, પણ સર્વ એક જૈનધર્મ માનવાવાળી એકજ જ્ઞાતિ છે. આમ હોવાથી જે જ્ઞાતિઓમાં અરસપરસ ભોજન વ્યવહાર હોય છતાં પરસ્પર વિવાહ સંબંધ ન હોય તે મારા વિચાર પ્રમાણે તો જરાપણ સારૂં દેખાતું નથી. સમાજની દૃષ્ટિએ વિચાર કરતાં તો અરસપરસ લગ્નવ્યવહાર હોવો તે બહુ લાભપ્રદ છે, અને જૈન શાસ્ત્ર તો આવા અરસપરસના વ્યવહારમાં કોઇ પણ જાતનો બાધ હોય તેમ ગણતુંજ નથી. ભવિષ્યકાળમાં આવો વ્યવહાર કોઈ વખતે ઉપયોગી હશે, પણ અત્યારના કાળમાં તો આ વ્યવહાર વધે તેમાંજ ફાયદો જણાય છે. આવો પ્રતિબંધ તુટી જાય તેમાંજ લાભ લાગે છે. જૈનસમાજના હ્રાસનાં જે કારણો છે તેમાં આ બંધન પણ એક કારણ છે. સ્વર્ગવાસી આચાર્ય પ્રવર શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજીએ આ વિષયમાં જે પ્રકાશ નાખ્યો છે તે મનન કરવા લાયક છે. "જૈન ધર્મ વિષયિક પ્રશ્નોત્તર" નામના ગ્રંથમાં તે માટે લખ્યું છે કે:–"જૈન ધર્મ પાળવાવાળી જ્ઞાતિઓ શાસ્ત્રાનુસાર બનેલ નથી, પરંતુ કોઈ ગામ, નગર, પુરૂષ કે ધંધાના અનુસારે પ્રચલિત થયેલી માલુમ પડે છે. શ્રીમાળ, ઓશવાળનો સંવત ઉપર લખેલ છે, અને પોરવાડવંશની શ્રી હરિભદ્રસૂરિએ મેવાડમાં સ્થાપના કરેલી છે." ( પ્રશ્ન–૧૯. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રશ્ન—" સર્વે જૈનધર્મ પાળવાવાળી વૈશ્ય જાતિઓ એકઠી મળી જાય, અને અંદરના જ્ઞાતિ–જાતિના તફાવતનો નિકાલ થઇ જાય, તો તેમાં જૈનશાસ્ત્રની કોઇ જાતની મનાઇ છે ? "

પ્રત્યુત્તર—" જૈનશાસ્ત્રમાં તો જે કાંઇ પણ કાર્ય કરવાથી ધર્મમાં દૂષણ લાગે તેજ કાર્ય કરવાની મનાઇ કરવામાં આવી છે. બાકી આવાં બંધનો તો લોકોએ જ પોતાની રૂઢીઓ તરીકે ગણી લઇને સ્વીકારી લીધેલા છે જ્યારે ઓસવાળ જ્ઞાતિ બની ત્યારે તે અનેક જાતિઓમાંથી બનાવવામાં આવી હતી; તેજ પ્રમાણે અત્યારે પણ કોઇ સમર્થ માણસ આ સર્વ જ્ઞાતિઓને એકઠી કરી દે તો તેમાં શો વિરોધ હોય ? "

જો આપણને જૈન સમાજની ઉન્નતિ વહાલી હોય તો તો આવા કલ્પિત જાતિ બંધનો તોડી નાંખી અંદર અંદર લગ્ન વ્યવહાર જૈન બંધુઓમાં શરૂ કરી દેવો તેજ લાભકારક છે–તેમાંજ સમાજનું હિત સમાયેલું છે.

## જિનાલય અને વિદ્યાલય.

હવે જિનાલયની બાબતમાં મારો એવો અભિપ્રાય છે કે જ્યાં જિનાલય ન હોય અને પૂજા કરવાવાળાની સંખ્યા અધિક હોય ત્યાં તો મંદિરો કરાવવાની પૂરતી આવશ્યકતા છે, તેમજ તે મહત્પૂણ્યનુ કાર્ય છે; પરંતુ જ્યાં મંદિરો પૂરતાં હોય, ત્યાં કેવળ નામને ખાતર નવું મંદિર ઉભું કરાવવુ તે મને ઠીક જણાતું નથી આ સમય મંદિરોની વૃદ્ધિ કરવાનો નથી, પણ તૈયાર મંદિરોનું રક્ષણ અને સેવાભક્તિ કરવાવાળાની વૃદ્ધિ કરવાનો છે. જ્યારે ધનાઢ્યો જિનાલયોને બદલે સરસ્વતી મંદિરો બંધાવવા કટીબદ્ધ થશે ત્યારેજ જિનમંદિરોની મહત્વતા સાધ્ય થશે.

## સાચો જીર્ણોદ્ધાર.

જીર્ણ જિનમંદિરને નવું બનાવી દેવું તે જીર્ણોદ્ધારની બહુ સંકુચિત વ્યાખ્યા છે–તે ખરો જીર્ણોદ્ધાર નથી. જીર્ણોદ્ધાર શબ્દથી શાસ્ત્રકારોએ એટલો ટુંકો તાત્પર્ય બતાવેલ નથી. જૈન શાસ્ત્રોમાં જીર્ણોદ્ધારનો તાત્પર્ય જે સમજાવ્યો છે તે બહુ વ્યાપક છે અને આખા સમાજને વાસ્તે ખાસ ઉપયોગમાં મૂકી શકાય તેવો તેનો વિસ્તૃત અર્થ છે. જૈનશાસ્ત્રોમાં જે સાત ક્ષેત્રો બતાવ્યા છે–જેનાં નામ–જિનબિંબ, જિનાલય, જ્ઞાન, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા છે, તે સાતે ક્ષેત્રોમાંથી જે જે ક્ષેત્રો જીર્ણ થઇ ગયાં હોય તે સર્વનો ઉદ્ધાર કરવો તે ખરો જીર્ણોદ્ધારનો અર્થ છે. આ સાત ક્ષેત્રો-માંના પ્રથમનાં ત્રણ ક્ષેત્રો ( જિનબિંબ, જિનાલય અને જ્ઞાન ) તે સાધ્ય ક્ષેત્રો છે, અને બીજા ચાર ( સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા ) તે ચારે સાધક ક્ષેત્રો છે. તેમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રાવક અને શ્રાવિકા તે બે વળી પોષક ક્ષેત્રો છે; એટલે કે જિન પ્રતિમા, જિનમંદિર, જ્ઞાન, સાધુ અને સાધ્વી એ પાંચે ક્ષેત્રોનું સંરક્ષણ અને પોષણ શ્રાવક-શ્રાવિકારૂપ બે ક્ષેત્રો ઉપરજ અવલંબેલ છે; તાત્પર્યાર્થ એ સમજવાનો છે કે શ્રાવક અને શ્રાવિકારૂપ બે ક્ષેત્રો જો પુષ્ટ અને સુવ્યવસ્થિત હશે તો પ્રથમના પાંચે ક્ષેત્રોને યોગ્ય સંરક્ષણ મળી શકશે. મને કહેતાં અત્યંત દુઃખ થાય છે કે આ સમયમાં અન્ય ધર્મ ક્ષેત્રોના પોષક અને આધારભૂત શ્રાવક-શ્રાવિકારૂપ બંને ક્ષેત્રોની બહુ બૂરી દશા થઈ ગઇ છે. આ બે ક્ષેત્રોની જીર્ણપ્રાય અવસ્થા જૈન સમાજની અધોગતિના અને જૈન સમાજના ધનાઢ્ય નેતાઓને શરમ ઉપજાવવાના કારણભૂત બનેલ છે. આજે સેંકડો જૈન બાળક અને બાળિકાઓ ભુખને લીધે અહીં તહીં ભટક્યા કરે છે, અને વિધર્મીઓના હાથમાં પડીને પોતાના ધર્મનું બળિદાન કરી દે છે. સેંકડો અનાથ જૈન બાળકો વ્યવસાયથી રહિત-વંચિત રહે છે અને ભીખારીના વેશમાં ગલીએ ગલીએ ભટકે છે. જીર્ણમંદિરોદ્ધાર કરાવવામાં સદા તત્પર જૈનબંધુઓએ આ દિશામાં કોઈ દિવસ દ્રષ્ટિ ફેરવી છે ? એકાંતમાં બેસીને તે બંધુઓએ કોઈ દિવસ એવો વિચાર કર્યો છે કે તે બંધુઓનો ઉદ્ધાર થશે ત્યારેજ જૈન ધર્મ અને જૈન સમાજનો સાચો ઉદ્ધાર થશે ? સર્વ જૈન બંધુઓને મારે નિવેદન કરવાનું છે કે જો પાક્ષિક પ્રતિક્રમણમાં આવતાં અતિચારો અને તેમાં પણ. શ્રાવકના બારમા વ્રત ઉપર જો તમે મનનપૂર્વક વિચાર કર્યો હશે, તેમજ જો તમે જૈનશાસ્ત્રનું રહસ્ય સમજ્યા હશો, અને જો જૈનધર્મ અને કોમની ઉન્નતિ માટે તમારૂં હૃદય જળતું હશે તો આપ આ શ્રાવક-શ્રાવિકારૂપી બંને ક્ષેત્રોના સાચા ઉદ્ધાર માટે અવશ્ય કમર કસીને તૈયાર થઇ જશો. તે બાબતના ઉપાયો યોજવાની અને અમલમાં મુકવાની બહુ જરૂર છે. તે બંને ક્ષેત્રોના પોષણ માટે અનાથાશ્રમો સ્થળે સ્થળે ઉઘાડો અને તે દ્વારા તે અનાથોને સનાથ કરો. તેઓ સનાથ થતાંજ તમને આશિર્વાદ આપશે અને જૈન કોમનું શ્રેય થશે. જીર્ણોદ્ધારની વાસ્તવિક સત્યતા અને શાસ્ત્રવિહિત તેનું પુણ્ય ખરેખર આવાં કાર્યમાંજ રહેલ છે.

## સામાજિક દુર્વ્યવસ્થા.

(૧) **વ્યક્તિગત દ્વેષ**—આ વખતે આપણા સમાજની અવસ્થા બહુજ ભયાનક છે. આપણી આખી કોમમાં ઇર્ષાએ તથા વ્યક્તિગત દ્વેષે બહુ પગપેસારો કરેલ છે, આવા ઈર્ષા તથા દ્વેષને અંગે મોટાં મોટાં કાર્યો બગડે છે, અગર તે બગાડવાનો પ્રયત્ન થાય છે. અંગિત દ્વેષનો બદલો લેવા માટે ધર્મરૂપી ધનુષ્યદ્વારા અનેક મનુષ્યો પોતાના દ્વેષરૂપી બાણો ચલાવે છે. આવા દ્વેષરૂપી ભયાનક જંગલને મંગળમય માની લઇ પોતાની તેવી લાલસા તૃપ્ત કરવા ઘણા અધમ વૃત્તિના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનુષ્યો સારાં કામોને મૂળથી ઉખેડી નાખે છે. આ બહુ ભારે દુઃખની વાત છે. આ વ્યક્તિગત દ્વેષે જૈન સમાજની જે દુર્દશા કરી છે તેનું વર્ણન કરવા હું સમર્થ નથી.

(૨) **શિક્ષિત અને અશિક્ષિત વર્ગમાં મતભેદ**—આપણી સમાજમાં અત્યારે બહુ ભારે ગડબડ મચી રહી છે. શિક્ષિત અને અશિક્ષિત વર્ગમાં બહુજ મતભેદ વધી ગયો છે. અશિક્ષિત વર્ગ, કે જેઓ વડીલોની કૃપાથી કેટલાક સમયથી સ્વતંત્ર સત્તા ભોગવી રહેલ છે અને જેના વિચારોને કેટલીક ખાસ વ્યક્તિઓએ ખરીદી લીધેલ છે, અને " જે અમે કહીએ તેજ સન્માનનીય છે, અને તેજ આદરણીય છે, તેના તરફ દૃષ્ટિ રાખવાની છે, તે વિરૂદ્ધતાવાળું હોય તોપણ ધર્માનુકૂળ ગણવાનું છે, તેમાં કાંઇ તમારે ચુંથણાં કરવાંજ નહિ " આવા આવા વિચારોથી વ્યુદ્ગ્રાહિત થયેલા છે તેઓ એમ માને છે કે અમે જે કરીએ તેજ સાચું, અમે જે દંડ આપીએ તે દરેકે કબુલ રાખવોજ જોઇએ, અને જે અપરાધી હોય છતાં અમે જેને નિરપરાધી ગણી ક્ષમા આપીએ તેને તે પ્રમાણેજ સર્વેએ માનવો જોઈએ. પણ હવે આવું ચાલે તેવો સમય નથી. આ અશિક્ષિત વર્ગની સામેજ શિક્ષિત વર્ગે માથું ઉપાડ્યું છે. આ શિક્ષિત વર્ગ કે જેઓ નવીન વિચારો સહિત નવીન વાતાવરણમાં ઉછરેલ છે તેઓ સ્વતંત્ર મીજાજવાળા થઇ વૃદ્ધોના વિચારની વિરૂદ્ધ પડે છે કે " અમે તમારો આ નાદિરશાહી હુકમ કોઇ પણ રીતે માન્ય કરીશું નહિ. તમે કહો તે કરવું તેના કરતાં જમાનો જે કહે તે કરવું તેજ અમને તો ઉચિત અને યુક્તિયુક્ત લાગે છે. તમારા નાદિરશાહી હુકમથી સમાજને બહુ નુકશાન થાય છે, અને તેની દુર્દશા થઇ ચુકી છે. આપને જે ઉચિતાનુચિત લાગે તેજ કરો તેવો આપને કોઈ હક નથી. " બંધુઓ ! આવા મતભેદને લીધે ધર્મની બહુજ હેલણા થઇ છે અને થાય છે. આમ હોવાથી કોઇ સમયજ્ઞ બુદ્ધિશાળી માણસ કોઈ શુભ કાર્ય કરવામાં ઉત્સાહિત થતો નથી. આમ હોવાથી આવા વિચાર દ્વન્દ્વોને નિવારવા માટે અગ્રેસરોએ પ્રયત્ન કરવાની જરૂર છે.

જો આવી બાબતમાં વિચાર કરવામાં આવે તો તો શિક્ષિત અને અશિક્ષિત બંને શબ્દોજ કાલ્પનિક છે. જે શિક્ષિત કહેવાય છે તેઓ પણ અમુક દૃષ્ટિએ અશિક્ષિતજ છે. જે અશિક્ષિત કહેવાય છે તેઓ પણ અમુક અપેક્ષાએ શિક્ષિતજ છે. પણ એટલું તો કહેવુંજ પડશે કે આપણો કક્કોજ ખરો કરવો તે તો અન્યાયજ છે, તેવીજ રીતે જમાનાને પણ સંપૂર્ણ માનીને વર્તવું તે પણ ઉચિત નથી, પણ ધર્મથી અવિરૂદ્ધ અને સમયાનુકૂળ જે વિચાર હોય તેજ વિચારો અમલમાં મુકવા તેજ યોગ્ય છે. આમ થવાથી સમાજ સુસંગત અને સુવ્યવસ્થિત રહેશે તેવું મારૂં માનવું છે.

(૩) **અગ્રણીપદનું અભિમાન**—સંસ્કૃતમાં એક કવિ કહી ગયા છે કેઃ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सर्वोपि यत्रनेतारः सर्वे पंडित मानिनः।
सर्वे महत्वमिच्छन्ति, तद् वृन्दमवसीदति ॥

અર્થાત્ 'જ્યાં સર્વે મનુષ્યો પોતાને નેતા માને, જ્યાં સર્વે પોતાને પંડિત માને, અને જ્યાં સર્વને મહત્વતા જોઈતી હોય ત્યાં તેવો સમૂહ નાશ પામે છે.'

નેતૃત્વપદને અંગે તેની ગડબડમાં આપણી સમાજની પણ આવીજ દશા થઈ ગઈ છે. આપણું સમાજ નાવ હાલ તો ભરદરિયે કપ્તાન વગર ડામાડોળ સ્થિતિમાં ઝોકાં ખાય છે. ચાહે શ્રાવક કે સાધુ ગમે તે હોય પણ જેનામાં નેતા થવાના ગુણો હોય તેજ નેતૃત્વપદ લઈ શકે છે-અગ્રેસર થાય છે. નેતા હોય અને મળે તોજ કોમ અને ધર્મનું શ્રેયસ્ થાય છે.

(૪) દૃષ્ટિરાગ—આ સામાજિક દુર્વ્યવસ્થાનું સવિશેષ કારણ દૃષ્ટિરાગ પણ છે. જેઓ આ રાગથી અંધ થાય છે તેઓ કર્તવ્યાકર્તવ્યનું ભાન ભૂલી જાય છે. ગુણગ્રાહી જૈન સમાજ રાગગ્રાહી થઈ છે તે અતિ શોચનીય બાબત છે. સમાજમાં જે ભયંકર ભેદ દેખાય છે તેનું મૂળ કારણ દૃષ્ટિરાગજ છે, તેથી જો આપણે આપણું, કોમનું તથા જ્ઞાતિનું શ્રેય કરવું હોય તો દૃષ્ટિરાગથી તો દૂરજ રહેવું, તેનાથી તો ફક્ત હાનિજ છે. તેનાથી કોઈને જરાપણ લાભ થતો નથી.

## કુરિવાજો.

(૧) પરચુરણ મોજશોખનાં ખર્ચો—વિશુદ્ધાદર્શી જૈન સમાજમાં ઘણા સડાઓ-કુરિવાજો પેસી ગયા છે. આમાં મોજશોખનો નકામો ખર્ચ પણ ઘણો વધી ગયો છે. આ ખર્ચની હદ એટલી વધી છે કે સમયોચિત ધર્મકાર્યમાં વ્યય માટે પણ ત્યાર પછી વધારો રહેતો નથી. આવા નકામા ખર્ચને અંગે કોમમાં પ્રતિદિન નિર્ધનતા વધતી જાય છે. આવાં ખર્ચો અટકાવવાને માટે અગ્રેસરોએ અતિશય કાળજીપૂર્વક મહેનત કરવાની જરૂર છે.

(૨) બાળવિવાહ—બાળવિવાહનો જે રિવાજ આપણી કોમમાં કવચિત્ કવચિત્ નજરે પડે છે તે બીલકુલ સારો નથી. બાળવિવાહથી નીપજતાં અનિષ્ટ પરિણામોની સંખ્યા ઘણી મોટી છે. આ પ્રથા જેમ જલદી બંધ થાય તેમજ વધારે ફાયદો છે. વળી સાથે સાથે બાળપણમાં વેવિશાળ કરવાનો જે રીવાજ પડી ગયો છે તે પણ બંધ થાય તો ઘણું ઉત્તમ છે. આવા વેવિશાળથી પણ કોમને ઘણું ધક્કો લાગે છે.

(૩) વૃદ્ધવિવાહ—સમાજને અંગે વૃદ્ધવિવાહ તે પણ એક જાતનો ક્ષય રોગ છે. જો આ રોગની જલદી ચિકિત્સા નહિ કરવામાં આવે, તો સમાજનું જીવન રહેવું મુશ્કેલ છે. આ રોગ પ્રાયે ધનિકોની કૃપાથીજ કોમમાં પ્રવેશ કરવા પામ્યો છે. આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રોગ સમાજમાંથી કાઢવા માટે જેટલા પ્રયત્નો થઈ શકે તેટલા પ્રયત્ન કરવાની ખાસ જરૂર છે. જૈન કોમમાં વિધવાની સંખ્યાનો આંકડો તપાસતાં હૃદય કંપી ઉઠે છે. આ અનર્થનું કારણ મુખ્યત્વે કરીને બાળવિવાહ તથા વૃદ્ધવિવાહજ છે. વિધવા વિવાહ જેવા અધર્મી કૃત્યના વિરોધીઓએ તો જલદીથી જાગૃત થવાની જરૂર છે. જો સમાજમાંથી બાળ તથા વૃદ્ધવિવાહ જેવી ભયંકર પૃથાને દેશવટો આપવામાં નહિ આવે તો ગમે તેટલા પ્રયત્નો છતાં વિધવાવિવાહની પૃથા આખરે કોમમાં દાખલ થયા વગર રહેશે નહિ તેવો મને ભય લાગે છે.

(૪) કન્યાવિક્રય—જૈનસમાજની પવિત્રતાને કલંકિત કરનાર કન્યાવિક્રય જેવું બીજુ કોઇ પણ કાર્ય નથી. વિધવાઓની સંખ્યાની વૃદ્ધિનું પણ તે એક કારણ છે. આ અનર્થનું કારણ ધનાઢ્ય લોકોની વિષયલોલુપતા પણ છે. જો શ્રીમંતો પોતાના દ્રવ્યની થેલીઓની લાલચ ન દેખાડે તો દ્રવ્યના ભૂખ્યા ગરીબ માણસો આવા અધમ કાર્યમાં કદિપણ પ્રવૃત્ત થાય નહિ, મારા મત પ્રમાણે તો લેનાર અને દેનાર બંનેને માટે જો આ બાબતમાં પ્રબંધ કરવામાં આવે તોજ આ કુપ્રથા બંધ થાય. તે બાબતમાં ધર્માચાર્યો અને ગૃહસ્થોએ વિચાર કરવાની ખાસ જરૂર છે.

## મુનિ મંડળ.

જેટલી પ્રકાશ માટે સૂર્યની જરૂર છે, તેટલીજ સમાજ માટે મુનિમંડળની જરૂરીઆત છે. મુનિમંડળનો સમાજ સાથે આત્મા અને દેહ જેવો સંબંધ છે; પરંતુ સમયે તેમની ઉપર પણ થોડી ઘણી અસર કરી દીધી છે. ઇર્ષા, વ્યક્તિગત દ્વેષ તથા સ્વાર્થપરાયણતાની ત્યાં પણ ઝાંખી થાય છે, કે જે અનુચિત છે. દુર્ભાગ્ય યોગે સાધુમંડળમાં શિક્ષિત વર્ગની સંખ્યા બહુ જુજ છે. વળી જે સંખ્યા છે તેમાં પણ જે મહાત્માઓએ જૈનસમાજની સ્થિતિનો બરોબર વિચાર કરીને તેનો ઉદ્ધાર થાય તેવી જાતનો પ્રયત્ન કરવા માટે કમર કસી હોય તેવા મહાત્માઓ તો બહુ ઓછી સંખ્યામાં છે. આવા મુનિમહારાજાઓ વિશેષ હોય તો જૈન બંધુઓ તેમને પંથદર્શક માની તેમના અનુગામી થાય. વળી આજકાલ જે નવા સાધુઓ થાય છે તેઓ પણ લૌકિક અનુભવ અને શિક્ષાવાળા પ્રાય: ઓછા હોય છે. તેથી સમાજ સુધારા માટે તેમની પાસેથી પણ આશા રખાતી નથી આથી મારા ખ્યાલમાં તો એમ આવે છે કે જે કોઇ સાધુધર્મ સ્વીકારનાર હોય તેને પહેલાં તો કોઈ યોગ્ય સ્થળે અમુક વખત સુધી રાખીને વ્યવહારિક અભ્યાસ કરાવવો, અને ત્યાર પછીજ તેમને દીક્ષા આપવી. આમ થવાથી સમાજનું બહુ હિત થશે, પણ આમ થવું બહુ મુશ્કેલ છે; કારણ કે અભ્યાસ કર્યા પછી સાધુ થવાના ભાવ ઘણી વખત ઉડી જાય છે. હવે તેવો સમય નથી રહ્યો કે જે સમયમાં બહુ મોટા ધનાઢ્યો અને વિદ્વાનો સાધુ થતા હતા. આજ કાલ તો ધાર્મિક અને શિક્ષિત માણસો તો સાધુ

For Private And Personal Use Only

થવાનો સંકલ્પ કરતાં હોય તેવું પણ દેખાતું નથી. જ્યારે આવી સ્થિતિ છે ત્યારે પછી સાધુવર્ગ ઉપર આક્ષેપો કરવા તે કેટલા વ્યાજબી છે તેનો આપેજ વિચાર કરી લેવો. સાધુઓ કાંઇ આકાશમાંથી નવા નીપજવાના નથી, તેઓ તો આપણામાંથીજ ઉદ્ભવવાના છે. તેઓ જેવા વિચારો લઇને આપણામાંથી જશે તેજ વિચાર તેના પ્રમાણમાં આપણને ઉપયોગમાં તેઓ આપશે. આ પ્રમાણેની વસ્તુસ્થિતિનો વિચાર કરીને તે બાબતમાં સંશોધન કરવાથી ફાયદો થવા સંભવ છે.

## આપણાં તીર્થસ્થળો.

જો કે બીજા ધર્મનાં તીર્થની અપેક્ષાએ આપણાં તીર્થસ્થળો સારાં છે તો પણ કોઇ કોઇ સ્થળે યાત્રાળુઓને કષ્ટ પડે છે, અને સેવાપૂજામાં પણ ગડબડ થતી સંભળાય છે. આવી ખામીઓ દૂર કરવાને માટે તથા તીર્થસ્થાનોનો સુવ્યવસ્થિત પ્રબંધ કરવાને માટે તીર્થરક્ષક કમીટીએ એક યોગ્ય માણસ ગોઠવવો જોઇએ કે જે બધાં તીર્થસ્થળોની મુલાકાત લે, અને જે જે સ્થળે જે અવ્યવસ્થા માલુમ પડે તેની સમયે સમયે સૂચના કરે અને સુધારા કરાવે.

કાંગડા—પંજાબમાં ' કાંગડા ' નામે તીર્થસ્થાન છે તેના જીર્ણોદ્ધારની તાકીદે જરૂર છે. ત્યાં કીલ્લાની અંદર ભગવાન ઋષભદેવજીની બહુ મોટી વિશાળ પ્રાચીન મૂર્તિ છે, છેલ્લા મોટા ધરતીકંપમાં તેનો કીલ્લો તથા દેરાસર તદન ભાંગી ગયું છે, પણ મૂર્તિ તો તેને તેજ સ્થળે અખંડ રહેલી છે. જૈનધર્મની પ્રાચીનતા અને વ્યાપકતાની સાક્ષી આ સ્થળ સંપૂર્ણ રીતે દેખાડે છે, માટે આ તીર્થસ્થળનો ઉદ્ધાર જૈન બંધુઓએ કરવાની તાકીદે જરૂર છે.

## શિક્ષા, સાહિત્ય, પ્રાચીન શોધ ખોળ.

વિદ્યાભ્યાસ, સાહિત્ય અને પ્રાચીન શોધખોળને માટે પ્રથમના પ્રમુખોએ ઘણું અજવાળું પાડેલ છે. હું એટલુંજ તે માટે કહું છું કે તે સર્વ બાબતોમાં હું સંપૂર્ણ સંમત છું.

## ઉપસંહાર.

સદ્‌ગૃહસ્થો ! મેં તમારો ઘણો સમય લીધો છે, પરંતુ એક વાત કહ્યા વગર ચાલતી નથી. જો અમારા શ્રદ્ધાસ્પદ ગુરૂવર્ય મુનિરાજશ્રી વલ્લભવિજયજી મહારાજ શિક્ષણ સંબંધીના શુભ કાર્ય માટે આ પ્રાંતમાં રોકાઇ ગયા ન હોત, તો તેઓ પોતાના મંડળ સહિત પંજાબમાં વિરાજતા હોત. પંજાબમાં જો કોઇનું આલંબન હોય તો તેજ મુનિ મહારાજાઓનું છે. સ્વર્ગવાસી પરમ પૂજ્ય ગુરૂમહારાજ શ્રી આત્મારામજીએ પંજાબ ઉપર જે જે ઉપકાર કર્યા છે તે તે સર્વનો બદલો ચુક-વનો તે પંજાબની સાગર્યે ભાર છે તેઓના સંગાથરાગ્ય જીવનના અંત સમયે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

તેમણે કહ્યું છે કે " મારી પછવાડે પંજાબનું સંરક્ષણ વલ્લભ કરશે. " આ વાકયોને પંજાબે હમેશને માટે ખરીદી લીધેલા છે, અને તેનું ઋણ પંજાબમાં નસે નસે સમાઇ ગયું છે. તે ઋણમાંથી સંપૂર્ણ નહિ તો અમુક અંશે પણ મુકત થવાનો પ્રયત્ન કરવો જરૂરનો છે. મને તો એમ લાગે છે કે જ્યારે પંજાબના કોઇ પણ નગરમાં "શ્રી આત્માનંદ જૈન કોલેજ" નો ઝુંડો ઉડવા માંડશે ત્યારેજ તે ઋણમાંથી અમુક અંશે અમે મુકત થઇ શકીશું. પંજાબથી અત્રે પધારેલા બંધુઓને મારી એ પ્રાર્થના છે કે તેઓએ મુનિરાજ શ્રી વલ્લભવિજયજીને જેમ બને તેમ તાકીદે ત્યાં પધારવાની વિનંતિ કરવી કે જેથી ધારેલ કાર્ય શિઘ્રતાથી પાર પાડી શકાય. વળી ગોલવાડના બંધુઓને મારી વિનંતિ છે કે તેઓએ તેઓનું કાર્ય જલદી શરૂ કરી દેવું, જેથી ગુરૂ મહારાજ પંજાબમાં તાકીદે આવી શકે. આ સમયમાં તે કાર્યની તાકીદે જરૂર પણ છે. આપે મને આપેલા પ્રમુખસ્થાન માટે આપનો ફરી ફરી આભાર માની હું મારૂં આ ભાષણ સમાપ્ત કરૂં છું.

॥ ॐ शांतिः ॥

---

પ્રમુખનું ભાષણ સંપૂર્ણ થયા બાદ સબજેકટ કમીટિની ચુંટણી પ્રાંતવાર જે રીતે કરવામાં આવે છે તેના નિયમો ત્યારબાદ વાંચી સંભળાવી નામો ચીફ સેક્રેટરી પર મોકલી આપવા જણાવ્યું હતું. બન્ને દિવસે રાત્રે એક એક વાગતા સુધી સબજેકટ કમિટિનું કામ ચાલ્યું હતું. બીજે દિવસે બપોરે ત્રણ વાગ્યા બાદ કોન્ફરન્સની જરૂરીઆત, ગોલવાડની કેળવણી સંબંધી પશ્ચાતતા આદિ અનેક વિષયો પર મુનિરાજશ્રી વલ્લભવિજયજીએ મંડપમાં વિવેચન કર્યું હતું અને તે કારણે કોન્ફરન્સ મોડી રાત્રે બાર વાગે ખતમ થઇ શકી હતી. બન્ને દિવસે થયેલા ઠરાવો અને તેની દરખાસ્ત વિગેરે મુકનારના નામો નીચે પ્રમાણે છે.

# શ્રી બારમી જૈન શ્વેતાંબર કોન્ફરન્સમાં પસાર કરવામાં આવેલા ઠરાવો.

## ઠરાવ ૧ લો—નામદાર શાહેનશાહ પ્રત્યે વફાદારી.

આ જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ હિન્દના નામદાર શહેનશાહ પાંચમા જ્યોર્જ પ્રત્યે હૃદયપૂર્વક વફાદારી જાહેર કરે છે અને મહાન્ પ્રચંડ યુદ્ધમાં થયેલ બ્રિટીશ ફત્તેહ અને બળપક્ષનો નિતિનો વિજય થઇ સુલેહશાન્તિ પ્રસરી છે તે માટે પોતાનો આનંદ પ્રદર્શિત કરે છે. પ્રમુખ તરફથી.

આ ઠરાવની નકલ નામદાર શહેનશાહ હજૂર એજંટ ટુ ધી ગવર્નર જનરલ રજપૂતાના દ્વારા મોકલવાની પ્રમુખ સાહેબને સત્તા આપવામાં આવી હતી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઠરાવ ૨ જો.

### જોધપૂર સ્ટેટ માટે આભાર પ્રદર્શન.

આ કોન્ફરન્સનું અધિવેશન જોધપૂર રાજ્યમાં થવાથી તે રાજ્ય તરફથી મળેલી મદદ અને સગવડ માટે હુજૂર મહારાજાશ્રીનો દિલોજાનીથી આભાર માનવામાં આવે છે. પ્રમુખ તરફથી

આ ઠરાવની નકલ જોધપૂર મહારાજશ્રીને મોકલવાની પ્રમુખ સાહેબને સત્તા આપવામાં આવી હતી.

## ઠરાવ ૩ જો.

### મરણ માટે ખેદ.

કોન્ફરન્સના રેસીડેન્ટ જનરલ સેક્રેટરી તરીકે ઘણાં વર્ષો થયાં કાર્ય કરીને જેમણે સારી સેવા બજાવી છે તથા જે મુંબઇની કોન્ફરન્સના સ્વાગતકારિણી સભાના પ્રમુખ હતા તે શેઠ કલ્યાણચંદ સોભાગચંદ ઝવેરીના મરણથી આ કોન્ફરન્સ શોક અને તેમના કુટુંબ પ્રત્યે સહાનુભૂતિ પ્રદર્શિત કરે છે. પ્રમુખ તરફથી

## ઠરાવ ૪ થો.

### જૈન કોમને કાઉન્સીલમાં હક આપવાનો ઠરાવ.

હાલમાં "રિફોર્મ બિલ" પસાર થનાર છે અને તેમાં કોમવાર પ્રતિનિધિ ઇમ્પીરીયલ અને પ્રોવિન્શીયલ લેજિસ્લેટીવ કાઉન્સીલમાં નિમવાની બાબત તે તે સરકારને સોંપવામાં આવી છે; તો આ કોન્ફરન્સ શ્રી ભારત સરકારને પ્રાર્થના કરે છે કે "જૈન કોમની વિશાળ સંખ્યાને ધ્યાનમાં લઇ સમસ્ત દેશના પ્રાય: પ્રત્યેક સ્થળોમાં પોતાના પવિત્ર તીર્થોની રક્ષા, સમાજહિત આદિ કાર્યોને માટે તે તે કાઉન્સીલમાં જૈન શ્વેતામ્બર કોમનો ઓછામાં ઓછો એક પ્રતિનિધિ મોકલવાનો હક આપવો." આ ઠરાવની એક એક નકલ જુદી જુદી ગવર્નમેંટ પર મોકલવાની પ્રમુખ સાહેબને સત્તા આપવામાં આવી હતી. પ્રમુખ તરફથી.

## ઠરાવ ૫ મો.

### જૈન એજ્યુકેશન બોર્ડ

જૈન એજ્યુકેશન બોર્ડે કરેલ કાર્ય માટે આ કોન્ફરન્સ સંતોષ જાહેર કરે છે અને ઇચ્છે છે કે તેને સોંપેલાં કાર્યો જેમ બને તેમ તરત પાર પાડે અને જૈનસમાજમાં દરેક જાતના શિક્ષણનો વધુ અને સંગીન પ્રચાર કરવા માટે સર્વ જાતના પ્રયાસો કરે. આ કાર્ય માટે બોર્ડને દ્રવ્ય અને સાધનો પૂરાં પાડવા માટે સમગ્ર જૈન સંઘના દરેક શ્રીમંત, વિદ્વાન અને ઉત્સાહી બંધુ-બ્હેનોને વિનંતી કરવામાં આવે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે; તેમજ દરેકને વાર્ષિક માત્ર પાંચ રૂપિયાનું લવાજમ આપી સભાસદ થવા યા એકી સાથે સો રૂપીઆ આપી જીવનપર્યંતના કાયમના સભાસદ થવાની ભલામણ કરવામાં આવે છે.

દરખારત મુકનાર—રા. મોહનલાલ દલીચંદ દેશાઇ.

ટેકો આપનાર—રા. ગોપીચંદ ઘોડીલાલ.

અનુમોદન ,, —ગાંધી અમરચંદ ઘેલાભાઇ.

## ઠરાવ ૬ ઠો.

### વિદ્યાલયો–ગુરૂકુળો વિગેરે સ્થાપવા બાબત.

વિદ્યાલયો, ગુરૂકુળો, બોર્ડીંગો વિગેરે સંસ્થાઓ નિકળવાથી કેળવણીના વિચારને પુષ્ટિ મળી છે, તેથી તે તે સંસ્થાના ઉત્પાદકોનો આભાર માનવામાં આવે છે, અને સમસ્ત ભારતમાં જૈન વસ્તીવાળા પ્રદેશોમાં અને ખાસ કરી રાજપુતાના કે જ્યાં કેળવણીનો અતિશય અભાવ છે ત્યાં તેવી સંસ્થાઓ ખોલવા–ખોલાવવાની અગત્ય આ કોન્ફરન્સ સ્વીકારે છે.

દરખાસ્ત મુકનાર—રા. મોતીચંદ ગી. કાપડીયા.

ટેકો આપનાર—રા. ચંદનમલજી ભાબુ.

અનુમોદન ,, —રા. મહાસુખભાઇ ચુનીલાલ.

,, ,, —રા. ફુલચંદ હરિચંદ.

,, ,, —રા. સુગમચંદજી ઝવેરી. બી. એ.

## ઠરાવ ૭ મો.

### જૈન સાહિત્ય પ્રચાર.

(૧) છેલ્લાં કેટલાંક વર્ષોથી જૈન સાહિત્ય અને હમણાં આગમો પ્રગટ થવાથી જૈન ધર્મનું ગૌરવ વિશેષ પ્રકાશમાં આવ્યું છે, તેથી તે તે પ્રકાશકોને ધન્યવાદ આપવામાં આવે છે, અને આ કોન્ફરન્સ ઇચ્છે છે કે તેઓ વધુ વધુ સાહિત્ય પ્રગટ કરતા રહે, અને વિશેષમાં એ અભિપ્રાય જણાવે છે કે મૂળ જીર્ણ અને અલભ્ય ગ્રંથોના પ્રકાશન સાથે તેનાં ભાષાંતરો દેશી ભાષામાં અને ખાસ કરીને હિન્દી ભાષા કે જેમાં બહુજ અલ્પ ભાગે સાહિત્ય પ્રકટ થયું છે, તેમાં બહાર પાડવાની વિશેષ આવશ્યકતા છે.

(૨) પ્રાકૃત–માગધી ભાષાના પુનરૂદ્ધારની અતિ આવશ્યકતા આ કોન્ફરન્સ સ્વીકારે છે.

(૩) જૈન સાહિત્ય અને પ્રાકૃત સાહિત્ય હિન્દની દરેક યુનિવર્સિટીમાં દાખલ થાય તેવો પ્રબંધ કરવાની આ કોન્ફરન્સ ભલામણ કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૪) પ્રાકૃત વ્યાકરણ—કોશાદિ સાધનોમાંથી તેમજ જૈન સાહિત્યમાંથી નિકળતો ઇતિહાસ પૂરો પાડવાની અને તેમાં શોધખોળ કરવાની અગત્ય છે, તો તે કાર્ય કરવાનું કોઈ સંસ્થા ઉપાડી લેશે અને જૈનશાસન પ્રભાવના સારી રીતે કરશે એવી આ કોન્ફરન્સ ઇચ્છા રાખે છે.

(૫) જેસલમીર, પાટણ, મેડતા, ખંભાત, વિગેરે જ્યાં જ્યાં પુસ્તકભંડારો છે તેમાંથી જીર્ણ અલભ્ય પુસ્તકોનું પ્રકાશન કરવું યોગ્ય ધારે છે.

દરખાસ્તઃ—પંડિત હંસરાજજી.
ટેકોઃ—પંડિત વ્રજલાલજી.
અનુમોદનઃ—રા. ભભુતમલજી સિંધી.

## ઠરાવ ૮ મો.

### શિલાલેખો.

જૈન પ્રાચીન દેવાલયો, તીર્થો, તેના શિલાલેખો વિગેરે સુવ્યવસ્થિત રીતે મરામત કરાવી જાળવી રાખવાની આ કોન્ફરન્સ ભલામણ કરે છે, અને તેનો નાશ અજ્ઞાનથી, ઇર્ષ્યાથી કે નામના મહત્વથી થયેલ છે અને થતો જાય છે તે માટે દિલગીરી જાહેર કરે છે; વળી તેને પ્રકાશમાં લાવવાનો જે જે વ્યક્તિઓએ પ્રયત્ન કરેલ છે તેને ધન્યવાદ આપે છે. ખાસ કરી રાજપુતાનામાં અસંખ્ય મંદિરો અને શિલાલેખો જે હજી વિદ્યમાન છે તેની સુવ્યવસ્થા રાખવાની તથા તેનો સંગ્રહ કરવાની આવશ્યકતા આ કોન્ફરન્સ સ્વીકારે છે. પ્રમુખ તરફથી.

## ઠરાવ ૯ મો.

### સ્ત્રી શિક્ષણ.

જૈન કન્યાઓ તથા સ્ત્રીઓમાં શિક્ષણનો પ્રચાર જેમ વધે તેમ કરવાની જરૂર છે, અને તે માટે તેમાં બાધક લાગતાં રીવાજો નામે બાળલગ્ન, કન્યાવિક્રય, અને વૃદ્ધવિવાહ સામે સખ્ત વિરોધ આ કોન્ફરન્સ જાહેર કરે છે.

દરખાસ્ત—શેઠ દેવચંદ દામજી.
અનુમોદન—રા. મુળચંદભાઇ આશારામ.
„ —રા. ગગનમલજી કુગક. બી. એ.
„ —રા. ગોપીચંદજી
„ —રા. સમર્થમલજી સીંધી.
„ —રા. પંડિત હંસરાજજી

## ઠરાવ ૧૦ મો.

### સુકૃત ભંડારને બદલે જૈન પંચાયત ફંડ.

આ કોન્ફરન્સ પ્રત્યેક આદમીને બાબતે પ્રત્યેક દશ દીઠ ઓછી વખતે રૂ. ૧ થી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂ. ૧૦૦) સુધીની હવે પછી મુકરર કરવામાં આવે તે રકમ આપી એક પંચાયત ફંડ કાયમ કરવાની ભલામણ પ્રત્યેક જૈનને કરે છે. કોઈ રૂ. ૧૦૦) થી વધારે મોટી રકમ આપવા હોંસ બતાવશે તો તે ઉપકાર સાથે સ્વીકારવામાં આવશે

મુંબાઇની હેડ ઓફીસ આ સંબંધી વિગતવાર યોજના હવે પછી બહાર પાડશે; અને તેમાં ફંડ એકઠું કરનારા સ્વયંસેવકો તેમજ તેની વ્યવસ્થા વિગેરેની ગોઠવણ રજુ કરવામાં આવશે. સુકૃત ભંડારની યોજનાને બદલે આ યોજના જૈન બંધુઓમાં ઘણી વધારે આવકારદાયક થઇ પડશે તેવો આ કોન્ફરન્સનો અભિપ્રાય છે.

દરખાસ્ત મુકનાર—રા. ગુલાબચંદજી ઢઢ્ઢા.
અનુમોદન આપનાર—રા. લક્ષ્મીચંદજી ધીઆ.
વિશેષ ,, ,, —રા. મુળચંદ આશારામ વૈરાટી.
,, ,, ,, —પંડિત હંસરાજજી.

## ઠરાવ ૧૧ મો.

### કુરિવાજો.

આ કોન્ફરન્સ મહા દુ:ખથી ખેદપૂર્વક પ્રગટ કરે છે કે—

(૧) જૈનોમાં સેંકડે ચાલીશ ટકા વિધવાઓ છે.
(૨) જૈનોમાં સેંકડે લગભગ વીશ પુરૂષોને કુંવારા રહેવું પડે છે.
(૩) આપણું આયુષ્ય સરેરાસ ૨૬ વર્ષનું ટુંકું થઇ ગયું છે.

આ સર્વ બાળવિવાહ, વૃદ્ધવિવાહ, કન્યાવિક્રય વિગેરે કુરિવાજોના ભયંકર પરિણામો છે.

આ કોન્ફરન્સ સઘળાં શહેરો તથા ગામડાંઓના પંચાયતિઓ, રાજાઓ, અગ્રેસરો અને નવયુવકોનું ધ્યાન ખેંચે છે કે અહિંસાને આપણો ધર્મ તથા ઉચ્ચ ચારિત્રને આપણું કર્તવ્ય માનતી જૈનકોમ માટે આવા કુરિવાજો રહેવા દેવા અને આવાં માઠાં પરિણામો ભોગવવાં તે અતિ ખેદ અને શરમની વાત છે; તેથી તે સર્વને આ કોન્ફરન્સ પ્રાર્થના કરે છે કે તેવા હાનિકારક કુરિવાજો તાકીદે બંધ કરવા, કે જેથી આપણી જૈનકોમ હિંસામાંથી બચે, અને વિવાહ તથા શિયળના ઉચ્ચ આદર્શથી પડતી બચી શકે.

આ કોન્ફરન્સ મુનિ મહારાજાઓ તથા ગુરૂણીજી મહારાજોને સવિનય પ્રાર્થના કરે છે કે આ કુરિવાજોને કેવળ અધ:પતન કરાવનાર સમજી તેની તરફ ઉદાસી ભાવ ધારણ કરી બેસી ન રહેતાં તેવી રીતિઓને જૈન સંઘની વૈરી, ધર્મને હાનિ પહોંચાડનાર અને હિંસાપૂર્ણ સમજી તેને દૂર કરાવવામાં તેઓ પણ પોતાનું કર્તવ્ય માનશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નીચે જણાવેલા કુરિવાજોને પણ દૂર કરવાનો આ કોન્ફરન્સ સર્વને આગ્રહ કરે છે. (૧) વરને શકિત ઉપરાંત પહેરામણી દેવી. (૨) મરણ પાછળ જમણ કરવું, (૩) લગ્ન પ્રસંગે વેશ્યાનો નાચ કરાવવો, અનીતિભર્યાં ગીતો ગાવાં કે આતશબાજી ફોડાવવી, (૪) એક સ્ત્રી હૈયાત છતાં બીજી સ્ત્રી કરવી, (૫) મૃત્યુ પાછળ રડવું કુટવું.

દરખાસ્ત મુકનાર—રા. ગોપીચંદજી ધાડીવાળ.

અનુમોદન—રા. જસવંતસિંહજી મહેતા. B. A.

,, —રા. લક્ષ્મીચંદજી ઘીઆ.

,, —રા. ભાજમલ ગોલાજી જાગાવાત.

,, —રા. હરિચંદજી ધાડીવાળ.

,, —રા. જ્ઞાનચંદ્રજી ગુજરાનવાળા.

,, —રા. મહાસુખભાઇ ચુનીલાલ.

,, —રા. ઝવેરચંદજી ચંદાજી.

## ઠરાવ ૧૨ મો.

### તારંગા હીલ સ્ટેશન બાબત.

નામદાર ગાયકવાડ સરકારની મ્હેસાણા–ખેરાળુ રેલવેનું તારંગાહીલ સ્ટેશન બંધ થવાથી જૈન યાત્રાળુઓને કષ્ટ પડવા લાગ્યું છે, માટે આ કોન્ફરન્સ નામદાર ગાયકવાડ સરકારને આ સ્ટેશન પાછું ખોલવાની વિનંતિ કરે છે; તેમજ આ લાઇન વધારીને તારંગાજી પહાડ સુધી લઇ જવાને ના૦ ગાયકવાડ સરકારની ધારાસભામાં તા. ૧૬–૧૦–૧૯ ની બેઠકમાં જે ઠરાવ થયો છે તેને આ કોન્ફરન્સ અનુમોદન આપે છે, અને તેનો તાકીદે અમલ કરવાનો આગ્રહ કરે છે.

પ્રમુખ તરફથી.

આ ઠરાવની એક નકલ ના૦ ગાયકવાડ સરકાર ઉપર મોકલી આપવા પ્રમુખને સત્તા આપવામાં આવી હતી.

## ઠરાવ ૧૩ મો.

### આગલી કોન્ફરન્સોના ઠરાવોને સંમતિ આપવા બાબત.

આગલી બધી જૈન કોન્ફરન્સોના મેળાવડાઓ વખતે જે જે ઠરાવો પસાર કરવામાં આવ્યા છે, તેને આ કોન્ફરન્સ સંપૂર્ણ રીતે ટેકો આપે છે.

પ્રમુખ તરફથી.

## ઠરાવ ૧૪ મો.

### પૂજ્ય મુનિરાજ શ્રી વલ્લભવિજયજીનો આભાર.

પરમ પૂજ્ય મુનિ શ્રી વલ્લભવિજયજી મહારાજ સાહેબ મારવાડ તથા ગોલ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાડ પ્રાંતના ઉદ્ધારને માટે શિક્ષણ સંબંધી મહાન પ્રયાસ કરી રહ્યા છે. એ અને તેવાજ બીજા તેમના પ્રયાસો કોન્ફરન્સના ઉદ્દેશને અનુરૂપ પ્રયાસજ છે, તેથી તે પ્રતિ આ કોન્ફરન્સ પોતાની સંપૂર્ણ સહાનુભૂતિ બતાવે છે, અને તે માટે મહારાજશ્રીનો અંતઃકરણપૂર્વક આભાર માને છે. વળી શિક્ષણનો પ્રચાર વધે તેવા ઉત્સાહપૂર્વક પ્રયાસો કરવાને સર્વ મુનિ મહારાજાને આ કોન્ફરન્સ પ્રાર્થના કરે છે.

પ્રમુખ તરફથી.

## ઠરાવ ૧૫ મો.

### ધાર્મિક શિક્ષા.

નવીન યુવકગણમાં ધર્મ સન્મુખતા સદોદિત રહે એવી જાતનું સાહિત્ય તૈયાર કરાવવા, તે માટે ભાષણો અપાવવા તથા બીજી જે કોઇ રીતે ધાર્મિક શિક્ષણનો અધિક પ્રચાર થાય તેવી રીતના પ્રયત્નો વધારવાની આ કોન્ફરન્સ આવશ્યકતા સ્વીકારે છે.

દરખાસ્ત કરનાર—રા. વલ્લભદાસ ત્રિ. ગાંધી.

અનુમોદન—રા. પં-વ્રજલાલજી.

,, શેઠ સમર્થમલજી.

,, અજરાજજી ભંડારી.

## ઠરાવ ૧૬ મો.

### સ્વદેશી વસ્તુનો પ્રચાર.

આ કોન્ફરન્સ માને છે કે આપણી કોમ મુખ્યત્વે કરીને વ્યાપારી હોઇને દેશી હુન્નર ઉદ્યોગ તથા વ્યાપારના પ્રચાર અર્થે દેશના પ્રાચિન ઉદ્યોગોને ઉત્તેજન કરવાની દરેક જૈનોની ફરજ છે; અને તેવા ઉદ્યોગો હસ્તગત કરવામાં તથા સ્વદેશી વસ્તુ વાપરવાનો નિશ્ચય કરવામાં સમાજની ઉન્નતિ છે. તે માટે દેશના પ્રાચિન ઉદ્યોગોને ઉત્તેજીત કરવા તથા ખાસ કરીને આપણા દેશમાં ઉત્પન્ન થતી ચીજો વાપરવાનો દ્રઢ નિશ્ચય કરવા આ કોન્ફરન્સ સર્વ જૈનબંધુઓને ખાસ આગ્રહ કરે છે.

પ્રમુખ તરફથી.

## ઠરાવ ૧૭ મો.

### કોન્ફરન્સનું બંધારણ.

કોન્ફરન્સના બંધારણમાં જે કાંઇ ફેરફાર કરવાની આવશ્યકતા જણાય તે આવતી પરિષદ ભરાવાની હોય તે અગાઉ ત્રણ મહિના પહેલા મુંબઇ કોન્ફરન્સની હેડ ઓફીસને વિગતવાર મોકલવાની વિનંતી કરવામાં આવે છે. આમ થતાં તેની વિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગત હેડ ઓફીસ તરફથી એક માસ અગાઉ પ્રગટ કરવામાં આવશે, અને આવતી કોન્ફરન્સમાં તે બાબતનો નિર્ણય કરવામાં આવશે. પ્રમુખ તરફથી

## ઠરાવ ૧૮ મો.

### પ્રમુખ સાહેબનો આભાર.

દરખાસ્ત—રા. ગુલાબચંદજી ઢઢ્ઢા.
અનુમોદક—રા. મહાસુખભાઇ.

## ઠરાવ ૧૯ મો.

### સ્વાગત કમીટીનો આભાર.

દરખાસ્ત—રા. મોતીચંદ ગી. કાપડિયા.
અનુમોદન—રા. મણિલાલ ખુશાલચંદ.

## ઠરાવ ૨૦ મો.

### વોલન્ટીઅરોનો આભાર.

દરખાસ્ત—રા. મોતીલાલ મુળજીભાઇ.
અનુમોદન—રા. ભભુતમલજી સિંધી.

છેલ્લે દિવસે નવા હોદ્દેદારોની નિમણુક નીચે પ્રમાણે જાહેર કરવામાં આવી હતી.

### જનરલ સેક્રેટરી.

| | |
|---|---|
| શેઠ મોતીલાલ મુળજી. | મુંબાઇ |
| રા. રા. મકનજી જુઠાભાઇ મહેતા. બાર. એટ. લૉ. | મુંબાઇ |
| રા. રા. ગુલાબચંદજી ઢઢ્ઢા એમ. એ. | જયપુર |
| બાબુ રાજકુમારસિંગજી બદ્રીદાસજી | કલકત્તા |

### આસીસ્ટંટ જનરલ સેક્રેટરી.

| | |
|---|---|
| શેઠ કુંવરજી આણંદજી. | ભાવનગર |
| શેઠ દામોદર બાપુશાહ. | યેવલા |
| રા. રા. ગોપીચંદજી વકીલ. બી, એ. એલ, એલ, બી. | અજમેર |

આ ઉપરાંત આખી સ્ટેન્ડીંગ કમીટિના નામો મુકરર કરવામાં આવ્યા હતા, જેનાં નામો હવે પછી પ્રગટ થશે, અને દરેક મેંબરને હેડ ઓફીસ તરફથી ખબર આપવામાં આવશે. પ્રોવીન્શીયલ સેક્રેટરીનાં નામો પણ તેજ વખતે જાહેર કરવામાં આવ્યા હતા અને પોસ શુદ ૪ ને દિવસે રાત્રે સાડાબાર વાગે અત્યંત આભાર ઘ અને પ્રેમની લાગણી દર્શાવી વીરના વિજયધ્વનિ સાથે મેળાવડો વિસર્જન કર્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવતા અધિવેશનની માગણી પંજાબ ખાતે ( શહેર હવે પછી મુકરર કરવામાં આવશે) લાલા ગંગારામે કરી હતી, જે અત્યંત આનંદ સાથે સ્વીકારવામાં આવી હતી. સને ૧૯૨૨ ના માર્ચ લગભગ આવતું અધિવેશન કરવામાં આવશે અને તે દરમ્યાન મહારાજ શ્રી વલ્લભવિજયજી પંજાબ પહોંચી જશે એવો સંભવ જણાવવામાં આવ્યો હતો. મેળાવડાના આખરના ભાગમાં અને ચર્ચા દરમ્યાન ઘણો રસ પડ્યો હતો અને તેના આનંદમાં પંચમીને દિવસે સર્વ બંધુઓ રાણકપુર તીર્થે મુનિરાજ સાથે જઇ સંઘભક્તિ અને પૂજા પ્રભાવનાના કાર્યમાં પ્રવર્ત્યા હતા. આ મેળાવડાથી ખાસ કરીને ગોલવાડના પ્રદેશમાં નવું જીવન આવ્યું છે અને ત્યાંના બંધુઓને બહુજ આનંદ આવ્યો છે.

# स्फुट नोंध अने चर्चा.

બારમી શ્રી જૈન ( શ્વેતાંબર ) કોન્ફરન્સનું અધિવેશન પોષ માસમાં જોધપુર સાદડી મુકામે ભરવામાં આવેલ હતું. તે સંબંધીનો વિગતવાર રીપોર્ટ આ અંક સાથે અમારા વાંચકોની સમક્ષ અમોએ રજુ કરેલ છે, તથા તે ઉપર લખેલો એક વિસ્તૃત લેખ પણ આ અંકમાં દાખલ કરેલ છે. આવો સંપૂર્ણ રીપોર્ટ આ કોન્ફરન્સનો હજુસુધી કોઇ સ્થળે બહાર પડેલ નહિ હોવાથી અમારા ગ્રાહક બંધુઓને આ અંક વિશેષ ઉપયોગી થઇ પડશે. આ કારણથી આ અંક બે માસનો એકઠો બહાર પાડવામાં આવ્યો છે. કોન્ફરન્સના અન્ય ઠરાવો સાથે સુકૃત ભંડારને બદલે પંચાયત ફંડ માટે નવો ઠરાવ કરવામાં આવેલો છે તેની આ રીપોર્ટ ઉપરથી સર્વ બંધુઓને માલૂમ પડશે. આ પંચાયત ફંડ માટેની વિશેષ યોજના હવે પછી બહાર પડવાની છે, પણ કોમને માટે કાર્ય કરતાં બંધુઓને તે કાર્યો પાર પાડવા માટે પૈસાની ખાસ જરૂર છે. દરેક બંધુ યથાશક્તિ કોમના શ્રેયાર્થે ફાળો આપવા બંધાયેલ છે. પંચાયત ફંડમાં રૂ. ૧) થી રૂ. ૧૦૦) સુધી કોઇપણ એક વખતે આપી આ સમસ્ત કોમના ઉદ્ધારના ફંડમાં ફાળો આપી શકે છે. આ ફંડની યોજના બહાર પડ્યા પછી સર્વ બંધુઓ આ યોજના સત્વર ઉપાડી લેશે તેવી આશા રાખવામાં આવે છે.

* * * * *

આ અંકની સાથે અમારૂં ૩૫ મું વર્ષ સંપૂર્ણ થાય છે. આ વરસમાં નવીન નવીન પ્રતિના લેખો આપીને યથાશક્તિ અમારા ગ્રાહકબંધુઓની સેવા કરવાનો અમે પ્રયત્ન કર્યો છે. આ બાબતમાં સવિશેષ લખાણ કરવું તે યોગ્ય નથી. ગ્રાહકોજ સ્વતઃ તે બાબત સમજી શકે તેમ છે. આ અને આવતા વરસની ભેટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે બે બુકો પસંદ કરવામાં આવી છે. (૧) તત્વામૃત ગ્રંથનું ભાષાંતર તથા (૨) નવકાર માહાત્મ્ય અને કુર્માપુત્ર ચરિત્ર. આ બંને ગ્રંથો અતિશય ઉપયોગી છે. નામ પ્રમાણે ગુણો ધરાવનારા, આત્મ હિતેચ્છુ દરેક બંધુને ખાસ મનનપૂર્વક વાંચવા લાયક છે. વૈશાક માસનો અંક બહાર પડ્યા પછી ગ્રાહક બંધુઓને તે મોકલવામાં આવશે. જેઓનું લવાજમ નહિ આવ્યું હોય તેમના ઉપર વી. પી. થી મોકલવામાં આવશે. વી. પી. કરવામાં અનેક જાતની મુશ્કેલીઓ હોવાથી જે બંધુઓ મનીઓર્ડરદ્વારા તેમનું બે વરસનું લવાજમ મોકલશે તેમનો અમારી મહેનત બચાવવા માટે ખાસ આભાર માનવામાં આવશે. આવી કાગળ, છાપખાના, મજુરી સર્વેની મોંઘવારીમાં પણ અમે તો પ્રથમ પ્રમાણેજ ભેટો આપ્યા કરીએ છીએ, અને ખાસ ઉત્તમ અને ઉપકારક ગ્રંથની પસંદગી કરીએ છીએ તેમજ લવાજમ પણ તેજ રાખ્યું છે તે વાત ઉપર અમારા ગ્રાહક બંધુઓએ ખાસ ધ્યાન ખેંચવા જેવું છે.

* * * * *

કાગળ વિગેરેની જેવી ને તેવીજ મોંઘવારીને લીધે અને આ માસિકનું લવાજમ વધારવાની ઇચ્છા બીલકુલ નહિ હોવાથી આ વરસમાં પણ આ માસિકને સચિત્ર કરીને તેના કદમાં અને રૂપમાં જે ફેરફાર કરવાની અમારી ઇચ્છા હતી તે મુલતવી રાખવી પડી છે. મોંઘવારી ઓછી થતાં અમારી તે ઇચ્છાઓ જલદી અમલમાં મુકાય, અને ગ્રાહકવર્ગ તથા જૈનકોમની વધારે સેવા થઇ શકે તેમ કરવાની અમારી અને આ માસિકની ઉત્પાદક સભાના સર્વ મેંબરોની ખાસ ઇચ્છા વર્તે છે. અમારી આ ઇચ્છાને વિશેષ પુષ્ટિ મળે તે માટે અમારા ગ્રાહક બંધુઓએ પણ થોડો પ્રયત્ન કરવાની જરૂર છે. આ માસિકની ઉપયોગિતા, તેની જૈન સમાજમાં લોકપ્રિયતા, વિગેરે બાબતો સુવિહિત છે. અમારા ગ્રાહક બંધુઓ મહેનત કરી એકેક ગ્રાહક વધારી આપશે તો અમારી ઇચ્છાઓ જેમ બને તેમ તાકીદે અમલમાં મુકવા અમો પ્રયત્નવાન થઈ શકીશું. ગ્રાહકબંધુઓને આ અમારી સૂચના ઉપર ખાસ લક્ષ આપવા વિનંતિ છે. ગ્રાહકની સંખ્યા વિશેષ વૃદ્ધિ પામતાં જ આ માસિક સત્વર સુંદર આકર્ષણીય રૂપ ધારણ કરી શકશે, અને કોમની સેવાથી થતા મહાન લાભના મિષ્ટ ફળો ચાખવામાં અમારા ગ્રાહકબંધુઓ પણ ભાગ્યશાળી થઇ શકશે.

* * * * *

માહ માસના પર્વોમાં માહ વદિ ૧૩ ( ગુજરાતી-પોસ વદિ ૧૩ ) નો દિવસ ખાસ આદરણીય અને ધ્યાન ખેંચવા લાયક છે. આ તેરસને **મેરૂતેરસના** નામથી ઓળખવામાં આવે છે. આ દિવસ તે આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાનનો મોક્ષકલ્યાણકનો છે. આ અવસર્પિણીના ત્રીજા આરાને છેડે સર્વ સાંસારિક પ્રવૃત્તિઓને યોગ્ય રીતે ગતિમાન્ કરનાર, સર્વ કળાઓ શીખવનાર, પહેલા તીર્થંકર શ્રી આદીશ્વર ભગવાનના મોક્ષકલ્યાણકને આરાધવાથી આ ભવમાં આવેલા આધિ, વ્યાધિ અને ઉપાધિઓનો નાશ થાય છે, મનોવાંછિત ફળની પ્રાપ્તિ થાય છે, અને પરભવમાં સ્વર્ગનાં અને યાવત્ મોક્ષનાં ફળ પ્રાપ્ત થાય છે. પ્રત્યેક માસની વદિ ત્રયોદશીએ તેર માસ અગર તેર વરસ પર્યંત આ પર્વ આરાધવાનું છે, અને પ્રત્યેક માસે ન બની શકે તો છેવટે યાવજ્જિવીત પોસ વદિ ૧૩ આરાધવાથી સર્વ પ્રકારના લાભો મળી શકે છે. તે દિવસે ચૌવિહાર ઉપવાસ અને બની શકે તો આઠ પહોરનો પોસહ કરવાનો છે, અને બીજે દિવસે પાંચ રત્નના, મણિના અને તેમ ન બને તો પાંચ ઘીના મેરૂ કરાવી દેરાસરે પધરાવવાના છે. સવાર, સાંજ પ્રતિક્રમણ, જિનપૂજા, ગુરૂદર્શન, પડિલેહણ, દેવવંદન વિગેરે સુકાર્યો શુભ ભાવપૂર્વક કરવાના છે અને **'ॐ नमो ऋषभदेव पारंगताय'** તે પદની ૨૦ નોકારવાળી ગણી શ્રી આદીશ્વર ભગવાનનું સ્મરણ કરવાનું છે. આ પર્વની આરાધના કરવાથી ઋષભદેવજીના જ વંશમાં થયેલ પિંગળ રાજપુત્રનો આ ભવમાં વ્યાધિ નાશ પામ્યો છે. તે જન્મ્યો ત્યારથી ગતભવમાં વ્રતભંગ કરવાથી પાંગળો થયેલ હતો, તે આ પર્વ આરાધતાં ફરીથી પોતાના પગો પામ્યો, રાજકન્યા પરણ્યો અને આ ભવમાં સુખી થઈ સારી રીતે તે પર્વને આરાધી ઉત્તમ શાશ્વત્ સુખ પામ્યો છે. જે ભવી જીવ પિંગળ રાજાની જેમ આ પર્વની આરાધના કરશે તે તેની જેમજ આ ભવ-પરભવનાં ઉત્તમ સુખો મેળવવા અવશ્ય ભાગ્યશાળી થશે. પ્રતિમાસે આવતાં પર્વોની આરાધના કરવાથી શરીર સુખાકારી, ધર્મારાધન અને ઉત્તમ ફળની પ્રાપ્તિ થતી હોવાથી આવાં પ્રતિમાસે આવતાં પર્વો ઉપર ખાસ લક્ષ ખેંચવા જેવું છે.

* * * * *

માહ માસમાં આ ઉપરાંત વસંત-પંચમીનો દિવસ પણ આવે છે. આ વસંત-પંચમીનો દિવસ મારવાડમાં તો બહુ ઉત્તમ દિવસ તરીકે ગણાય છે. હોળીના ( વસંતઋતુના ) નજીક આવતા પર્વોની આ દિવસથી શરૂઆત થાય છે. મારવાડમાં ઘણે ખરે સ્થળે દેરાસરોમાં તે દિવસે ધ્વજારોપણ કરવામાં આવે છે, અને અનેક સ્ત્રી પુરૂષો દેરાસરો પાસે વાજતે ગાજતે આવી નૃત્યાદિપૂર્વક મુજરો કરે છે, ભક્તિભાવ દર્શાવે છે અને પૂજા-અર્ચા કરે છે. શિયાળાની ઋતુની પૂર્ણાહુતિ થવાનો સમય સૂચવનારો આ દિવસ છે. પંચમી પર્વની જેમ આ પર્વનો દિવસ ઉપવાસાદિક તપસ્યાથી આરાધતાં આ ભવ-પરભવમાં સુખસંપત્તિ અને ઇચ્છિત સુખ આપનાર અને મોક્ષમાર્ગે દોરનાર થાય છે.

* * * * *

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફાલ્ગુન માસમાં પર્વના દિવસો ઘણા છે. ફાગણ શુદિ ૭ થી શુદિ ૧૫ સુધી ચોમાસી અઠ્ઠાઇના દિવસો છે. આ અઠ્ઠાઇ અનંત વર્ષોથી ચાલી આવતી શાશ્વતી હોવાથી ખાસ યથાશક્તિ આરાધવા લાયક છે. વળી ફાગણ શુદિ ૮ ને દિવસે આદીશ્વર ભગવાન પુર્વ નવાણુવાર શત્રુંજયે પધારેલા છે, તથા દેશના આપી અનેક ભવ્ય જીવોને તાર્યા છે. ફાગણ શુદિ ૧૦ ને દિવસે નમિ-વિનમિ વિદ્યાધરો બે કરોડ મુનિ સાથે શ્રી શત્રુંજય ઉપર સિદ્ધિપદ પામ્યા છે, જેમની મુર્ત્તિ રાયણપગલાની બાજુની દેરીમાં છે. ફાગણ શુદિ ૧૩ શ્રી શત્રુંજય ઉપરજ ભાડવા ડુંગરે શાંબ પ્રદ્યુમ્ન બંને સાડીત્રણ કરોડ મુનિ સાથે સિદ્ધિપદ પામ્યા છે. આ દિવસ છ ગાઉની યાત્રાનો છે. હજારો યાત્રાળુઓ આ દિવસનો લાભ લેવા અને છ ગાઉની પ્રદક્ષિણા કરવા પાલીતાણે આવે છે. ફાગણ શુદિ ૧૪ ચોમાસી ચૌદશ છે, અને ચાતુર્માસના ખામણાનો તથા ચાર માસમાં થયેલી વિરાધનાની આલોયણનો દિવસ છે. ફાગણ શુદિ ૧૫ હોળીનો દિવસ છે. હોળીકા તથા કામપાળ અને ઢુંઢા તાપસીના નામથી પ્રવર્તેલ આ પર્વ મિથ્યાત્વવાસિત થઇ જવાથી લોકો તેમાં મિથ્યાત્વ બહુ સેવે છે અને હલકા શબ્દો બોલવાથી, રંગાદિક ઉડાડવાથી, ધુળ ઉડાડવાથી તથા હોળીના ખાડાની ધાણી, નાળીયેર, તથા પાણીથી પૂજા કરવાથી બહુ બહુ પ્રકારે મિથ્યાત્વનું આસેવન કરે છે. આવા મિથ્યાત્વના આસેવનથી તો મહાપાપના ખાડામાં ઉતરી જવાય છે. આ હોળી તે દ્રવ્યહોળી સળગાવવા માટે નથી, પણ ભાવહોળી કરવાની છે. તે માટે શાસ્ત્રકારે કહ્યું છે કે:—"ધર્મી મનુષ્યોએ તો આ પર્વમાં ભાવહોળી કરવાની છે. તેમાં તપરૂપ અગ્નિવડે કર્મનાં દળિયાં રૂપ ઇંધનોને બાળી નાખવાં તથા ધર્મધ્યાનરૂપ પાણીથી ખેલ કરવો, શુભ ભાવનારૂપ જળે કરીને ક્રીડા કરવી, નવતત્વરૂપ ગુલાલ ઉડાડવો, પાંચ સમિતિરૂપ પીચકારી હાથમાં લઇને ઉપશમ જળરૂપ છંટકાવ કરવો, એ પ્રમાણે ઉત્તમ પુરૂષે ભાવહોળી કરવી તથા ખેલવી, પણ ભવ્ય જીવે દ્રવ્યહોળીની તો સામું પણ જોવું નહિ, હોળી ખેલવી નહિ. એ પાપપર્વ મિથ્યાત્વની વૃદ્ધિ કરનારૂં છે, સંસારવૃદ્ધિનું દાતા છે." હોળીની ક્રિડામાં ખેલવું, ધુળાદિ ઉડાડવી તે બાળખેલ જૈન બંધુઓને કોઇ પણ રીતે ઉચિત નથી. ફાગણ માસમાં આવતા પૂર્વોક્ત પર્વો યથાશક્તિ આરાધવાથી કર્મની નિર્જરા થાય છે, પુન્યની વૃદ્ધિ થાય છે, અને આ ભવ-પરભવ બંનેમાં સુખ, શાંતિ, સમાધિ અને આનંદ પ્રાપ્ત થાય છે.

* * * * *

મુંબઇ શહેરમાં હાલમાં એક લાયક પુરૂષને લાયક માન મળ્યું છે તે નિવેદન કરતાં અમને બહુ આનંદ થાય છે. ગરીબ સ્થિતિમાંથી શ્રીમંત થઇ ગરીબની ખરી દાઝ જાણનાર, ગરીબની ખરી જરૂરીઆતોને ઓળખનાર બંધુ શા. હીરચંદ કે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સરો જોવા આવેલ તે બાબતમાં એક વિચિત્ર બનાવ બન્યો છે. આબુના દેરાસરોની ભવ્યતા, વિશાળતા તથા કારીગરી એવી છે કે અનેક જોવા આવનારાઓ ત્યાં જોવા આવે છે, આવે વખતે ત્યાંની કમીટી અને મુનીમ બહુ મક્કમપણે કાર્ય કરે તોજ થઇ શકે, અને આપણા ધાર્મિક નિયમો સચવાય. આબુજીનાં દેરાસરોમાં પ્રવેશ કરતાં જેવી રીતે દરેક ગૃહસ્થને જોડા ઉતારવા પડે છે, તેવીજ રીતે તે જોવા આવનાર યુરોપીયનને પણ પાસ લઇને આવવું પડે છે. ઉકત સાહેબ બપોરે બે વાગે દેરાસર જોવા આવ્યા, પણ પાસ લાવેલ નહીં, તેથી જમાદારે આપેલ ખબરથી ત્યાંના મુનીમે તેમને દેરાસરમાં પ્રવેશ કરવા દેવાની ના પાડી. આ બાબતમાં દેલવાડાના મુનીમ બરોબર વ્યાજબી રીતેજ વર્ત્યા હતા, છતાં સાહેબ ચીડાયા, સ્ટેઇટ વકીલને ફરિયાદ કરી અને તે અમલદારને રાજી રાખવા મુનીમના રૂ. ૨૫) અને જમાદારના રૂ. ૫) દંડ કર્યો. આ કરેલ દંડ તદ્દન ગેરવ્યાજબી છે. આવી રીતે ફરજ બજાવતાં કાયદાનુસાર વર્તતાં ઉલટો દંડ દેવાનો પ્રસંગ આવે તે બેશક ખેદ ઉપજાવનાર અને નીચું જોવડાવનાર છે. આ બાબતમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, શ્રી જૈન કોન્ફરન્સ ઓફીસ તથા શીરોહીની દેલવાડાની કમીટીએ વિગતવાર તપાસમાં ઉતરી વ્યાજબી દાદ મેળવવાની જરૂર છે. એમ થવાથી ફરીથી આવા સ્ટેઇટ વકીલો નકામા હેરાન કરતાં અટકશે. આ દંડ તે ન્યાયપુરઃસર વર્તનાર મુનીમનો નહિ, પણ તે ખાતાની કમીટીનો અને તદ્દદ્વારા જૈનકોમનોજ થયેલો ગણાય, તેથી તે કમીટીએ વ્યાજબી પગલાં લઇ ઉપરનાં અમલદારો પાસેથી મેળવી આવી જોહુકમીથી વર્તતાં સ્ટેઇટ વકીલનોજ દંડ કરાવવાની જ...

* * * *

ઘણા માણસો પ્રશ્ન પૂછે છે કેઃ—" આવા પ્રવૃત્તિમય જમાનામાં સંઘ કાઢી યાત્રા કરવા જવી તે શું ઇચ્છવા લાયક છે ? " અમે તો અમારા મતનો સ્પષ્ટ ઉત્તર આપશું કે ભલે જમાનો પ્રવૃત્તિમય દેખાતો હોય, પણ સંઘ કાઢી યાત્રા કરાવવાની પદ્ધતિ પસંદ કરવા લાયક-અનુકરણીય છે. આવી રીતે સંઘ નીકળવાથી આ પ્રવૃત્તિમય જીવનમાં કાંઇક નિવૃત્તિ ભોગવી શકાય છે, ...ના કાળમાં થોડો વખત પણ સાંસારિક ઉપાધિઓ દૂર મુકી શકાય છે, અને રસ્તામાં આવેલાં તીર્થસ્થળોનો લાભ લેતાં લેતાં ધારેલ તીર્થસ્થળે શાંતિથી પહોંચાય છે, જે આનંદ, જે સંતોષ અને જે નિવૃત્તિ ગાડાની મુસાફરીમાં છે તે રેલ, તે નિઃસંશય હકીકત છે. વળી આવા સંઘોમાં જો ઉત્તમ મુનિમહારાજ મળેલ હોય તો તો સોનું અને સુગંધની જેમ બેવડો લાભ થાય છે. સત્‌લાભ મળે છે, મુનિ મહારાજ અને સ્વામીભાઇની ભક્તિનો લાભ લઇ શકાય છે અને શાંતિથી યાત્રા થઇ શકે છે. વળી કોઇ સાધારણ સ્થિતિના માણસો પણ ...નો લાભ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જાહેર ખબર.

સર્વે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોને ખબર આપવામાં આવે છે કે શ્રી રાજનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ધાર્મિક ઇનામી પરીક્ષાની સંસ્થા તરફથી છકર્મ ગ્રંથ, કમ્મપયડી, ને પંચ સંગ્રહની પરીક્ષા સૂક્ષ્મવિચાર અને સમજણ સાથે સંવત ૧૯૭૬ ના બીજા શ્રાવણ શુદમાં લેવામાં આવશે. આ પરીક્ષાના પ્રશ્નપત્ર ઉપાધ્યાય શ્રી ઉદયવિજયજી મહારાજ ક્હાડશે, અને તેઓ શ્રી તપાસશે. આ પરીક્ષામાં પહેલે નંબરે પાસ થનારને શ્રી તત્ત્વ વિવેચક સભા તરફથી રૂ૨૦૧) બસો ને એકનું ઇનામ આપવામાં આવશે, માટે જેમને આ પરીક્ષામાં બેસવાની ઇચ્છા હોય તેમણે આ સંસ્થાના સેક્રેટરીને નીચેના સરનામે સંવત ૧૯૭૬ અશાડ શુદિ ૧૫ સુધીમાં પોતાનું નામ, ગામ, ઠેકાણું, ઉમ્મર, અને ધંધો લખી મોકલવા.

અમદાવાદ. ડોશીવાડો.

ઝવેરી ભોગીલાલ તારાચંદ.
સેક્રેટરી.
શ્રી. રા. જૈ. શ્વે. મુ. ધા. ઇ. પરીક્ષાની સંસ્થા.

—❀—

## ગુજરાતી ભાષાના વાંચનારાઓને ખાસ ઉપયોગી ભાષાંતરો વિગેરે.

૧–૪ શ્રી ત્રિપષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર.

| | | | |
|---|---|---|---|
| ૧ પર્વ–૧લું–બીજું. | ૨–૪–૦ | ૨ પર્વ–૩–૪–૫–૬ | ૨–૪–૦ |
| ૩ પર્વ–૭–૮–૯ | ૩–૦–૦ | ૪ પર્વ–૧૦ મું. | ૧–૮–૦ |

૫–૯ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ ભાષાંતર

| | |
|---|---|
| ૫ ભાગ–૧લો ( સ્થંભ ૧ થી ૪ ) | ૧–૮–૦ |
| ૬ ભાગ–૨જો ( સ્થંભ ૫ થી ૯ ) | ૧–૮–૦ |
| ૭ ભાગ–૩જો ( સ્થંભ ૧૦થી ૧૪ ) | ૧–૮–૦ |
| ૮ ભાગ–૪થો ( સ્થંભ ૧૫થી ૧૯ ) | ૨–૦–૦ |
| ૯ ભાગ–૫મો ( સ્થંભ ૨૦થી ૨૪ ) | ૨–૦–૦ |
| ૧૦ ચરિતાવળી ભાગ ૧ લો. કથાઓનો સંગ્રહ. | ૧–૦–૦ |
| ૧૧ ચરિતાવળી ભાગ ૨ જો. ” | ૧–૦–૦ |
| ૧૨ ચરિતાવળી ભાગ ૩ જો. ” | ૧–૦–૦ |

આ ત્રણે ભાગના જુદા જુદા વિભાગો છુટક પણ મળી શકશે.

| | |
|---|---|
| ૧૩ શ્રી શેત્રુંજય મહાત્મ્ય ભાષાંતર. | ૨–૮–૦ |
| ૧૪ શ્રી ગૌતમ કુળક બાળાવબોધ. ( અનેક કથાઓ. ) | ૨–૮–૦ |
| ૧૫ ઉપમિતિ ભવ પ્રપંચ પીઠબંધનું ભાષાંતર. | ૦-૧૨-૦ |
| ૧૬ શ્રી અધ્યાત્મ કલ્પદ્રુમ–વિવેચન સાથે. | ૧–૮–૦ |
| ૧૭ શ્રી આનંદઘન પદ રત્નાવળી ( ૫૦ પદો–વિવેચન સાથે ) | ૨–૦–૦ |
| ૧૮ જૈન દ્રષ્ટિએ યોગ. | ૦-૧૨-૦ |
| ૧૯ શ્રી વિજયચંદ્ર કેવળી ચરિત્ર ભાષાંતર. | ૦–૬–૦ |
| ૨૦ શ્રી પ્રબોધ ચિંતામણિ ભાષાંતર | ૦–૬–૦ |

For Private And Personal Use Only